કુમાર

અંક ૪૭

કારતક ૧૯૮૪





તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

આવતે મહીને

આવનારી વિવિધ રસભરી આકર્ષક વાનગીઓની યાદી તથા આવતો અંક વી. પી. થવા વિષેની ચેતવણી આ અંકના પાના ૪૪૭-૪૪૮ ઉપર વાંચો.

અમર ઈતિહાસે

: ખંડ શિખરિણી :

ભમો ઝંઝાવાતો
અમો વજ્રાઘાતો: હૃદય પળના દુર્બળ કરો;
તમારા માર્ગોમાં અધિક બળિયું પૌરુષ ભરોઃ
નખશિખ નિરાશા પરહરો.

યુવાનો સત્કર્મે
પ્રજાના આદર્શે પ્રગતિમય ઉદ્ધાર સજશે;
પ્રયાણોના પંથે વિશદ પુનરુત્થાન ભજશેઃ
શિવસ્વરૂપ સૃષ્ટિ સરજશે.

ઉગેલાં સ્વપ્નોનું
અધુરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો;
નવા સંસ્કારોનું મધુર ગરવું ઓજસ વહોઃ
પરમ પ્રભુ–આદેશ ઉચરો.

મહા હેતુ માટે
મહાસિદ્ધિ સાટે અડગ દિલથી અંત મથવું;
ગ્રહીને સંજોગો જગ સકળને શોધી વળવુંઃ
અખુટ ઉલટે લક્ષ્ય રળવું.

ઉંડા આંતર્નાદે
ઉંચા આશાવાદે યુવકજન હો ! રાષ્ટ્ર રચવું;
પુરાતા પાયાના ચણતર મહીં પત્થર થવુંઃ
અમર ઇતિહાસે ભળી જવું.

દેશળજી પરમાર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૪ અંક ૧૧ કારતક ૧૯૮

પરાજય

કોઈ પુછે કે તમને શું ગમે? વિજય કે પરાજય? તો આપણામાંના કેટલા પરાજયને પસંદ કરશે?

પરાજય એટલે પુરુષાર્થની કસોટી. તમારા પ્રાણબળનો આંક તમે કેટલા પરાજય ખમી શકો છો તેના પર છે. એક પણ પરાજય વેઠ્યા વિના મળેલો સસ્તો વિજય કોડીના મૂલનો છે.

એવો સસ્તો વિજય તો સૌ માણી શકે. કપરો તો છે પરાજય ખમવો, ને એ ખમીને પ્રાણ ને પુરુષાર્થનું મંથન કરી તેમાંથી વિજય મેળવવો.

આપણને પરાજયની ખરી કીમત જ નથી. આપણું પ્રાણબળ એટલું મોળું છે કે નાના અમથા એક પ્રયત્નમાં નિષ્ફળ જઇએ કે માથે હાથ દઈ બેસીએ છીએ: જાણે જીવન હારી બેઠા. અને લોકો પણ હારેલા કહીને આપણી દયા ખાય છે.

પરંતુ જેણે જીવનમાં પુરુષાર્થને જાણ્યો છે તેને પરાજય હતાશ કરી શકતો નથી. એ તો ઉલટો, એમાંથી નવા પ્રયત્નનો ઉત્સાહ મેળવે છે, અને જગતને આશ્ચર્યમૂઢ કરતો બેવડા ઝનુનથી પોતાના લક્ષ્ય પાછળ મથે છે. પુરુષાર્થ છે ત્યાં પરાજય છે જ નહિ.

અને જગતના જે જે માણસો ખરૂં જીવન માણી ગયા છે ને જીવી ગયા છે તે સૌનો અનુભવ છે કે જીંદગીનો આનંદ તો અમુક લક્ષ્ય પાછળ કરેલા ઝનુનભર્યાં મંથનમાં છે. આનંદ, વસ્તુની પ્રાપ્તિમાં નથી, તે પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં છે; આનંદ જીતમાં નથી, રમતમાં છે; વિજયમાં નથી, યુદ્ધમાં છે; સફળતામાં નથી, પણ નિષ્ફળ થઇને પ્રાણના વેગ ને પુરુષાર્થના જોમથી ધારેલા લક્ષ્ય પાછળ મથવામાં છે.

વિજય કીર્તિ માટે હોય; વિજય ધનનો કે સત્તાનો હોય; વિજય સાથે હિંસા, છળ ને પ્રશંસા હોય; વિજય પછી છાક, વિલાસ, પતન અને નાશ પણ સંભવે. એમાં જીવનનું સાર્થક નથી; એમાં ખરી માનવતાના ઓજસનું પ્રાકટ્ય નથી.

ખરૂં મનુષ્યત્વ ને આત્મજ્યોત તો પ્રકટે છે પરાજિત થએલા વીરના પુરુષાર્થભર્યાં પ્રયત્નોમાંથી. એ જ એને જીંદગીનું સત્ય દર્શન કરાવે છે; આત્મભાનવાળો નમ્ર ને ગંભીર બનાવે છે; તેના પ્રાણને સતેજ રાખે છે. ધીરજ ખુટે, આશા તુટે કે આસ્થા ઉઠે; છતાં પરાજય–પ્રયત્ન–પુરુષાર્થ;—ફરી પરાજય–પુનઃપ્રયત્ન–પુનઃપુરુષાર્થ: એ વિગ્રહપરંપરામાં જ ખરો આત્મવિકાસ અને જીવનસાફલ્ય રહ્યાં છે.

વિજય હમેશાં આશીર્વાદ રૂપ નથી; પરાજય કદિ શાપ રૂપ નથી.

સર્જી થતી પ્રજા તો હમેશાં પોતાના ઉદ્ધાર અર્થે પરાજય સામે લડવામાં ને સિદ્ધિનો માર્ગ સાફ કરવામાં કરવા પડતાં મથન ને આપવા પડતાં બલિદાનને મહિમાવાન માને છે. વિજયી વીર કરતાં પરાજયનો વીર જ એને અધિક પૂજ્ય છે.

દેશળજી પરમાર



'કુમાર'ના સહૃદય વાંચનારા અને મિત્રો તરફથી 'કુમાર'ના તંત્રી ઉપર જે અભિનંદનપત્રો આવ્યા છે તે બધાનો છુટક જવાબ આપવાનું અશક્ય થવાથી આ તકે એ સૌ શુભેચ્છકોનો અંતઃકરણથી આભાર માનું છું. પત્ર લખનારા ભાઇઓએ બહુ જ ખુલ્લા દિલથી અંગત સ્નેહની માફક 'કુમાર' પ્રતિ જે લાગણીઓ વર્ષાવી છે તે સમજવાની શક્તિ પ્રભુએ મને આપી છે તેથી મને અહોભાગ્ય માનું છું અને તેના પ્રતિધ્વનિ રૂપે હું કંઈક સવિશેષ કરી શકું એટલી જ વાંછના રાખું છું.

'કુમાર'ના મોડાપણા માટે અમને ઘણા ગ્રાહકોએ નર્મવચનો સંભળાવ્યાં છે; છતાં એ સાથે 'કુમાર' તરફનો તેમનો પ્રેમ તેઓએ સ્પષ્ટપણે વ્યક્ત કર્યો છે, એટલે પુરા વિશ્વાસથી અમે તેમને વધાવીએ છીએ. તેમની ફરિયાદ સામે બચાવ હોઈ શકે નહિ; નથી જ. પણ નાનકડા યંત્ર અને મુઠ્ઠીભર માણસો પર 'કુમાર'નો નિર્વાહ થાય છે તેની મર્યાદા કોઇ સમજી શકે તો તંત્રીને એકલાને કોઇ આરોપી નહિ ગણે. 'કુમાર કાર્યાલય'ની મુલાકાતે કોઈ વાચક કે ગ્રાહક આવી ચડે તેને એ બધું સમજવું સહેલ થશે.

મિજલસમાં ભાગ લેવા દરેક વાંચનારને ઘણા સમયથી હું આગ્રહપૂર્વક નોતરી રહ્યો છું, છતાં કોઇ વિરલ જ જીવનની અટપટી બાબતો ચર્ચવાની ઇંતેજારી બતાવે છે.

પરાધીન મનોદશાવાળા આપણા આ સંસારમાં વિચારોના ઉછાળા જ નથી દેખાતા; બળતરાનાં નિસાસા પણ નથી સંભળાતાં. જડ પશુની માફક આપણા પર જીવનની ફરજો લદાતી જાય છે ને જડ પશુ પેરે મૃત્યુ સુધી આપણે તે ઘસડયે જઇએ છીએ. ઘણું સારૂં છે: બધું બરોબર છે; કંઇ ઉંચાનીચા થવાની જરૂર નથી; તમારૂં સંભાળીને બેસી રહો; પારકી પંચાતની તમારે શી પડી છે; નાહક હેરાન થઈ જશો; પેટ ભરીને પડયા રહો;—એ જ મંત્રોપદેશ ડાહ્યા વડીલો, ડાહ્યા ઉપરીઓ અને ડાહ્યા કારભારીઓ આગળ ધરે છે! આવી મૃત્યુ સમી શાંતિ ભોગવતી પ્રજાની પથારીમાંથી ક્વચિત એકાદ ઠેકાણેથી જાગૃતિનો ખોંખારો સંભળાય છે: 'ચેતો! વિચારો! સંભાળો!' એટલા જ શબ્દો કામ કરનારને કેટલી હીમત અને આશા આપતા હશે?

આ વખતે પહેલી જ વાર દીવાળી અંકની મિજલસના એકાદ વિચાર પર બરોબર નિશાન રાખી એક ભાઇ ચર્ચા ઉપાડે છે, એથી આનંદ અને ઉત્સાહ મળે છે. 'માણસના જીવનની દિશા માબાપ કે શાળાના શિક્ષકોના હાથમાં નથી. . . . દરેક માણસ પોતાનું જીવનકાર્ય કંઇનિ જ! આવે છે ને પોતે જ પોતાના જીવનનો નિયંતા બને છે.' એ વાક્ય પર તે ભાઈ લખે છે: 'એમાં સંપૂર્ણ સત્ય સમાએલું છે એમ માનવા જતાં પક્ષપાત થવા સંભવે છે. . . . હરકોઈ દેશની પ્રજા કે સામાન્ય જનસમૂહની પ્રગતિનો પ્રવાહ આમતેમ વહેતો અને પ્રસંગે ઘડીભર અટકતો છતાં અવિરત ચાલ્યો જાય છે; આમ હોવા છતાં એને મદદ રૂપ બનવા દરેક પ્રજાએ યથાશક્તિ પ્રયાસ તો કરવો જ જોઇએ. એવી રીતે હરકોઇ વ્યક્તિના વિકાસાર્થે જગત સાથેના સીધા સંબંધ ઉપરાંત કોઇ અન્ય વ્યક્તિની અવશ્ય જરૂર પડે છે.

બાળક જન્મે છે ત્યારે કામ કરવાની, કુતૂહલની, અવલોકનની, અનુકરણની પ્રેરણાઓ પણ જન્મે છે. એ દ્વારા જગતની સાથે સંબંધમાં આવતાં, બાળક સહજ પોતાનું જ્ઞાન મેળવી લે છે. બાળકના માનસિક વિકાસનું બીજ આમ રોપાય છે. પણ એના સંપૂર્ણ વિકાસાર્થે અન્યની મદદ જોઇએ જ. કુતૂહલથી પ્રેરાઇ કોઇ એક વસ્તુનું તે યથાશક્તિ અવલોકન કરવા પ્રયાસ કરે છે ત્યારે એ વસ્તુનું, એના ગુણધર્મનું નામ આપવા મા—શિક્ષક સદા હાજર જ હોય છે... કોઇ પણ બાળક શરૂઆતમાં માબાપ કે શિક્ષકની મદદ વિના કોઈ પણ પ્રકારનું જ્ઞાન મેળવી શકતું નથી. . . . બાળકોમાં સ્વાભાવિક સંસ્કારો હોય છે તે હું કબુલ કરૂં છું, પરંતુ દરેક બાળકમાં સ્વાભાવિક સંસ્કારો કે પ્રેરણાઓ ઉત્તમ

જેણે નહિ જગતમાં પુરુષાર્થ સાધ્યો,
ઉચ્ચોચ્ચ જે પદ નહિ કદિ યે જ પામ્યો,
તે જન્મ વ્યર્થ ધરતો: ધુળ એથી સારી,
વંટોળિયે ચઢી ઉડે ઘડી વ્યોમ માંહી.

(ગોવર્ધનરામ)

પ્રકારની હોતી નથી; એથી હલકા પ્રકારની વૃત્તિઓનો નાશ કરવા અને ઉત્તમ પ્રકારના સંસ્કારોને પાંગરવા શિક્ષકની જરૂર છે જ. . . . દેશના ઉદ્ધાર માટે કેળવણી અગત્યની છે. કેળવણી આરંભમાં પણ અન્યની મદદની અપેક્ષા રાખે છે. . . . શિક્ષક અને શિષ્ય એ પ્રાણ અને શરીર જેવડી કીમતી વસ્તુઓ છે. એ ભિન્ન સૃષ્ટિનાં પાત્રો નથી. . . . સહવીર્યં કરવાવહૈ.'

એ ભાઇના લાંબા પત્રમાંની મુદ્દાની વાત અહીં ઉતારી છે. તેમણે એટલા ઉંચા ભાવથી પ્રેરાઇને એ પત્ર લખ્યો છે કે હું તે રજુ ન કરૂં તો બેકદર ઠરૂં.

શિક્ષક કે માબાપની સહાય નિરૂપયોગી છે એમ તો મેં પણ કહ્યું નથી. પરંતુ એ ભાઇ માને છે કે જોવા–અવલોકવાની, ગ્રહણ કરવાની, કુદરતી શક્તિ માણસને પ્રથમથી જ મળેલી હોય છે. એ જ શક્તિઓની સહાયથી માણસ દરેક પદાર્થ કે પ્રસંગમાંથી શિક્ષણ ખેંચી વિકાસ સાધે છે. તે જ પ્રમાણે ગુરુ, માબાપ અને આસપાસની જીવનસૃષ્ટિમાંથી પણ માણસ પોતાની જરૂરિયાતો પ્રમાણે ગુણધર્મ ગ્રહણ કરે છે. તે જગતના બધા અનુભવોનો વારસદાર છે. એ ક્રમમાં દોષ ત્યારે જ આવે છે, જ્યારે માણસની જરૂરિયાત કલ્પી કે ધારી લઇને તેને માફક ન આવે એવું, તેની પ્રકૃતિમાં બંધબેસતું ન થાય એવું શિક્ષણ, રિવાજ કે કાયદો તેના પર સમાજ ઠોકી બેસાડે છે. આથી માણસની ગતિ રૂંધાય છે, તે વિકાસને બદલે અવનતિ પામે છે

તેને ઠીક લાગે તો જ તે શિક્ષક પાસે જાય, અથવા જાતે મથામણ કરે. આ તેની પોતાની પસંદગીની વાત હોવી જોઇએ. શિક્ષક રૂપી સાધનની પસંદગીનો હક્ક તેની રૂચિને આધીન હોવો જોઇએ. માબાપનું વર્તન પણ તેના માનસિક અને શારીરિક ધર્મો વિરૂદ્ધ ન જ હોવું જોઇએ. સમાજ અને સમાજના ધોરણોનો બળાત્કાર શિક્ષણની હદમાં હોય જ નહિ. તો પછી સાચું શિક્ષણ એ જ કે જેથી માણસ પોતે જ પોતાનું ઘડતર કરી શકે.

શિક્ષણ કે શિક્ષણશાસ્ત્રનો ખાસ અભ્યાસ કરનારા આ વિષયમાં ઘણુંઘણું કહી શકશે. શિક્ષકની યોગ્યતા માટે શિક્ષકો વિચાર કરી લેશે. વિદ્યાર્થીઓએ પોતાનો માર્ગ પોતાની આંખે નિહાળવો જોઇએ. અનેક મહાન પુરુષોના ચરિત્રો સાક્ષી આપે છે કે આત્મનિર્ણય અને આત્મમંથન જ વિકાસને માર્ગે ચડાવે છે. મનમાન્યા ગુરુ મળી જાય અને મન તેને ઓળખી કાઢે તેમાં ગુરુનું એકલાનું મહત્વ નથી; તેવા ગુરુની શોધમાં નીકળેલા શિષ્યનાં જીજ્ઞાસા અને પ્રયાસ પણ મુદ્દાની વસ્તુઓ છે. ગુરુ જ્ઞાનનું ઝરણુ હોય પણ તૃષાતુર ન થયો હોય તેને શા કામના ? અને કોઈ એવું તો અભિમાન નહિ કરી શકે કે કાચા શિષ્યો પકાવી મહાન નરો બનાવવાનો કીમીઓ તેઓ ધરાવે છે.

વિદ્યાનો સાધક શિષ્ય તો દરેક પદાર્થ કે વ્યક્તિમાં શોધક દૃષ્ટિ નાખતો જ ફરે છે. અને તેને મનમાન્યું સ્થાન મળે છે ત્યાં તે ખરેખર 'સહવીર્યં કરવાવહૈ' બને છે.

રચના અને વિનાશ

મકાન ચણવું અઘરૂં છે, પણ પાડવું સહેલું છે. એકએક ટાંકો મારી સીવવું અઘરૂં છે, પણ ધડધડ ઉતરડી નાખવું સહેલું છે.

વર્ષો સુધી માથાકુટ કરી કાંઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવી એ મુશ્કેલીભર્યું છે, પણ તેને વગર વિચાર્યે ફેંકી દેવી એ સહેલું છે.

દુનિયામાં વિનાશ કરવો સહેલો છે; રચના કરવી જ અઘરી છે.

(શિક્ષણ પત્રિકા)



ગ્રાહકો

આવતો અંક વી. પી. થશે


એની ચેતવણી ગયા અંકમાં વિસ્તારથી આપી છે. છતાં અહીં ટુંકમાં ફરીથી:

નવા વર્ષમાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા ન ઇચ્છતા સજ્જનો, અમારી વિનંતિ અને ચેતવણી છતાં અમને તેવા ખબર વેળાસર આપતા નથી, અને પછી, નિયમ મુજબ નવા વર્ષનો પહેલો અંક તેમને વી. પી.થી મોકલાય છે ત્યારે તેઓ પાછો વાળે છે. આથી અમને પોસ્ટેજ અને અંકોના બગાડની અત્યંત ખોટમાં ઉતરવું પડે છે. વરસોવરસ થતી એવી ખોટમાંથી બચવા અમારે નિરૂપાયે હવે નીચેની પદ્ધતિનો આશ્રય લેવો પડયો છે, ને સૌને ફરીથી કાળજીપૂર્વક વાંચી જવા વિનંતી છે.

સૌનાં લવાજમ આવતા—માગશર અંક સાથે ખલાસ થશે. એટલે જેઓને આવતા વર્ષના ગ્રાહક તરીકે ન રહેવું હોય તેમણે અમને તે મતલબના ખબર માગશરની પુનમ (ડિસેમ્બરની ૮મી તારીખ) પહેલાં લખી જણાવવા કૃપા કરવી; કે જેથી તેમને એ અંક વી. પી. ન થતાં સાદી પોસ્ટથી રવાના થશે.

એ મુદત પહેલાં જેમના ખબર અમને નહિ મળ્યા હોય તેઓ આવતે વર્ષે પણ ગ્રાહક રહેવા ખુશી છે એમ સમજી, અમે આવતો—માગશરનો અંક તેમને વી. પી. થી મોકલીશું.

સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય



ઉપનિષત્કાર કહે છે : 'બલં બ્રહ્મ'
જમાનો કહે છે : 'ધનં બ્રહ્મ'

ઇશ્વરને ભુલતા આ જમાનામાં 'બલ'ની ઉપાસના કરનાર વિરલ છે. જેમનો ફોટો આ ઉપર આપ્યો છે તે ભાઇ મુળજી શામજી રાજા આવા એક ઉપાસક છે. શરીરવિકાસ એમની પૂજા છે : બ્રહ્મચર્ય અને સાદું જીવન એમનાં પત્રપુષ્પ છેઃ અને ફળમાં સુન્દર સુરેખ સ્નાયુવિકાસ, અદમનીય ઉત્સાહ અને ભરતું યૌવન એ પામ્યા છે. ૧૬ વર્ષની ઉમરે જામનગર રાજ્યની જોડિયા હાઇસ્કુલમાં એમણે સૌથી સરસ શરીરવિકાસ સાધ્યો છે.

—

આવતે મહીને

ચૈતન્ય અને સાર્વભૌમ પંડિત

કલાકાર શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયનું ત્રિરંગી મુખચિત્ર

જે. કૃષ્ણમૂર્તિ

જગતભરમાં જાણીતી થએલી એ વ્યક્તિનો સચિત્ર પરિચય

કવિરાજ

શ્રી 'ધૂમકેતુ'ની કટાક્ષ-કલમમાંથી એક બીજી વ્યંગ નાટિકા

શ્રમણ બેળગુળ

દક્ષિણહિંદના એ પ્રખ્યાત જૈન તીર્થની રસમય માહીતી : ત્યાંની ૭૦ ફુટ ઉંચી ભવ્ય મૂર્તિની સચિત્ર હકીકત સાથે.

વિજ્ઞાનક્ષેત્રના વીર

રણક્ષેત્રના વીર પુરુષોના જેટલી જ ધીટતા તથા ઝનુનથી જગતને કલ્યાણકારી શોધો પાછળ ભોગ આપનાર આધુનિક સમયના કેટલાક વિજ્ઞાનવીરોની સચિત્ર હકીકત

પૂના અને સિંહગઢ

શિવાજી મહારાજના દેશમાં સફર પુરી કરાવતો લેખ

એ ઉપરાંત

બૉન સી: જાપાની કળાનો એક પ્રકાર; **રબરના ગુણ** દર્શાવતો ઉપયોગી લેખ: **ચંડુલ પક્ષી**નો અતિ રસમય પરિચય; **જીવનપરાગ** શ્રી નવલરામે સંઘરેલા લાક્ષણિક ફકરા; **આફ્રિકાના પત્રોમાં** નાઈરોબીનું નાનાભાઇએ આલેખેલું સુંદર ચિત્ર; **સ્વિટ્ઝર્લાંડના** વેમાર્ક્યુ ગામમાં મળેલા આંતરરાષ્ટ્રીય **બંધુત્વ પ્રચારક સંમેલનનો** ભાઈ લવજી થોરિયાએ લખી મોકલેલો આકર્ષક વૃત્તાંત; **અણીની પળ** વાળી ગેલી હરીફાઇનું પરિણામ; **ચીતરવાનું સહેલ છે** એ દર્શાવતો એક આગળ નવો પાઠ; **ભોગાવાને તીરેથી** કૅમેરાએ પકડેલું એક અતિ સુંદર છાયાચિત્ર; બુદ્ધિની ચકાસણી કરતી એક **નવી ઈનામી હરીફાઈ**; ઉપરાંત મિજલસ, માધુકરી, જ્ઞાનલીલા, અથાણું વગેરે ચાલુ વિભાગો.

(અનુસંધાન પાછલા પાનાથી)

આવી રીતે વી. પી. થએલો અંક જો ગ્રાહક પાછો ધકેલશે તો તેના પોસ્ટેજની નુકસાનીના અમને લાગેલા સવા બે આના અમને મોકલીને જ એ પોતાનો અંક મેળવી શકશે: નહિતર પોતાની એ ભુલ બદલ પોતાનો માગશરનો અંક એ ખોશે.

ગ્રાહક ન રહેવું હોય તો માગશરની પુનમ (૮ ડિસેમ્બર) પહેલાં અમને તેવા ખબર લખી જણાવવા.

ગ્રાહક રહેવું હોય તો મનીઑર્ડરથી આવતા વર્ષના લવાજમના રૂપિયા ૬ મોકલી આપવાઃ અથવા માગશરનો અંક પોતાને વી. પી. થાય તેમ સાથેના કાર્ડમાં લખી જણાવવું.

વી. પી. થી લવાજમ વસુલ કરાવવા કરતા મનીઑર્ડરથી મોકલી આપવામાં સરળતા વધારે જળવાય છે અને બે આનાના પૈસા ઓછા બેસે છે એ તો સૌ જાણે છે.

માટે, ફરી અમારી વિનંતિ છે કે પોતાને ગ્રાહક રહેવાની ઈચ્છા છે કે નહિ તેના સ્પષ્ટ ખબર અમને વેળાસર પહોંચાડવા. તે માટેનાં કાર્ડ આ અંક સાથે વહેંચવામાં આવ્યાં છે.

તમારો નિર્ણય તરત જ લખી જણાવો.



ઈજીપ્તનો જ્યોતિર્ધર
ઝગલુલ પાશા

ઇજીપ્તના આકાશમાં પંચાવન વર્ષ સુધી અખંડ તપી, ઇજીપ્તનો પરમ જ્યોતિર્મય એક ગ્રહ ગયા ઑગસ્ટ માસની ૨૩ મી તારીખે, એકાએક અદૃશ્ય થયો છે,—ઇજીપ્તનો જ્યોતિર્ધર ઝગલુલ પાશા અવસાન પામ્યો છે.

એ ઝગલુલ કોણ? આ સવાલનો જવાબ સવાલથી જ આપીએ તો? દેશબંધુ ચિત્તરંજન દાસ કોણ હતા? લોકમાન્ય તિલક મહારાજ કોણ હતા? લેનિન કોણ હતો? સુન યાટ સેન કોણ હતા? મોહનદાસ ગાંધી કોણ છે?

ઝગલુલ પણ એ સૌ રાષ્ટ્રવિધાતાઓનો સમોવડ ઇજીપ્તનો રાષ્ટ્રવિધાતા હતો. ઇજીપ્તમાંથી ઝગલુલ બાદ કરતાં, પાછળ જાણે શૂન્ય શૂન્ય લાગે છે. ઝગલુલ એટલે ઇજીપ્તનો પુરુષોત્તમ. ઝગલુલ એટલે ઇજીપ્તની પ્રજાકીય એકતાનું મૂર્ત સ્વરૂપ. ઝગલુલ એટલે ઇજીપ્તની રાષ્ટ્રીય ભાવનાનો અવતાર. ઝગલુલ એટલે ઇજીપ્તની સ્વાધીનતાની લડતનો પિતા.

ઝગલુલ એટલે ઇજીપ્તના સર્વોત્તમ આદર્શોનો, ઇજીપ્તની દૃઢ વિજિગિષાનો, ઇજીપ્તની રાષ્ટ્રીય અસ્મિતાનો-સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ.

એની પાછળ ઇજીપ્ત આખું મરી ફીટતું. કારણ? કારણ એ ઇજીપ્તની પાછળ મરવા તૈયાર થએલો. ઝગલુલને ઇજીપ્તવાસીઓ પૂજતા. શા માટે? ઝગલુલે ઇજીપ્તને માટે સર્વસ્વનું સમર્પણ કરી દીધેલું. એ જીવ્યો ત્યાં સુધી એણે એક જ સ્વપ્નું સેવ્યું, એક જ અભિલાષાની આરાધના કરી;–પોતાના દેશને સ્વાધીન બનાવવાનું એ સ્વપ્ન અને પોતાની પ્રજાને ઉન્નત મસ્તકે જગતની બીજી પ્રજાઓ સાથે હાથ મિલાવતી બનાવવાની એ અભિલાષા. એ સાધ્યની સિદ્ધિ માટે તેણે આખી જિંદગી મથામણ કરી. માર્ગે જેલ આવી, બબ્બે વખત દેશપારીઓ આવી, એક વાર પોતાના જ દેશબંધુને પોતાની જ ઉપર જીવલેણ હુમલો કરતો જોયો; જિંદગીમાં કદિ સુખ, આરામ કે શાન્તિ અનુભવ્યાં નહિ; સદા કાંટાની શય્યા ઉપર જ સુતો: પણ તે કશાથી એ વીર યોદ્ધો ન ડગ્યો. નરોત્તમના ગૌરવથી એ બધી કસોટીઓ પાર ઉતર્યો; અને જેમજેમ તે કસોટીઓ પસાર કરતો ગયો તેમતેમ તેનો જુસ્સો, તેનો આતશ, તેનો દેશપ્રેમ વધતા જ ગયા. જીવનની છેલ્લી ઘડી સુધી એ નરસિંહે પડકાર જ કર્યા કર્યો કે ‘અમારૂં ઇજીપ્ત અંગ્રેજોએ ખાલી કરવું જ જોઇએ. ઇજીપ્તને સંપૂર્ણ સ્વાધીનતા જોઇએ.’ આજે ઇજીપ્તનું જગતની નજરમાં જે કંઇ ઉંચું સ્થાન છે તે આ ઝગલુલનો પ્રતાપ.

આજના મનુષ્યસંઘે, બધા વ્યવહારને માટે પૃથ્વીને બે ભાગમાં વહેંચી નાખી છે: એક શ્વેત વર્ણ પ્રજાઓનો ગોળાર્ધ અને બીજો શ્યામ વર્ણ પ્રજાઓનો ગોળાર્ધ. એમાંથી ધોળી પ્રજાઓનો સંઘ તો ક્યારનો યે રચાઇ ચુક્યો છે. પણ કાળી પ્રજાઓ હજી વેરણછેરણ હાલતમાં જ જીવે છે અને ધોળી પ્રજાઓની ગુલામી બરદાસ્ત કરે છે. એ કાળી પ્રજાઓનું, એ પૂર્વની પ્રજાઓનો સંઘ સ્થાપવાનું સ્વપ્નું ઝગલુલે જીવનભર સેવેલું. એટલે ઝગલુલ જેમ જબ્બર રાષ્ટ્રવિધાયક હતો તેમ પૂર્વની પ્રજાઓના ઐક્યનો પરમ સમર્થ ઉપાસક પણ હતો.

ઝગલુલના જેવી એ સ્વપ્નદર્શિતા, એ ભાવિદર્શનની આર્ષદૃષ્ટિ બહુ જ થોડા એશિયાઈ નેતાઓને વરી છે. હિંદમાં ચિત્તરંજને એ સ્વપ્ન સેવ્યું અને હિમાલયને પેલે પાર નજર નાખી ચીનની સાથે ઐક્ય

સાધવા પોતાનો લાંબો બાહુ લંબાવ્યો. પણ ચિત્તરંજનની સાથે તેની એ સૃષ્ટિ પણ લય પામી છે. હિંદમાં જેમ ચિત્તરંજન તેમ ચીનમાં સુન યાટ સેને પણ એ સ્વપ્ન સેવેલું અને આજે તેનો અનુયાયી સંઘ એ સ્વપ્નનું યથાશક્તિ જતન કરી રહ્યો છે. પૂર્વની પ્રજાઓના ઉદ્ધારનો અને યશસ્વી જીવનનો એક જ માર્ગ છે અને તે 'The Orient' (પૂર્વ)ની તમામ વિધવિધ પ્રજાઓને એક કરી, તેમાંથી એક શ્યામવર્ણી મહાપ્રજા સર્જી, જગતની શ્વેત પ્રજાઓના સામ્રાજ્યવાદી આક્રમણો સામે મોરચા માંડવાનો. પણ આજે તો ઝગલુલ, ચિત્તરંજન ને સુન યાટ સેન જતાં એ ભાવના માત્ર ભાવના સ્વરૂપે જ જીવી રહી છે! છતાં, એવી પરમ ઉજ્જવળ ભાવનાના સેવનાર તરીકે ઝગલુલની પૂજા કરવાની આપણી ફરજ વિશેષ મોટી બને છે.

ચીનના ઇતિહાસમાં જે સ્થાન ડૉ. સુન યાટ સેનનું છે, ભારતના ઇતિહાસમાં જે સ્થાન તિલક મહારાજનું અને ચિત્તરંજન દાસનું છે તે સ્થાન ઈજીપ્તના ઇતિહાસમાં ઝગલુલ પાશાનું છે. એ ચારે નરોત્તમોનો અનુયાયી સંઘ જ એક દિવસ એશિયાઇ ઐક્યનું સ્વપ્ન સાચું કરશે અને પૂર્વની પ્રજાઓના મુલકમાં પૂર્વની પ્રજાઓના જ 'સ્વરાજ્ય'નો ગગનચુંબી ઝુંડો ફરકાવશે.

[૨]

અમેરિકાનો એક જ્ઞાનભિખ્ખુ પ્રવાસી પૂર્વની પ્રજાઓનું દિલ વાંચવા સને ૧૯૨૧માં એશિયાઈ ભૂમિ ઉપર ભટકતો હતો. એણે ચીન જોયું; એણે ડૉ. સુન યાટ સેનના અનુયાયી યુવકસંઘના દર્શન કર્યાં: એણે હિંદુસ્તાન જોયું; એણે ચિત્તરંજન અને મોહનદાસની આંગળીએ ડોલતા સ્વરાજ્યની લડત લડતા ભારતવર્ષની નવપ્રજાનાં અંતર ઉકેલ્યાં: અને પછી તે ઈજીપ્તમાં પહોંચ્યો. ઈજીપ્તના માલિક જેવા થઇ પડેલા ગૌરાંગોએ આ ભલા પ્રવાસીને પાઠ ભણાવવા માંડયા કે ઇજીપ્ત સુખી છે; માત્ર થોડા કેળવાએલા ચળવળખોરો જ, થોડા ભેજાં ચસકેલ વિદ્યાર્થીઓ જ ખોટું તોફાન મચાવી રહ્યા છે. પ્રવાસીને થયું કે પોતાના પ્યારા દેશને નામે પ્રતિદિન જેલ ભરતા મિસરી જુવાનોનો આ માતૃદેશ સુખી છે એમ કેમ માનું? એ પ્રવાસી ઇજીપ્તની સાચી હાલત સમજવા ઇજીપ્તનાં ગામડાંમાં ઘુમવા નીકળી પડયો. એક સાંજે એક ગામડામાં એક વૃદ્ધ મિસરી પટેલના ડાયરામાં પ્રવેશ મેળવ્યો અને તેમની સાથે થએલી વાતોને પોતાની ડાયરીમાં ટપકાવી લીધી. એ નોંધનો એક ફકરો નીચે મુજબ:

'પણ આ અંગ્રેજો પ્રત્યે તમને આટલો બધો રોષ શા માટે આવે છે? તેમને તમારા મુલકમાંથી હાંકી કાઢવા તમે શા માટે આટલા બધા તલસો છો?' આડીઅવળી વાતોથી કંટાળી મેં આખરે સીધો સવાલ પુછયો.

'શા માટે? ઇજીપ્ત અમારૂં છે એટલા માટે.' અત્યાર સુધી ચુપ બેઠેલા એક વૃદ્ધ મિસરીએ જવાબ દીધો. તેની આંખો ઉકળાટથી લાલ દેખાવા માંડી. તેની સફેદ દાઢી દીવાના પ્રકાશમાં ચળકવા લાગી.

'પણ તમારી ફરિયાદ શી છે?' મેં બીજો સવાલ પુછયો.

'ભાઇ, તમે ફરિયાદો પુછો છો? ફરિયાદો કઇ ગણાવીએ ને કઇ ન ગણાવીએ! ફરિયાદોનો કોઇ આરો નથી. અમારા ઉપર ગુજરતા જુલ્મોની કોઇ સીમા નથી. જીવનમાં ડગલે ને પગલે પરદેશીઓની પરાધીનતા બરદાસ્ત કરવી એ કોઇ નાની ફરિયાદ છે? મારા છોકરા માટે હજારો રૂપિયા ખર્ચી તેને ભણાવીગણાવી તૈયાર કરૂં એટલે અંગ્રેજ બહાદુર કહેશે કે એને પેલી કારકુનની ખુરસી ઉપર બેસાડી દો. અને દેશના કારભારની--બડાબડા લાટ સાહેબોની જગ્યાઓ તો અંગ્રજોના બેટા માટે! એ ગુલામી અમારે નથી જોઇતી. દિવસરાત કાળી મહેનત કરી ખેતરો ખેડીએ અને અઢળક દાણા નીપજાવીએ, છતાં અમારે તો ભુખમરો જ વેઠવો પડે અને બધી બાદશાહી અંગ્રેજો માણે. એ સ્થિતિથી અમે થાક્યા છીએ. અમે અમારૂં સંભાળી લઇ શકીએ તેમ છીએ.'

'વળી અંગ્રેજોને ગમે તેટલું જ અમારે બોલવું ને તેમને ગમે તેટલું જ અમારે ચાલવું, એ બેડીઓ હવે અમારાથી નથી સહેવાની.' એક બીજા વૃદ્ધ મિસરીએ બોલવા માંડ્યું. 'લડાઇ દરમ્યાન અમારાં ઉંટ, અમારાં ગધેડાં, અમારા દાણા અને અમારી દોલતઃ એ બધું અમે અંગ્રેજોને ચરણે ઢાલવ્યું. અને

સૌથી વિશેષ તો, અમારા જુવાન જોધમલ પુત્રોની એક મોટી ફોજ તેમની સેવામાં સોંપી. પણ તેનો બદલો શો? અમારા ગળામાં એક પછી એક નવી સાંકળો પડતી જાય છે. હવે અમે તેમને ઓળખી ગયા છીએ. તેમને હવે તો, અમારા નવ ગજના નમસ્કાર છે.'

એ ચોગાનમાં એક ખાટલા ઉપર એક કદાવર, મોટા ઝભ્ભાવાળો ને લાંબી દાઢીવાળો, તેજસ્વી આંખોવાળો એક પુરુષ ચુપ બેઠો હતો. તે અમારા સવાલજવાબ શાન્તિથી સાંભળતો હતો. કોઇ પણ માણસે તેને સાંભળવો જ જોઇએ, સૌએ તેને માન આપવું જ જોઇએ, એવી તેની પ્રતિભા હતી. તેનો આસમાની ઝભ્ભો સમેટતાં તે એકદમ બેઠો થયો અને જાણે મારી સામે આંખો ફાડી જોઈ રહ્યો. દિલને જાણે ઉલટાવી નાખતો હોય તેમ તે બોલી ઉઠયોઃ

'હા; પણ હજી તો ઘણું યે બાકી છે. અંગ્રેજોએ અમારા શિરે લાદેલા ગુલામીખતોની વાત તો તમે નહિ જાણતા હો. અંગ્રેજોને અમારા કપાસની એટલી ભુખ છે કે અમારાં ખેતરોમાં તેઓ ફરજિયાત કપાસનું જ વાવેતર કરાવે; અમારા ઔદ્યોગિક વિકાસમાં લાંબો અંતરાય નાખે. અમે એથી તોબાહ પોકારી ગયા છીએ. હવે તો તેમને ગયે જ છુટકો છે. તેમને રહેવું હોય તો એક રીતે જ રહી શકે: અમારા મિત્ર તરીકે, અમારા માલિક તરિકે નહિ. હવે તો અમારે ઇસ્તીકલાદ જોઇએ છે. આઝાદી એ જ અમારૂં ધ્યેય છે.' ખુબસુરત એ મિસરીએ મોં ઉપરનો પરસેવો લુછવા માંડયો. હું એના મુખના ભાવ ઉપરથી સમજી શકયો કે એ ઇસ્તીકલાદ–આઝાદી–એટલે સ્વાધીનતાની બાંગ પોકારે છે. હું ચુપ ન રહી શકયોઃ

'પણ આઝાદી રસ્તામાં નથી પડી એ માલુમ છે ને? તેની પુરેપુરી કીમત ભરવા તમે તૈયાર છો?'

'આ ઝિન્દગાની એને માટે છે. અમારા નવજુવાન બેટાઓનાં લોહી એને માટે છે.'

'—અને મહોરદારો અને બેટીઓનાં પણ.' એક બીજા વૃદ્ધે પડછંદ અવાજે હાકલ પાડી.

આખી મંડળી ઉભી થઇ ગઈ.


'આ અંગ્રેજો અમારે નહિ જોઇએ. અમારે ઇસ્તીકલાદ જોઇએ.' એ જ શબ્દો ઓરડામાં ગુંજી રહ્યા. આખા વાતાવરણમાં 'આઝાદી આઝાદી'ના પડઘા ગાજી રહ્યા. ઉપર આકાશના ચમકતા તારાઓ પણ 'આઝાદી' શબ્દો જ ગુંથી રહ્યા.

સર્વત્ર એ જ શબ્દો વાંચતો હું મારે ઉતારે આવ્યો. આ એક જ પ્રસંગથી હું ઇજીપ્તના દિલને, મિસરીઓની સર્વોપરી વાંચ્છનાને પામી ગયો છું. અંગ્રેજોએ ઇજીપ્ત ખાલી કરવું જ જોઇએ.'

[૨]

ઇસ્તીકલાદનો આવો અદ્‌ભુત નાદ ઇજીપ્તના ગામડે ગામડે કોણે જગાવ્યો? અમેરિકન પ્રવાસીને પોતાના અનુભવના પરિણામે પોતાની ડાયરીમાં 'અંગ્રેજોએ ઇજીપ્ત છોડી જવું જ જોઇએ.' એ પ્રકારની નોંધ નોંધવાની ફરજ પાડતી આવી નવસૃષ્ટિ કોણે સર્જી?

પોતાના વતન ઉપર આક્રમણ લાવતી ગમે તેવી બળશાળી પ્રજાની સામે પણ સિંહની ત્રાડે ત્રાડતું એ નૂતન ઇજીપ્ત સરજનાર નરવીરનું નામ સા'દ ઝગલુલ પાશા. પ્રાચીન રોમન સેનેટરોનાં સ્મરણો તાજાં કરાવતા અને રોમ નગરમાંથી પોતાની કરણીને પ્રતાપે સારી દુનિયાને ચકિત કરતા ઇટલીના આધુનિક સરમુખત્યાર મુસોલિનીએ એક વેળા કહેલું કે 'વનરાજ જેમ જાનવરના દેહ ઉપર નહોર વતી ઉઝરડા કરે તેમ, મારૂં



જિંદગીનું કાર્ય જગતના ઇતિહાસ ઉપર મારા પોતાના આંકાઓ મુકવાનું છે.' મુસોલિની જે કહી રહ્યા છે અને કરી રહ્યા છે તે કરી બતાવી—એથી ક્યાં યે વિશેષ કરી બતાવી આ ઝગલુલ આજે તેની પ્રિય કર્મભૂમિ ત્યજીને અમર ધામને પંથે પડયો છે.

જેમ એક કુશળ કુંભકાર માટીનો પીંડો લઈ તેમાંથી પોતાને મનમાનતો ઘાટ ઘડે, તેમ ઇજીપ્તના આ રાષ્ટ્રવિધાતાએ ઈજીપ્તના જનસમૂહમાંથી સશક્ત અને સ્વમાનપ્રિય મિસરી પ્રજાનો ઘાટ ઘડી, સકળ જગતનો ઇતિહાસપ્રવાહ બદલી નાખી, મિસરી પ્રજામાંથી છેલ્લી વિદાય લીધી છે. મીસર દેશને નામે પોતાના જીવનનાં પંચાવન વર્ષની આહૂતિ આપી, શરીરમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલુ રહી ત્યાં સુધી ઈજીપ્તની જ ભક્તિ કર્યા કરી, એ નર-વીર, સિત્તોતેર વર્ષની પકવ વયે, ગયા ઑગસ્ટ માસની ૨૩મી તારીખે, જીવન સફળ કર્યાના સંતોષ સાથે પરલોક સીધાવ્યો છે. ઇજીપ્તના ખોળિયામાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય તેમ, મંદિરમાંથી જાણે દેવ ઉપડી ગયા હોય તેમ, જીવનમાંથી ચૈતન્ય ચોરાઇ ગયું હોય તેમ, ઇજીપ્તની સમસ્ત પ્રજા આજે એ અદ્વિતીય રાષ્ટ્રવિધાતાના અવસાન પર આંસુ સારી રહી છે.

ઝગલુલનો જન્મ થયો ઇસ્વી સન ૧૮૬૦ની સાલમાં, ઇજીપ્તના ઇબ્યિયન નામના જીલ્લામાં, તેના એક પ્રતિષ્ઠિત ખેડુત કુટુંબને ઘેર. ઝગલુલે પ્રાથમિક શિક્ષણ લીધું તેના ગામડાની નાની નિશાળમાં; અને પછી ઉચ્ચ શિક્ષણ માટે પહોંચ્યો કેરોની 'અલ અઝહર' વિદ્યાપીઠમાં. ત્યાં ૧૮૮૦માં, ૨૦ વર્ષની ઉમરે તેણે શિક્ષણ પુરું કર્યું અને એક સરકારી અખબારના સંપાદક તરીકે જિંદગીની શરૂઆત કરી. એ નોકરીમાં એનો ઉત્કર્ષ થવા માંડયો. પણ એટલામાં તો ઇજીપ્તના સ્વાધીનતાના યુદ્ધના ઇતિહાસમાં યાદગાર એવી ૧૮૮૨ ની સાલ આવી.

ઇજીપ્તના ખેદીવ ઇસ્માઇલે પોતાની ફનાગીરી નિભાવવા પોતાની પાસેના સુએઝ કૅનાલના ચાળીસ લાખ પાઉન્ડની કીમતના શેર વિલાયતને વેચ્યા, તે દિવસથી ઈજીપ્તમાં અંગ્રેજોનો બરાબર પગપેસારો શરૂ થયો. વિલાયતના એ અંગ્રેજ દુકાનદારો, પૂર્વના મુલકોમાં જે રીતે ધીમેધીમે સત્તા જમાવતા જવાને માટે વિખ્યાત થયા છે તે જ રીતે તેમણે ઇજીપ્તમાં પણ પોતાની કાર્યવાહી શરૂ કરી. ઈજીપ્તની આઝાદીને જીવન કરતાં યે વધારે કીમતી ગણનારા સ્વાધીનતા-પ્રેમી ઇજીપ્તવાસીઓને એ બદ મુરાદો સમજાઇ ગઇ. અને અરબ્બી પાશાના નેજા નીચે રાષ્ટ્રીય હલચલનાં મંગળાચરણ થયાં.

તે કાળમાં મિસરીઓ અહિંસકતાના ઉપાસક નહોતા. તેઓ તલવારથી, ઉઘાડા બળવાથી, બાવડાંની તાકાતથી પોતાની સ્વાધીનતાને સાચવવામાં માનતા હતા. અરબ્બી પાશાએ ૧૮૮૨માં બળવાની હાકલ દીધી અને ઍલેકઝાન્ડ્રિયા શહેરમાં લૂંટ પાડી બળવાની શરૂઆત કરી ઢંઢેરો પીટયો કે 'અંગ્રેજો અને બીજા જે પરદેશીઓ અમારા વતનને જંજીરો પહેરાવવાને અહીં આવ્યા છે તેમની અને અમારી વચ્ચે જીવ-સટોસટની દુશ્મનાવટ છે. અમે તેમને અમારો દેશ છોડી જવાની સૂચના કરીએ છીએ. અને નહિ તો તેમને અમારાથી આપી શકાશે તેવી આકરમાં આકરી સજા આપતાં અમે અચકાશું નહિ. આ ઉપરાંત આવતા ભવમાં તેમને ખુદા સજા કરશે તે જુદી.'

દેશની મુક્તિ માટેના જંગનાં રણશીંગાં વાગે અને કયો મર્દ, કયો જુવાન ઘરખુણે બેસી રહી શકે? અને તેમાં યે બાવીસ વર્ષનો જુવાન ઝગલુલ, જેના દિવસો ઇજીપ્તની મુક્તિનાં સ્વપ્નો જોવામાં જ જતા, તે તો કેમ જ શાન્ત રહી શકે? જગતને આજે પણ વિસ્મય પમાડી રહેલી મિસરની પ્રાચીનતમ અને જાજરમાન સંસ્કૃતિના આસપાસ વેરાએલા અવશેષો જોઇજોઇ, એ ભવ્ય સંસ્કૃતિની કલ્પના કરીકરી, ઝગલુલ તેની મિસરી માતૃભૂમિ પ્રત્યે અદ્દભુત પ્રેમભાવ અનુભવતો. આસપાસ ઉભેલા જૂના મિસરી જાહોજલાલીનાં ખંડિયેરો જોઇ તે ન વર્ણવી શકાય એવી વ્યથા અનુભવતો. મિસરની ભૂમિને કાચું સોનું પકાવવા જેટલી ફળદ્રુપ બનાવનારી નાઇલ સરિતા, જેમાં એક કાળે આઝાદ નરોનાં મોહક પ્રતિબિમ્બ પડતાં તે જાણે શોકમાં ગિરફતાર બની હોય તેમ, તેનાં આસમાની નીર મુંગાંમુંગાં વહેતાં જોઇ, તે અનિર્વચનીય સંતાપ અનુભવતો. ભવ્ય પીરામીડો—રોમના સીઝરના ઘસારા સામે યે અણનમ ઉભાં રહેલાં એ મિસરી વૈભવના

સ્મરણચિહ્નો—જોઇ, અને એ સુદિવસોની સાથે આજના દુર્દિનોની અન્તર્યે સરખામણી મુકી, તેનું લોહી તપી ઉઠતું. પ્રતિદિન, તે જ્યારે પોતાની નોકરીમાંથી છુટો થઇ સાંજના પોતાના ઓરડામાં બેસતો ત્યારે તેની આંખો સામે આ જ ચિત્રો ખડાં થતાં, અને તેની દરેક સંધ્યા, પોતાના પ્યારા વતનની પરાધીન દશાના ભાને, ગ્લાનિના, રોષના, નિશ્ચયના, વિધવિધ રંગોએ રંગાઇ રહેતી. દરેક સાંજે ઝગલુલના મકાનની પાસે જ નાઇલનાં ગમગીન નીરમાં સૂર્યનું બિમ્બ અદૃશ્ય થતું ત્યારે, ઝગલુલ હાથનો મુક્કો ઉગામી, દાંત ભીંસી, મોંનો સીનો કદ્દર બનાવી, મક્કમ નિશ્ચય કરતો કે 'આ જીવન અને આ દેહ મિસરની ગુલામીનાં બંધનો તોડવા અર્થે જ અને મિસરને સ્વાધીન, સ્વતંત્ર બનાવવા અર્થે જ નિર્માયાં છે. એ એક જ ધ્યેયની વેદી ઉપર હું સર્વસ્વનું બલિદાન આપીશ અને ઇજીપ્તની 'ઇસ્તીકલાદ' પોકારીશ.'

એ મક્કમ નિશ્ચયનો અમલ કરવાની ઘડી આવેલી જોઇ ઝગલુલે નોકરી ફગાવી દીધી અને અરબ્બી પાશાના નેજા નીચે જઇને ઉભો. તેલેલ-કેબીર મુકામે મિસરીઓ અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ મચ્યું. વિલાયતના તે કાળના વડા પ્રધાન ગ્લૅડસ્ટનની સરકારે ૨૦ લાખ પાઉન્ડ સાથે છ હજાર સિપાઇઓનું સૈન્ય તત્કાળ મોકલ્યું. અંગ્રેજો જીત્યા અને મિસરી 'બળવાખોરો' હાર્યા. અરબ્બી પાશા અને ઝગલુલ વગેરે અગ્રેસરોને ગિરફતાર કરવામાં આવ્યા. અને કાસર-અલ નીલના લશ્કરી કોટડીઓમાં તેમને કેદ રાખવામાં આવ્યા. પોતાના જાહેર જીવનની આવી મંગળ શરૂઆત થતી જોઈ, પ્રસન્નચિત્ત બની ઝગલુલે જેલની કોટડીમાં પણ મિસરી માતાની જ માનસિક આરાધના કર્યા કરી.

[૩]

જીવનનું પ્રથમ પ્રકરણ સોનેરી અક્ષરોએ લખી ઝગલુલ ૧૮૮૩માં છુટો થયો. તેની સરકારી નોકરી તો ગઈ હતી, એટલે તેણે કાયદાનો અભ્યાસ કરી, બારિસ્ટર બની, વકીલાત શરૂ કરી અને બીજી તરફથી પોતાની જાહેર પ્રવૃત્તિઓ વધારવા માંડી. 'અલ અઝહર' વિદ્યાપીઠમાં તેને પોતાના જેવા ઘણા યે



ઇજીપ્તનો ઉદ્ધારક: સા'દ ઝગલુલ પાશા

પાણીદાર જુવાનો સાથે મિત્રાચારી થએલી. હવે તેણે એ મિત્રાચારી તાજી કરવા માંડી અને 'સ્વાધીનતા તથા બળવો' અને એવાએવા ક્રાન્તિકારક વિચારોનો પ્રચાર કરવા માંડ્યો. શેખ જમાલુદ્દીન-અલ-અફઘાની અને શેખ મહમ્મદ અબ્દુની સોબતમાં તેણે પૂર્વની પ્રજાઓને જાગ્રત કરવાની અને તેમને પશ્ચિમની ધોંસરીમાંથી મુક્ત કરવાની સ્વપ્નમાળાઓ રચવા માંડી.

જુવાન ઝગલુલના વક્તૃત્વે તમામ વર્ગો ઉપર જાદુ કરવા માંડ્યું. તેની અસામાન્ય બુદ્ધિમતાએ પ્રૌઢોની પ્રીતિ મેળવવા માંડી. તેના આતશે અંગ્રેજોને દાંત કચકચાવતા કર્યા. આ બધાં બળોને આધારે જોતજોતામાં ઝગલુલનો આર્થિક ઉત્કર્ષ પણ થયો અને ૧૮૯૨માં તેણે ફ્રેન્ચ ભાષા તથા ધારાશાસ્ત્રમાં પ્રવીણતા પ્રાપ્ત કર્યા પછી તેને 'કોર્ટ ઑફ અપીલ'માં મુખ્ય સલાહકાર સ્થાપવામાં આવ્યો.

આ અરસામાં ઝગલુલે, વિખ્યાત વિપ્લવવાદી પ્રિન્સેસ નાઝલીના મકાન ઉપર જામતી કૈરો નગરના

ક્રાન્તિવાદીઓની મિજલસમાં ભાગ લેવા માંડ્યો. ત્યાં તેને મુસ્તફા પાશા ફાહમીની પિછાન થઈ. ૧૮૯૫થી ૧૯૦૮ સુધી ઇજીપ્તના વડા પ્રધાન તરીકે ઇજીપ્તનું ભાવી ઘડનાર આ મુસ્તફા પાશા ફાહમી ઝગલુલ ઉપર મુગ્ધ થઇ ગયો. ૧૮૯૬માં તેણે ઝગલુલની સાથે પોતાની એકની એક પુત્રીનાં લગ્ન કરી દીધાં અને ૧૯૦૬માં તેને પોતાની દેખરેખ તળે કેળવણીનો પ્રધાન બનાવ્યો.

૧૯૦૮માં મુસ્તફા પાશા ફાહમીએ વડા પ્રધાનનો હોદ્દો છોડ્યો અને નવું પ્રધાનમંડળ રચાયું ત્યારે પણ ઝગલુલ પોતાની શક્તિને પ્રભાવે કેળવણીના પ્રધાન તરીકે કાયમ રહ્યો. ઝગલુલે કેળવણી–પ્રધાન તરીકે શિક્ષણનો ખુબ જ પ્રચાર કર્યો. પોતાની સરદારી નીચે ભવિષ્યમાં થનારી સ્વાધીનતાની દેશવ્યાપી હલચલમાં, ઇજીપ્તના ખુણેખુણાના લોકોને ભાગ લેવડાવવાની જાણે આગળથી તૈયારી કરતો હોય તેમ, તેણે કેળવણીનો એટલો તો જબ્બર પ્રચાર કર્યો કે તે જોઇ તેના સાથી પ્રધાનો અને અંગ્રેજ હાકેમો સ્તબ્ધ જ થઇ ગયા.

૧૯૧૦માં ઝગલુલને ન્યાય ખાતાનો પ્રધાન બનાવવામાં આવ્યો, પણ ૧૯૧૨માં લૉર્ડ કિચનરના આગમન પછી ઝગલુલને એ જગ્યા છોડવી પડી. પછી, એ જ વર્ષમાં, લૉર્ડ કિચનરને હાથે ઇજીપ્તને નવી પ્રતિનિધિ સંસ્થાઓ મળતાં, ઇજીપ્તના વડી ધારાસભાના ઉપ–પ્રમુખ તરીકે ઇજીપ્તનાં મતદારમંડળોએ ઝગલુલને ચુંટી મોકલ્યો. ઝગલુલની સરદારી નીચે આમ રાષ્ટ્રીય પક્ષ સ્થપાયો અને ઝગલુલે ધારાસભામાં વિરોધપક્ષના અગ્રણીનો મુગટ પહેર્યો. પહેરતાં વેંત જ તેણે તો 'ઇજીપ્તને સંપૂર્ણ સ્વાધીનતા જોઇએ —એથી જરા યે ઓછું ન ચાલે' એવી હાકલ દીધી. દેશમાં રાષ્ટ્રીય હલચલ પુર જોસમાં શરૂ થઈ અને ઇજીપ્તે ઝગલુલને પોતાના આત્મારામ તરીકે હૃદયના સિંહાસને સ્થાપ્યો. ઇજીપ્તના રાજકારણમાં, ઇજીપ્તની સ્વાધીનતાની લડતમાં, મોખરે એક ઝગલુલ જ દેખાવા લાગ્યો.

એવામાં ૧૯૧૪માં યૂરોપમાં મહાવિગ્રહ મંડાયો. અંગ્રેજોએ ધારાસભા તથા બીજી પ્રજાકીય સંસ્થાઓને દરવાજે તાળાં મારી દીધાં અને ઇજીપ્તના દરજ્જા પરત્વે નવું જાહેરનામું બહાર પાડ્યું. એ જાહેરનામાથી ઇજીપ્ત જે આજ સુધી તુર્કી સામ્રાજ્યની સત્તા નીચે હતું તેને તુર્કીથી અલગ જાહેર કરી, બ્રિટિશ છત્ર નીચે લેવામાં આવ્યું. બીજા જાહેરનામાથી ઇજીપ્તના ખેદીવ હીલ્મી–જે તુર્કીના પક્ષનો હતો તે–ને પદભ્રષ્ટ જાહેર કરવામાં આવ્યો અને તેની જગ્યાએ શાહજાદા હુસેન કમાલને ઇજીપ્તના સુલ્તાન તરીકે સિંહાસને બેસાડવામાં આવ્યો.

બીજી બાજુએ ૧૯૧૪ના જુલાઇ માસથી ૧૯૨૨ના પ્રારંભ સુધી, અંગ્રેજોએ ઇજીપ્તમાં લશ્કરી કાયદાનું રાજ્ય ચલાવ્યું. એ આઠ વરસોમાં, લશ્કરી કાયદાએ ઇજીપ્તવાસીઓ ઉપર કેવો કાળો સીતમ ગુજાર્યો તેનો ખ્યાલ તો, પંજાબમાં લશ્કરી કાયદાનું રાજ્ય સ્થાપીને ઓડવાયરે પંજાબીઓને પોકરાવેલી તોબાહથી જે થોડા યે વાકેફ હશે તેને સહેજે આવી જશે. આ વર્ષોમાં વિલાયતે એક તરફથી યુરોપીય યુદ્ધમાં ઇજીપ્તનાં સર્વ સાધનસામગ્રી પૂર્ણ છુટથી વાપરવા માંડ્યાં અને બીજી તરફથી ઇજીપ્તવાસીઓ, રખેને તેઓ સામા થઇ જાય એ બીતિથી, તેમને અંગ્રેજી સિપાઈની એડી નીચે કચરાવા દીધા. પણ એથી ઇજીપ્તવાસીઓનો સ્વાધીન બનવાનો આતશ તો દિવસે-દિવસે વધારે જ સળગતો ગયો અને ઝગલુલની સરદારી નીચે રાષ્ટ્રીય હીલચાલનો પ્રવાહ વધારે ને વધારે જોરદાર બનતો ચાલ્યો.

[૪]

ઇજીપ્તવાસીઓ પોતાના દેશનું રાજતંત્ર બરાબર સંભાળી શકે તેમ છે. તેમને અંગ્રેજોની કે કોઇની રક્ષાની જરૂર નથી. ઇજીપ્તની પ્રજાને નામે હું અંગ્રેજોને કહું છું કે તમે અમારો દેશ છોડીને ચાલ્યા જાઓ, બસ, ચાલ્યા જ જાઓ. અમારે તમારી કોઇ વાત નથી સાંભળવી. અમે અંગ્રેજ સત્તાનું રક્ષણ કદિ નોતર્યું જ નથી, એટલું જ નહિ પણ તેનો સદા ઇન્કાર જ કર્યો છે.' આવા બુલંદ પડકારની સાથે ઝગલુલે હવે અંગ્રેજો સામે ઉઘાડે છોગે મોરચા માંડ્યા. તેણે બીજી બધી પ્રવૃત્તિઓને તિલાંજલિ આપીને ઇજીપ્તની સંપૂર્ણ સ્વાધીનતાની હીલચાલ ઉપાડી અને તેમાં તેના ધ્વજ નીચે અલ અઝહર વિદ્યાપીઠનો તમામ વિદ્યાર્થી સમુદાય તથા ઇજીપ્ત આખાનો

તરુણસંઘ આવીને ખડો થઇ ગયો.

યૂરોપમાં યુદ્ધ ખતમ થયું તેને બીજે જ દિવસે, સા'દ ઝગલુલ પાશાએ–ઇજીપ્તના એ હૃદયનાથે, સમસ્ત મિસરી પ્રજાને નામે, કેરોમાં વસતા અંગ્રેજ સત્તાના પ્રતિનિધિને રીતસર ખબર મોકલ્યા કે 'હવે ઇજીપ્ત ખાલી કરો.' બીજી તરફથી એ દશ રાજપુરુષે ઇજીપ્તની માગણીથી વિલાયતને વાકેફ કરવા ઇજીપ્તના પ્રતિનિધિઓનું શિષ્ટ મંડળ વિલાયત લઇ જવાની વાત ચલાવી. વિલાયતના ડાહ્યા ગણાતા પણ વિજયના નશામાં ચકચુર બનેલા રાજપુરુષોએ એ માગણીનો જવાબ વાળ્યો કે 'ઇજીપ્તની બાબતમાં ચર્ચા કરવાની અમને અત્યારે પુરસદ નથી.' ઝગલુલને એ જ જવાબ જોઇતો હતો. આખું દારૂખાનું તૈયાર હોય અને તેને એક જામગરી દાગવાની જ જરૂર રહે તેમ, ઇજીપ્તમાં દારૂખાનું તો કયારનું તૈયાર થઇ ગયું હતું—માત્ર એક જામગરીની જ જરૂર હતી. તે આ જવાબે પુરી પાડી. ઇજીપ્તના પ્રધાનમંડળમાંથી મુખ્ય પ્રધાન રશદી પાશા અને અદલી પાશાએ રાજીનામાં આપ્યાં. ઝગલુલે ફરીવાર ગર્જના કરી કે 'અંગ્રેજ સત્તાની છાયા નીચે ચાલતા રાજતંત્રમાં વડા પ્રધાનનું આસન સ્વીકારવા કરતાં, સ્વતંત્ર ઇજીપ્તના એક કંગાળમાં કંગાળ શહેરી બનવામાં હું વિશેષ માન સમજું છું.'

ઝગલુલે વિલાયત જવાની વાત માંડી વાળી અને નવો દાવ માંડયો. તેણે પારીસમાં બેઠેલી સુલેહ પરિષદ સમક્ષ ઇજીપ્તનો દાવો રજુ કરવાના ખરીતા મોકલ્યા. યૂરોપના પ્રતિનિધિઓની એ પરિષદ સમક્ષ ઇજીપ્તના આત્મનિર્ણયના અધિકાર માટે દલીલ કરવા તેણે બાર પ્રતાપી મિસરીઓનું શિષ્ટ મંડળ તૈયાર કર્યું. અંગ્રેજો એ કેમ સાંખી શકે? તેમણે માન્યું કે તોપ અને તલવાર બતાવવાથી ઝગલુલ અને તેના સાથીઓ ચુપ થઇ જશે અને આ ચળવળ બેસી જશે. તેમણે અનુમાન કર્યું કે ઝગલુલને અને તેના મુખ્ય સાથીઓને હદપાર કરવાથી આ ઉફાળો તત્કાળ શમી જશે. અંગ્રેજોએ એ બંને ઉપાયો અજમાવ્યા. ૧૯૧૯ના માર્ચની ૮મી તારીખે ઝગલુલને અને તેના ત્રણ સહચારીઓને ગિરફતાર કરી માલ્ટા ટાપુમાં દેશપાર કરવામાં આવ્યા. સિત્તેર વર્ષનો બુઢ્ઢો ઝગલુલ મિસરી માતાનું નામ જપતો અને 'દેશબાંધવો, મારી ગેરહાજરીમાં મારૂં કામ બંધ ન કરજો' એવો ઇજીપ્તને સંદેશો દેતો માલ્ટા ચાલ્યો.

ઇજીપ્તની પ્રજા–લાગણીનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. અંગ્રેજોના આ કૃત્યને ઇજીપ્તની સમસ્ત પ્રજાએ દેશનું ભયંકર અપમાન માની લીધું. મિસરીઓએ પોતાનો વિરોધ જાહેર કરવા દેશભરમા સ્વાધીનતાની ચળવળ બમણાં જોરથી ચલાવી.રમખાણો થયાં, પરદેશીઓનાં ખુન થયાં, અનેક નિર્દોષોનાં લોહી રેડાયાં. અંગ્રેજ સત્તાધીશોએ લશ્કરી કાયદાનો અમલ વધારે સખ્તાઇથી માંડયો. છતાં ઇજીપ્તનો પ્રકોપ ન શમ્યો તે ન જ શમ્યો. ઇજીપ્તની એક જ માગણી હતીઃ અમારો ઝગલુલ અમારી વચ્ચે પાછો મુકો. ને અંગ્રેજોને આખરે ઝગલુલને છુટો કરવો પડયો.

[૫]

ઝગલુલ માલ્ટાથી સીધો પારીસ ગયો. તેણે ફરીવાર ઘોષણા કરી કે 'ઇજીપ્તને કોઇનું રક્ષણ નથી જોઇતું. ઇજીપ્તને બીજી પ્રજાઓની જેમ આત્મ–નિર્ણયનો અધિકાર જોઇએ છે. ઇજીપ્ત સંપૂર્ણ સ્વાધીનતા માગે છે.' પણ તેની એ વાત, ન તો પારીસની સુલેહ પરિષદે સાંભળી કે ન તો તેને અંગ્રેજોએ કાન દીધા.

ઝગલુલે જોયું કે પરાધીન પ્રજાઓને માટે તેમની સ્વાધીનતા પાછી મેળવવાનો એક જ માર્ગ છે અને તે કટ્ટર અસહકારનો. તેણે પારીસથી પાછા આવી એ શસ્ત્ર અજમાવ્યું. ઇજીપ્તમાં અસહકાર શરૂ થયો. તમામ સરકારી સંસ્થાઓનો બહિષ્કાર મંડાયો. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ હજારોની સંખ્યામાં, તેમની શાળા કૉલેજો છોડી. પ્રધાનોએ રાજીનામાં આપ્યાં. સરકારી નોકરોએ અને અમલદારોએ સરકારી નોકરીઓ છોડી. આખું રાજતંત્ર અટકી પડયું.

હિંદના અસહકારના પરિણામે જેમ ૧૯૨૧ના છેલ્લા મહિનાઓમાં લૉર્ડ રીડિંગ કંપી ઉઠયા હતા અને ગમે તે શરતે સમાધાન માગતા હતા તેમ, ઇજીપ્તમાં પણ એ ઘડી આવી. અંગ્રેજ સત્તાધીશોને ધોળે દિવસે આકાશમાં તારા દેખાઇ ગયા! ઇજીપ્તને સ્વતંત્રતાનાં વચન અપાયાં. ઇજીપ્તની માગણીઓનો વિચાર કરવા મિલ્નર કમિશનની નિમણુક કરવાનું જાહેરનામું બહાર પાડયું.

પણ મિલ્નર કમિશનનો કાર્યપ્રદેશ એટલો સંકુચિત રખાયો હતો કે ઝગલુલ અને તેના મતનો રાષ્ટ્રીય પક્ષ એની નિમણૂકથી ઉલટા અસંતુષ્ટ થયા. તેમણે એ મિલ્નર કમિશનનો બહિષ્કાર કરવાનું ઠરાવ્યું.

મિલ્નર કમિશને ૧૯૧૯ના ડિસેમ્બરની સાતમી તારીખે ઇજીપ્તમાં પગ મુક્યો. તે દિવસથી જ ઇજીપ્તમાં ઠેરઠેર હડતાળો પડવા માંડી અને જાહેર વિરોધ-પ્રદર્શનો થવા લાગ્યાં. કોઈ પણ પ્રતિષ્ઠિત મિસરીએ મીલ્નર કમિશન પાસે જઇ જુબાની ન દીધી. સૌકોઇએ કમિશનને એક જ જવાબ દીધો: 'જાવ ઝગલુલ પાસે અને એ કહે તેમ કરો.' મિલ્નર કમિશન ઝગલુલના પ્રભાવનું માપ કાઢી, ઇજીપ્તની રાષ્ટ્રીય અસ્મિતા નિરખી, દંગ બની પાછું વિલાયત ગયું!


લૉર્ડ મિલ્નરે વિલાયત જઇ, ઝગલુલની સાથે વાતચીત ચલાવવાની ઇચ્છા બતાવી. સાત સહચારીઓ લઇ, ૧૯૨૦ની ૭મી જુને ઝગલુલ વિલાયત પહોંચ્યો. વિલાયતમાં લૉર્ડ મિલ્નરની પાસે તેણે ઇજીપ્તની માગણીઓ મુકી. પણ ખાસ પરિણામ ન આવ્યું.

આખરે, ગ્રેટબ્રિટનની સરકાર તરફથી ૧૯૨૧ના માર્ચ મહિનામાં ઇજીપ્ત પરત્વે જાહેરનામું બહાર પડ્યું. તેમાં જાહેર થયું કે આજથી ગ્રેટબ્રિટન ઇજીપ્તની સ્વતંત્રતાનો સ્વીકાર કરે છે. પણ સ્વતંત્રતાને મર્યાદિત બનાવનારી કેટલીક શરતો પણ એ જ જાહેરનામામાં પ્રકટ થઇ. સંપૂર્ણ સ્વાધીનતાના પૂજારી ઝગલુલ-પક્ષને એ શરતો કેમ રૂચે?

ઝગલુલે ઇજીપ્ત પાછા આવી બેવડા જોરથી પોતાની સંપૂર્ણ સ્વાધીનતાની ચળવળ ઉપાડી. તેણે મિસરના વિભાગે વિભાગમાં ભ્રમણ કર્યું અને મિસરીઓને આદેશ દીધો કે 'સંપૂર્ણ સ્વાધીનતા—અને લગીરે ઓછું નહિ—એ જ તમારૂં નિશાન રાખજો.' એવો આદેશ આપીને ઝગલુલ ઈજીપ્તના પાટનગરમાં પાછો ફર્યો. ૧૯૨૧ના ડિસેમ્બર માસમાં તેણે એક જંગી રાજદ્વારી સભા બોલાવી અને તેની સમક્ષ રજુ કરવાના રાજકીય લડતના નવા કાર્યક્રમની રૂપરેખાઓ જાહેરમાં મુકી. એ જોઇ તે વખતના ઇજીપ્તના હાઇ કમિશ્નર લૉર્ડ ઍલેન્બીના હૃદયમાં ભારે ભીતિ પેસી ગઇ. તેણે ઝગલુલ ઉપર હુકમ મોકલ્યો કે તમારે રાજદ્વારી ચળવળમાંથી મુક્ત થવું અને તમારા મુળ વતનના ગામડામાં જઇને રહેવું. ઝગલુલ એવા અવિચારી અને ઉદ્ધત હુકમનો શો જવાબ આપે? તેની પાસે તો એક જ જવાબ હતો અને તે એ કે 'હું મારૂં કાર્ય છોડવાનો નથી.' લૉર્ડ ઍલેન્બીની આંખો રાતી બની. પોતાના હુકમની અવગણના કરનાર ઇજીપ્તના આત્મારામ ઝગલુલ સામે કોઇ પણ આરોપ પુરવાર કર્યા વિના, તેણે તેને દેશપાર કરવાનો હુકમ ફરમાવ્યો.

પોતાના સર્વોપરિ દેશનાયકને દેશપાર જતો જોઇ—મિસરને નામે, એકોતેર વર્ષની વૃદ્ધાવસ્થામાં, લથડી પડેલ તબિયત લઇને, જ્યારે સૌકોઇ સર્વ પ્રવૃત્તિ છોડી જિંદગીના છેલ્લા દિવસો સુખમાં ગાળવા તલસે ત્યારે, ઝગલુલને ત્રીજી વખત એ સજાને વધાવી લેતો જોઈ—એ મહાપુરુષને વંદના કરવા લોકોનાં ટોળેટોળાં એના ઘર આગળ ઉભરાવા લાગ્યાં. બાળક, જુવાન, વૃદ્ધ, સૌ કોટિના મિસરીઓએ તેમના સરદારના ઘર ઉપર ઘેરો નાખ્યો અને 'ઘણું જીવો ઝગલુલ પાશા'ના જયનાદથી ગગન ગજાવી મુકયું.

અંગ્રેજ સેનાપતિનું ફરમાન હતું કે ઝગલુલનો નામોચ્ચાર કોઇ પણ વર્તમાનપત્રમાં, કોઈ પણ ભાષામાં, ક્યાં ય પણ, કોઇએ પણ, કદિ ન કરવો. એ આજ્ઞા તોડનાર અંગ્રેજ સેનાપતિનો ભોગ થઇ પડશે. એ હુકમ નીકળ્યા પછી, રમઝાનને છેલ્લે દિવસે કેરો નગરની બધી મસ્જિદો મિસરીઓથી ચિકાર ભરાઈ ગઈ હતી. કેરોની મુખ્ય મસ્જિદમાં કેરોના તમામ નામાંકિત ખાનદાન શહેરીઓ નમાઝ પઢવા આવ્યા હતા. ઇજીપ્તનો ખુદ રાજા પણ પોતાના આખા પ્રધાનમંડળ સાથે હાજર હતો. પંદર હજારની જમ્બર મેદની જામી હતી. શહેરીઓની પાંચપાંચની હારની વચમાં નાગી તલવારવાળા લશ્કરી સિપાઇઓની એકએક હાર ગોઠવી દેવામાં આવી હતી. રખેને કોઇ તોફાન કરે. રખેને કોઇ ઝગલુલના નામનો ઉચ્ચાર કરે, રખેને કોઈ ઝગલુલના પક્ષમાં ભાષણ કરી નાખે! બંદગી પુરી થઇ. સર્વત્ર ચુપકી પથરાઇ રહી એટલામાં મસ્જિદના એક ખુણામાંથી એક કોમળ, મધુર, સ્પષ્ટ સ્વર ગુંજી રહ્યો: 'ઘણું જીવો ઝગલુલ પાશા!' અને તુરત આખી પંદર હજારની મેદની—



પુષ્કર સરોવર

કોઇ વિશાળ કમળપત્રની વચ્ચે નીતર્યું નીર ભરાઇ રહ્યું હોય એવું, ચોમેર નાનકડી પર્વતમાળાઓથી વીંટાએલું, રાજપુતાનાનું આ રળિયામણું સરોવર નિસર્ગદેવીનું જાણે રમ્ય ક્રીડાસ્થાન હોય એવું સોહે છે. ભલભલાં કઠોર અને જડ માનવોનો પણ હૃદયપલટો કરી નાખે એવાં પ્રકૃતિ-સૌંદર્યથી મંડિત સ્થાનોમાં તીર્થક્ષેત્રો ઠરાવવામાં એ જ રહસ્ય રહેલું હશે. પુષ્કર તીર્થ હિંદુસ્તાનનાં પ્રખ્યાત અને મુખ્ય તીર્થક્ષેત્રોમાંનું એક-બ્રહ્માજીનું મુખ્ય તીર્થ-ગણાય છે. કાર્તિકી પુનમે ત્યાં મોટો મેળો ભરાય છે.

અજમેરની પશ્ચિમે આવેલી સુંદર પર્વતમાળાની પેલી પાર, સાત માઇલ દૂર, સવા ગાઉ ઘેરાવાના આ મનોહર સરોવરને કાંઠે રાજપુતાનાની નાજુક કારીગરીનાં મંદિરો, ઘાટો ને મકાનો ઉભાં છે. રાજપુતાનાના જુદાજુદા રાજાઓએ ભક્તિભાવપૂર્વક તેની પાછળ પુષ્કળ ધન ખર્ચીને કુદરતની રમણીયતામાં જાણે પૂર્તિ કરી છે.



'કુમાર' : કારતક '૯૪

મહિષમર્દિની

પ્રાચીન કાળમાં મહૈસુર પ્રાંતમાં મહિષાસુર નામનો શ્રીરંગપટ્ટણનો રાજા પૃથ્વી તથા દેવોને અત્યંત પીડી રહ્યો હતો. આથી સર્વ દેવતાઓએ પોતપોતાના તેજના અંશ ભેગા કરી એક શક્તિ ઉત્પન્ન કરી. એ શક્તિએ એ અસુરનો નાશ કર્યો અને તે દહાડાથી પ્રજા એ દેવી-મહિષાસુર મર્દિની અથવા ચામુંડા નું આ મૂર્તિ રૂપે સ્મરણ-પૂજન કરે છે. મહૈસુરના રાજ્યવંશની એ કુળદેવી ગણાય છે. એ પ્રાંતમાં મોટાંમોટાં મંદિરો— પછી તે શૈવ, રામાનુજ કે ગમે તે પંથનાં હોય તોપણ તેમાં આ મૂર્તિ તો હોવાની જ. ઉપર આપેલી મૂર્તિ, લગભગ ૧૧મા સૈકામાં બંધાએલા બેલુરના ભવ્ય મંદિરની દીવાલ પર છે. શક્તિની પૂજાથી શક્તિનું આવાહન કરવા પ્રજાએ કળામાં તેનો કેટલો સુંદર આવિર્ભાવ કરી બતાવ્યો છે તેનો આ એક અપ્રતિમ નમુનો છે. મહિષ એટલે પાડો—પશુબળ. તેના ઉપર દૈવી શક્તિ કેવી સરળતાથી વિજય સ્થાપે છે તેનું દર્શન આ મૂર્તિમાં થાય છે. પશુબળ કે પાશવવૃત્તિ ઉપર વિજય મેળવવા મનુષ્યે કેવી દિવ્ય અને સૌંદર્યમંડિત ભાવનાનો આશ્રય લીધો તેનું પણ એમાં સૂચન છે. કળા અને કારીગરીનો આદર એ કાળે પ્રજાજીવનમાં કેટલો હશે એ આ સુંદર મૂર્તિ ઉપરથી સમજવું મુશ્કેલ નથી.

અધિકારી અને બીનઅધિકારી, સરકારપક્ષી અને પ્રજાપક્ષી સર્વેને મોંએથી પ્રતિઘોષ થયોઃ 'ઘણું જીવો ઝગલુલ પાશા! ઘણું જીવો ઝગલુલ પાશા!'

ઝગલુલને દેશપારીનો હુકમ મળ્યો ત્યારે તેની આવી અજબ લોકપ્રિયતા હતી. એ સમયે ઈજીપ્તની સર્વ કોટિની જનતાના હૃદયમાં તેનું આવું અનેરૂ સ્થાન હતું.

અને ઝગલુલની પાછળ તેનો તાજ કોણે પહેર્યો? તેનું કામ કોણે ઉપાડી લીધું? દેશબંધુ ચિત્તરંજનદાસ જેલ જતાં તેમની જવાબદારીઓ શ્રીમતી વાસન્તી દેવીએ ઉપાડી લીધી હતી; ગાંધીજી યરોડાની દીવાલો પાછળ પુરાતાં લડત ચાલુ રાખવાની હાકલ શ્રીમતી કસ્તુરબાએ પાડી હતી; તેમ ઇજીપ્તમાં પણ ઇજીપ્તનો સરદાર ઝગલુલ દેશપાર થતાં એ સરદારી ઝગલુલના સહધર્મચારિણી શ્રીમતી સોફિયા બાનુએ હસતે મોંએ સ્વીકારી લીધી. લૉર્ડ ઍલેન્બીએ જ્યારે તેમને સંદેશો મોકલાવ્યો કે 'આપને આપના પતિની સાથે જવું હોય તો તેમ, નહિ તો બીજા સુંદર હવા ખાવાના સ્થળે જવાની વ્યવસ્થા થઇ રહી છે.' ત્યારે એ બહાદુર નારીએ એ તુમાખી અંગ્રેજને જવાબ મોકલ્યો કે 'હું તો અહીં જ રહેવાની છું અને મારા ખાવિન્દનું કાર્ય ઉપાડી લેવાની છું. તમે ઝગલુલના શરીરને દેશપાર કરી શકશો, પણ તેનો આત્મા તો અહીં અમારી વચ્ચે અહર્નિશ હાજર જ રહેશે. અહીં, તેના જ ઘરમાં, તેના જ આસને, તેનું જ કામ, હું તેની મહોરદાર આગળ ધપાવીશ. ઝગલુલ કદાચ પરભૂમિમાં બેહિશ્તનશીન થાય તો પણ શું? તેની પાછળ તેના અનુયાયીઓની હારની હાર ચાલી નીકળશે. એ પ્રવાહ તમારો કે કોઇનો રોકયો રોકાવાનો નથી. ઇજીપ્તની સ્વતંત્રતા અમને પુનઃ પાછી મળ્યા પછી જ અમે જંપવાના છીએ.'

અને સાચ્ચે જ, સોફિયા બાનુએ ઇસ્તીકલાલની લડત બરાબર જોશથી ચાલુ રાખી. તેણે અંગ્રેજી માલનો બહિષ્કાર શરૂ કર્યો. ઇજીપ્તની રાજધાની કેરોમાં ૪૦ સ્ત્રીઓની બહિષ્કાર સમિતિ નીમાઈ અને દેશભરમાં તેની ઉપ–સમિતિઓ સ્થાપવામાં આવી. સોફિયા બાનુની પ્રેરણા નીચે મિસરની પરદાનશીન સ્ત્રીઓએ પણ અંગ્રેજી માલ ન ખરીદવા મિસરી દુકાનદારોને વિનવવા ચોકીપહેરાની પ્રવૃત્તિ ચલાવી.

આ બધી પ્રવૃત્તિને પરિણામે, ઝગલુલની ગેરહાજરીમાં પણ ઇજીપ્તમાં સ્વાધીનતાની લડતનો જુસ્સો ઉત્તરોત્તર વધતો જ ગયો. જગતે જોયું કે ઝગલુલના ગેરહાજરીમાં ઇજીપ્તની પ્રજાનું નેતૃત્વ કરે એવી વીરાંગના નારીઓ પણ ઇજીપ્તમાં છે.

[૬]

૧૯૨૩ના એપ્રિલ માસમાં ઝગલુલને, નબળી તબિયતને કારણે દેશપારીની સજામાંથી મુક્તિ બક્ષવામાં આવી. ઝગલુલને માટે અધીરી મિસરી પ્રજાએ તેનું બાદશાહી સ્વાગત કર્યું. ઝગલુલે ઇજીપ્તમાં પગ મુકતાંની સાથે જ, ૧૯૨૩ના ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખે ઇગ્લંડના વડા પ્રધાન લૉઇડ જ્યૉર્જે ઇજીપ્તને 'સ્વાધીનતા' બક્ષવાનો જે ઢગારો ખરીતો બહાર પાડ્યો હતો તેની સખ્ત ઝાટકણી કાઢી નાખી. એ ખરીતાને અંગ્રેજોની ધૂર્તતા અને કપટબાજીનાં નામ આપ્યાં અને ઇજીપ્તવાસીઓને સાચી અને સંપૂર્ણ સ્વાધીનતા મેળવવા વધારે જોખમદાર પ્રયત્નો કરવા હાકલ દીધી. બીજી તરફથી, એ જ ઉદ્દેશથી, તેણે પોતે ૧૯૨૪ના જાન્યુઆરીમાં, નવા બંધારણ મુજબની ધારાસભાને સર કરી લેવા પોતાના પક્ષને ચુંટણીમાં ઉતારવાની તૈયારી કરી. એ ચુંટણીમાં ઝગલુલના પક્ષે ધારાસભાની કુલ ૯૦ ટકા જગ્યાઓ સર કરી લીધી. ઝગલુલ પાશાએ પોતાનું પ્રધાન મંડળ રચ્યું. ઝગલુલના મસ્તક ઉપર ઇજીપ્તના વડા પ્રધાનનો તાજ પહેરાવાયો.

પોતાના હાથમાં દેશની લગામો આવતાં જ, તેણે ઇજીપ્તની સંપૂર્ણ સ્વાધીનતાનો પ્રશ્ન ઉપાડયો. ઇજીપ્તને જે પાંચ શરતોએ સ્વાધીનતાની બક્ષિશ કરવામાં આવી હતી તે પાંચે શરતો કઢાવી નાખવા ઝગલુલે પ્રયાસ માંડયો. એ વેળા વિલાયતમાં મજુરપક્ષ સત્તાધીશ હતો અને રામસે મૅકડોનલ્ડ વડા પ્રધાનની ગાદી ઉપર હતો. ઝગલુલ સમાધાનની આશાએ ઇગ્લંડ ગયો. વિલાયતના અને ઇજીપ્તના વડા પ્રધાનોની મુલાકાત થઇ. ઝગલુલ અને મૅકડોનલ્ડે દિલ ખોલીને વાતો કરી. ઝગલુલે ઇજીપ્તની સ્વતંત્રતાને સાચી સ્વતંત્રતા બનાવવા નીચેની શરતો મુકીઃ

(૧) ઇજીપ્તના મુલકમાંથી અંગ્રેજ લશ્કરને

ઉઠાવી લ્યો.

(૨) ઇજીપ્તના નાણાંખાતા અને ન્યાયખાતા ઉપર બેસાડવામાં આવેલા અંગ્રેજ સલાહકારોને પાછા બોલાવી લ્યો.

(૩) ઇજીપ્તના રાજકારભાર ઉપર—ખાસ કરીને તેના વિદેશવ્યવહાર ઉપર કોઇ જાતનો અંકુશ ન રાખો.

(૪) ઇજીપ્તમાં વસતા વિદેશીઓ અને નાની કોમોનું તેમજ સુએઝ કેનાલનું રક્ષણ કરવાનો દાવો છોડી દ્યો.

(૫) સુદાન ઉપર ઇજીપ્તની જ સત્તા છે, એટલે સુદાન બાબતમાં બધા પ્રકારની દખલ બંધ કરો.

પણ ઝગલુલના આ પાંચે મુદ્દાઓ પ્રત્યે રામસે મૅકડોનલ્ડ કશું જ લક્ષ આપી શક્યો નહિ. ઝગલુલની અવગણના થઇ. કશું જ પરિણામ મેળવ્યા વિના ઝગલુલ પાછો ફર્યો.

અને એ જ વર્ષના—૧૯૨૪ના—નવેમ્બર માસમા, ઇજીપ્તનો મામલો ફરીવાર રંગે ચડ્યો. સુદાનના ગવર્નર જનરલ સરદાર સર લીસ્ટોકસનું કેરો નગરની બજારમાં ધોળે દિવસે ખુન થયું! અંગ્રેજોને એ બહુ વસમું લાગ્યું. તેમણે એ ખુનની શિક્ષા તરિકે ઇજીપ્તને પાંચ લાખ પાઉન્ડનો દંડ અને બીજી સ્વતંત્ર પ્રજાને અપમાન કરનારી શરતો ફરમાવી. ઝગલુલે એવી બેઇજ્જતીભરી શરતો સ્વીકારવા કરતાં પ્રધાનપદનો ત્યાગ કર્યો.

૧૯૨૫માં ફરીવાર ચુંટણીઓ થઇ, ત્યારે પણ ઝગલુલના પક્ષે સબળ બહુમતિ સાથે ધારાસભામાં પ્રવેશ કર્યો. પછી તો ઝગલુલની તબિયત દિવસે દિવસે વધારે નબળી પડતી ચાલી. તો યે જિંદગીની છેલ્લી ઘડી સુધી એ રાષ્ટ્રવિધાતાએ પોતાનું રાષ્ટ્રવિધાનનું કાર્ય કર્યા કર્યું. આખરે ૧૯૨૭ના ઑગસ્ટ માસની ૨૩મી તારીખે એ નરવીર તેની કર્મભૂમિનો ત્યાગ કરી ખુદાના દરબારમાં ચાલી નીકળ્યો અને ઇજીપ્તના ઇતિહાસકારનું એક અત્યંત મહત્ત્વનું પ્રકરણ પુરૂં થયું.

ઇજીપ્તની સેવામાં જ જીવનપુષ્પ સમર્પી કૃતાર્થતા અનુભવનાર અને જીવનની છેલ્લી ઘડીઓએ પણ ઇજીપ્તનું જ નામ રટનાર આ ઝગલુલના દેશબાંધવોએ, એ વીરનર પ્રત્યે પ્રજાકીય પ્રેમભાવ દાખવવા, એ રાષ્ટ્રવિધાતાનું સ્મરણ પ્રજાકીય સ્મૃતિમાં શાશ્વત આંકી રાખવા, કેરો અને ઍલેક્ઝાન્ડ્રીઆ શહેરોમાં તેની આરસપ્રતિમાઓ સ્થાપવાનો નિશ્ચય કર્યો છે. વિશેષમાં, ઝગલુલનું મકાન ખરીદીને ત્યાં ઝગલુલના મૃતદેહને સંઘરી રાખી અને તેની આસપાસ ઇજીપ્તના ગૌરવની વસ્તુઓનું સંગ્રહસ્થાન કરીને, ઝગલુલ–સંગ્રહસ્થાન રચવાનો નિર્ણય કર્યો છે.

ઇજીપ્તની પ્રજા વીર ઝગલુલની પ્રતિમા નિહાળશે ને તેના દર્શને નવપ્રેરણા પામી, સ્વમાનભર્યું પ્રજાકીય જીવન જીવવાનો નવઉત્સાહ અનુભવશે. ઇજીપ્તનાં ભાવી પ્રજાજનો એ ઝગલુલ–સંગ્રહસ્થાનની યાત્રા કરશેઃ અને, ઇજીપ્તમાં જ્યારે ચોમેર અંધકાર છવાયો હતો, ઇજીપ્તનાં પ્રજાજન જ્યારે પરાધીનતાની જંજીરો પહેરી નિર્બળ જીવન જીવી રહ્યાં હતાં, ઇજીપ્તે જ્યારે પુનરૂજ્જીવનની બધી યે આશાઓ છોડી દીધી હતી ત્યારે, એ અંધકારને વિદારી પ્રકાશ પ્રગટાવનાર, એ પરાધીનતાની જંજીરો તોડી ફેંકી દેનાર, એ નિરાશાને સ્થાને નવ આશાનો સંદેશ આપનાર નરવીરના મૃત દેહનાં દર્શન કરી, એ સંગ્રહસ્થાનના પવિત્ર વાતાવરણમાંથી દેશપ્રેમ અને દેશસેવાનો નવો પયગામ મેળવી, મિસરની ભક્તિમાં જ જીવન અર્પી દેવાનો મક્કમ નિરધાર રચશે. એ જુવાનોનો સંઘ જગતને સુણાવશે કે ઝગલુલના દેહનું અવસાન થયું છે, પણ ઝગલુલ જીવે છે; અને નેપોલિયન ને નેલ્સન, લેનિન ને મેઝીની, તિલક ને ચિત્તરંજન, સુન યાટ સેન ને એવા અનેકાનેક રાષ્ટ્રવિધાયકો અનંત જીવન જીવી રહ્યા છે તેમ, સૃષ્ટિના અંત સુધી જીવ્યા કરશે.

કકલભાઇ કોઠારી

[આ જીવનચિત્રનો મુખ્ય ભાગ તા. ૩–૯–૨૭ના 'સૌરાષ્ટ્ર'માં પ્રસિદ્ધ થઈ ગયો છે. તે પછી, 'કુમાર' માટે આ ચિત્ર ફરીથી દોરવું મારે સારૂ મુશ્કેલ હતું, કેટલીક રેખાઓ ભુંસાઇ જવાની બીતિ હતી: અને આપણા કુમારો પાસે ઝગલુલની પ્રેરણાદાયી જીવનકથા વિસ્તારથી રજુ તો કરવી જ જોઇએ: એટલે મુળ લેખમાં ત્રણેક નવા પ્રસંગો ઉમેરી તે અત્રે સાદર રજુ કરૂં છું. આ લેખ વાંચી, 'સૌરાષ્ટ્ર'ના મુળ લેખની સ્મૃતિ સહેજે તાજી થવાની સંભાવના હોવાથી, કોઇ વાચક કંઇ વિભ્રમમાં ન પડે એટલા ખાતર જ આટલો ખુલાસો.—ક.]

દક્ષિણ ધ્રુવની શોધ

'To strive, to seek, to find, and not to yield'

મહાસિદ્ધિ માટે   મથવું, જયી થાવું, ન નમવું.

કૅપ્ટન સ્કૉટે પેન્સિલથી લખેલી એ ચિઠ્ઠી વાળીને ધીમેથી તેના કવરમાં પાછી મુકી અને બરફના પ્રચંડ વેરાન તરફ શૂન્ય દૃષ્ટિ નાખી. તેના મિત્રો તેની સામે જોઇ રહ્યા, અને તેના સખ્ત ચહેરા ઉપરથી ધાર્યું કે કૅમ્પબેલની એ ચિઠ્ઠી અવસ્ય કાંઇક ખરાબ સમાચાર લાવી છે.

'ઍમંડસન વ્હેલ્સના અખાત પાસે છે.' થોડી વાર રહી કૅપ્ટન સ્કૉટ બોલ્યો. સ્કૉટ આ આખા ટુકડીનો આગેવાન હતો. તેની બુદ્ધિ અને શક્તિમાં સૌને પૂર્ણ વિશ્વાસ હતો. ઉત્તર ધ્રુવની શોધથી તેણે આ બંને ગુણો સાબિત કરી બતાવ્યા હતા. તે અત્યારે પોતાની એક ટોળી સાથે દક્ષિણ ધ્રુવની શોધમાં, દક્ષિણ ધ્રુવથી ૭૦૦ માઇલ દૂર આવેલા કેપ ઇવાન્સમાં આવી પહોંચ્યો હતો, અને આગળ વધવાની તૈયારી કરવામાં રોકાએલો હતો.

'શું કહો છો?' જાણે વાત માની ન શકાતી હોય તેમ બધા ચમકીને એકીસાથે બોલી ઉઠ્યા.

'હા; કૅમ્પબેલ તેને મળ્યો હતો. એ લખે છે કે અમંડસન પાસે દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવા માટે પુષ્કળ કુતરા છે. હું નહોતો ધારતો કે તે એટલા બધાને સહીસલામત બરફમાં લઈ આવી શકશે. પણ તેમ થયું ખરૂં.' કૅપ્ટન સ્કૉટે ખુલાસો કર્યો.

'દક્ષિણ ધ્રુવે પ્રથમ પહોંચવાની શરતમાં આપણી સામે જીતવાનો તેને કેટલા ટકા સંભવ છે?' આ આકરી શરત જીતવાની લાગણીથી ચમકતી આંખો વાળા ચૅરી–જિરાર્ડે પ્રશ્ન કર્યો.

'બધા જ ટકા તેના પક્ષમાં છે. એક તો તે ધ્રુવ તરફ આપણાથી ૬૦ માઇલ આગળ છે; એટલે ધ્રુવે પહોંચનાં રસ્તામાં આવતી પર્વતની ધારોએ પહોંચવામાં તે આપણી આગળ દસ દિવસ થાય. બીજું, ટટ્ટુ કરતાં કુતરાં શિયાળો ઉતરતાં મુસાફરી માટે જલદી તૈયાર થઇ શકે.

હવે આપણે તો શૅકલ્ટને નક્કી કરેલા તથા જોએલા રસ્તે જવાના છીએ, એટલે માર્ગમાં શું આવવાનું છે તે બરાબર જાણીએ છીએ. ઍમંડસન તો તદ્દન નવે જ રસ્તે જાય છે. એટલે તે રસ્તો કદાચ સહેલો પણ હોય;—અથવા અતિ વિકટ પણ નીકળી આવે. આ બધો વિચાર કરતાં મને એમ લાગે છે કે જીતના ટકા તેની તરફેણમાં છે.' સ્કૉટે વિગતવાર જવાબ આપ્યો.

'ત્યારે આપણે શું કરીશું?—જલદી કુચ કરી આગળ થવાનો યત્ન?' ઍટકિન્સને પુછ્યું.

'ના ના; તે તો બને જ નહિ. આપણો કાર્યક્રમ એવો તો ચોક્કસ કરેલો છે, બધી વિગતો એટલી નક્કી કરી રાખી છે કે ઉતાવળ કરવા જતાં આપણે જોખમમાં આવી પડીએ. આપણા દેશની આબરૂ જાળવવા જેટલું બનશે તેટલું કરશું. જો નૉર્વેજીઅનો આપણને આ શરતમા હરાવે તો તે યશ તેમનો છે. અને ખરૂં પુછો તો આ સાહસની અને તેના પરિણામની જ કીમત છે; નહિ કે તેની પાછળ રહેલ માન અને પ્રશંસાની.' સ્કૉટે વિચારપૂર્વક જણાવ્યું.

'તો હવે આપણો કાર્યક્રમ શો?' ચૅરી–જિરાર્ડે

પુછ્યું.

'પ્રથમની માફક જ.—જાણેકે આપણે કાંઇ સાંભળ્યું જ નથી. આપણે તો નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે પર્વતની ધારોએ પહોંચીએ ત્યાં સુધી—અને આગળ પણ—મુકરર કરેલાં સ્થળોએ ખોરાક તથા બળતણ મુકતાં જવું. અને પછી ખાસ ચુનંદા અમુક મજબુત માણસો જ મારી સાથે ધ્રુવની શોધ માટે આગળ ધપે; બાકીના પાછા વળે: કેમકે ઠેઠ સુધી બધાને ચાલે તેટલો ખોરાક આપણી સાથે ખેંચી જવો અશક્ય છે.' સ્કૉટે ખુલાસો કર્યો.

શૅકલ્ટને શોધેલે રસ્તે થઇ દક્ષિણ ધ્રુવ પહોંચવાના અને ત્યાં બ્રિટિશ સામ્રાજ્યનો વાવટો રોપવાના વિચારથી આખું ઈંગ્લંડ ખળભળી ઉઠ્યું હતું. આખા સામ્રાજ્યમાંથી વીણી કાઢેલા ૬૫ ચુનંદા સાહસિક યુવાનોના આ સંઘને વિપુલ સામગ્રીઓથી અને વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધોનાં સાધનો વડે સજ્જ કરી, ઉત્તર ધ્રુવની શોધના સાહસ માટે પંકાએલા બાહોશ શોધક કૅપ્ટન સ્કૉટની સરદારી તળે દક્ષિણ ધ્રુવ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. એ ૬૫માં એક્કે એવો નહોતો કે જેણે દુનિયાનો એક નહિ તો બીજો ભાગ ન શોધ્યો હોય. વળી ઓછી સામગ્રી તથા સગવડવાળા નૉર્વેના સંઘને હરાવવા માટે બ્રિટિશ સામ્રાજ્યે પોતાના તમામ ભંડારો આ સંઘ આગળ ખુલ્લા મુકી દીધા હતા. દક્ષિણ ધ્રુવે પ્રથમ પહોંચવા માટે આ કાંઈ નાનુંસુનું આકર્ષણ નહોતું. છતાં સંઘના દરેક માણસની જિંદગી માટે પોતે જોખમદાર છે તે વિચાર આગળ માન અને પ્રશંસાના વિચારો સ્કૉટે દૂર મુકી દીધા હતા. ખરી મરદાનગીથી જરુર કામ કરવું, પણ કીર્તિ, માન અને પ્રશંસાના લોભથી તો દૂર જ રહેવું, એ તેનો સિદ્ધાંત હતો.

શિયાળાના લાંબા મહિના આ સંઘ કેપ ઇવાન્સમાં જ પડી રહ્યો. આજુબાજુ સફેદ બરફ અને નિષ્પ્રાણ નિર્જનતા તેમને ઘેરી રહી હતી. કૅમ્પબેલના છેલ્લા પત્ર પછી તેમણે નૉર્વેના સંઘ બાબત કાંઇ સાંભળ્યું નહોતું. કેપ ઇવાન્સથી ૭૦૦ માઇલ દૂર દક્ષિણ ધ્રુવ આવી રહ્યો હતો. આ અંતરની વચ્ચે બરફથી સફેદ જમીન, બરફથી છવાએલા પર્વતો, બરફથી ઢંકાએલી ગુફાઓ અને ખીણો તથા ચારે બાજુ આવી રહેલી સફેદ ક્ષિતિજરેખાઓ સિવાય બીજું કાંઇ જ દૃષ્ટિગોચર થતું નહોતું. બરફની રજને આમતેમ વાવાઝોડામાં ઉડાડી સર્વત્ર બરફનાં સફેદ મોજાં બનાવી મુકતો સખ્ત ઠંડો પવન સતત વાયા કરતો હતો. આ બરફ એવો તો પોચો હતો કે સ્લેજ-ગાડી પણ તેમાં મહા મુસીબતે ચાલી શકતી હતી. વળી ગાડીના આરા અને ધરીમાં બરફનાં કણો એવાં તો સજ્જડ ચોંટી જતાં કે કુતરા કે ટટ્ટુ પણ તેને ખેંચતાં હતાશ થઈ જતાં.

આ સાહસમાં તેમની ફતેહનો એકમાત્ર આધાર ખોરાક અને બળતણની વ્યવસ્થા ઉપર હતો. દર દસ માઈલને અંતરે બળતણ તથા ખોરાક એવી રીતે ગોઠવતાં જવાં કે પાછા ફરતાં કાંઈ અડચણ ન આવે. કેપ ઇવાન્સમાં એક મજબુત છપ્પર ઉભું કરવામાં આવ્યું હતું અને તેની અંદર આ આખા સંઘને પુરાં બે વર્ષ ચાલે એટલો ખોરાક ભરવામાં આવ્યો હતો. વળી ટટ્ટુઓ માટે વિજ્ઞાનની રીતે ખાસ તૈયાર કરેલ જોગાણ પણ તેટલા જ પ્રમાણમાં લાવવામાં આવ્યું હતું. સને ૧૯૧૧ નું લગભગ આખું વર્ષ ધ્રુવ ઉપરની ચડાઇની તૈયારીમાં તથા જાણીતા માર્ગ પર ખોરાક ગોઠવવાના કામમાં કેપ ઇવાન્સમાં પસાર થયું. મનુષ્યબુદ્ધિ જેટલી કરી શકે તેટલી સગવડો કરવામાં આવી હતી. વર્ષનો એવો સમય પસંદ કરવામાં આવ્યો હતો કે જ્યારે ઠંડી અને વાવાઝોડાં ઓછાં હોય. પણ કુદરત કયે વખતે શું કરશે તે કોણ કહી શકે?

અંતે, સને ૧૯૧૧ની ૧લી નવેમ્બરે કુતરાં, ટટ્ટુ અને માણસોનો એક સંઘ લાંબી હારમા દક્ષિણ ધ્રુવની શોધ મા કેપ ઇવાન્સથી ઉપડયો અને પાછળ રહેલાં માણસોએ ફતેહની ગગનભેદી ગર્જનાથી તેને વિદાયગીરી આપી.

કેપ ઇવાન્સથી પર્વતોની ધારો સુધી ખોરાક ગોઠવવાના કામમાં ઘણાં ટટ્ટુ મરી ગયાં હતાં;—માત્ર નવ જ બાકી રહ્યાં હતાં. તેમાંનું એક ટટ્ટુ તો મજલને ચોવીસમે દિવસે જ મરી ગયું. પછી તો એક પછી એક મરણને શરણ થવા લાગ્યાં. તેનો ઉપયોગ કુતરા અને માણસોના ખોરાકમાં કરવામાં



કેપ ઈવાન્સમાંના પડાવગાંની પોતાની નાનકડી ઓરડીમાં ડાયરી લખતો કેપ્ટન સ્કૉટ

આવ્યો. રસ્તો ઘણો જ ખરાબ હોવા છતાં આ સંઘે તા. ૧૧મા ડિસેમ્બર સુધીમાં સારી મજલ કરી. હવે કુતરા સ્લેજ–ગાડી ખેંચવાનું કામ કરી શકે તેમ નહોતું તેથી તેમને મી. મીઅર્સ સાથે પાછા મોકલવામાં આવ્યા અને બધો સામાન ત્રણ સ્લેજ–ગાડીમાં ગોઠવી તે ખેંચવાનું કામ બાકી રહેલાં બાર માણસોએ માથે લીધું. આ બાર માણસમાંથી પણ પર્વતની ધારોએ પહોંચ્યા પછી તો માત્ર ચાર અથવા પાંચને જ પસંદ કરવાના હતા; કેમકે છેલ્લી મુસાફરીમાં જેમ માણસો થોડાં, તેમ સાથે લઇ જવાનો ખોરાક પણ થોડો, એટલે ખેંચવાનું વજન પણ થોડું. અને બધી ફતેહનો આધાર થોડા વજન અને સારા ખોરાક ઉપર જ હતો. અગિયાર દિવસ પછી એક સ્લેજ–ગાડી અને ત્રણ માણસોને પાછાં મોકલવામાં આવ્યાં; અને ૪થી જાન્યુઆરીએ બે ગાડી ને નવ માણસો દક્ષિણ ધ્રુવથી ૧૫૦ માઇલ દૂર આવેલ પર્વતની ધારોએ પહોંચ્યાં.

અહીં હવે નવમાંથી પાંચ માણસની પસંદગી કરવાની હતી કે જેમને કદાચ દક્ષિણ ધ્રુવ શોધવાનો યશ મળે. આ કામ કૅપ્ટન સ્કૉટ માટે ઘણું જ કઠિન હતું. આટલે દૂર અને ધ્રુવની આટલે નજીક આવ્યા પછી કોઇને પાછા ફરવાનું કહેવું એથી વધુ નિરાશાજનક બીજું શું હોઇ શકે? પણ આ પાંસઠે જણમાં સાચા ખેલાડીનો જુસ્સો હતો. તેમાંના એકકેને અંગત માનની પરવા નહોતી. પરવા હતી માત્ર કાર્ય પાર પાડવાની, દેશની આબરૂ જાળવવાની. વળી વધુ વિકટ કામ તો હવે જ હતું. અહીંથી ધ્રુવ સુધીનો મુલક તદ્દન અજાણ્યો હતો. શૅકલ્ટન આથી સહેજ જ આગળ ગયો હતો. તેઓ લગભગ ૧૦૦૦૦ ફુટ ઉંચે આવી પહોંચ્યા હતા, છતાં પર્વતની ધારો હજી વધુ ને વધુ ઉંચે જતી હતી, અને તે કેટલી ઉંચાઇએ પહોંચશે તેની કોઇને ખબર નહોતી. જેમજેમ ઉંચે જાય તેમતેમ ઠંડી અને તોફાન વધતાં જતાં હતાં. ગાડી ખેંચવા માટે હવે ટટ્ટુ કે કુતરા નહોતાં. વળી, જતી વખતે ખાવા માટે તથા વળતાં પણ કામમાં આવે એ માટે સાથે બે વખતનો ખોરાક લઇ જવાનો હતો. લોખંડી સ્નાયુઓ અને મજબુત શરીર જ માત્ર આ સફર માટે પુરતાં નહોતાં. કાર્ય સિદ્ધ કરવાના અડગ મનોબળની એથી પણ વધારે જરૂર હતી. આ બધો વિચાર કરી સ્કૉટે પોતાની પસંદગી કરી. તે પોતાના ચારે મિત્રોનાં વર્ણન આપતાં લખે છે કેઃ

'(૧) ડૉ. વિલ્સનઃ સને ૧૯૦૪માં ઉત્તર ધ્રુવની શોધમાં મારો સાથી હતો. મેં તેના જેવો ઉત્તમ

ચારિત્ર્યવાન માણસ કદિ જોયો નથી. જેમજેમ તેનો સહવાસ વધે છે તેમતેમ તેને માટે માન વધે છે.

(૨) બાવર્સઃ જોકે કદમાં તે સૌથી નાનો છે, છતાં સૌથી વધુ મજબુત તે છે. તેના નાના મજબુત શરીરને કોઇ ચીજ ઈજા કરી શકતી નથી. તેની શક્તિ અગાધ છે ને અમને તે એક ખજાના રૂપ છે.

(૩) ઈવાન્સઃ સૌથી વિશેષ જોરાવર છે. સ્લેજ-ગાડી તેના જેટલી કોઇ ખેંચી શકતું નથી. તે પોતાનું કામ જલદી પુરૂં કરી બીજાને મદદ કરવા હમેશાં તૈયાર હોય છે.

(૪) ઓટ્સઃ ઓટ્સની પસંદગી પ્રથમ ટટ્ટુની માવજત માટે કરવામા આવી હતી. ટટ્ટુ સંબંધી તેનું જ્ઞાન ઘણું છે. તે ટટ્ટુ સાથે જ બધો વખત રહે છે; કેટલીક વાર સુએ છે પણ સાથે. જ્યારે ટટ્ટુ મરી ગયાં ત્યારે ઘડીભર એમ લાગ્યું કે હવે આ સંઘમાં તેની જરૂર નથી. પણ સ્લેજ-ગાડી ખેંચવામાં પોતે સૌમાં ઉત્તમ છે એવું તેણે થોડા જ વખતમાં બતાવી આપ્યું, અને તેથી છેલ્લી પસંદગીમાં તેનું નામ આવ્યું.'

દક્ષિણ ધ્રુવથી માત્ર દોઢ સો માઇલ દૂરના એ પડાવથી, બાકીનાં માણસોની છેલ્લી ટુકડી પાછી ફરી અને એક ગાડી અને આ પાંચ જણાએ મુસાફરી શરૂ કરી. હવે જ તેમને ખરી મુશ્કેલીનું ભાન થવા લાગ્યું. ધીમેધીમે બરફનો વરસાદ પડ્યા કરતો હતો. સખ્ત ઠંડો પવન જોસભેર ફુંકાતો હતો. ખોરાક ભરેલી સ્લેજ-ગાડી વજનમાં બહુ જ ભારે થઈ ગઇ હતી અને અવારનવાર તે બરફમાં ઉંડી ઉતરી જતી હતી. કોઇકોઇ વાર તો બરફની ધારોમાંથી ઉંધી વળી જાય તેમ થતું હતું. રસ્તો ખરાબ હોવાથી તેમને ચાલવાને બદલે લગભગ કુદવું પડતું હતું; અને કેટલીક વાર બરફનાં તોફાન એવા તો જોરથી શરૂ થતાં કે તેમને રાવટી ઉભી કરી લાંબા વખત સુધી તેમાં જ ભરાઇ રહેવું પડતું. આવા સંજોગોમાં, આ પાંચ સાહસિક વીરો, જાણે પાંડવો હિમાચળ ગળવા જતા હોય એમ, મહામુસીબતે પણ હીમતભેર દર અગિયાર કલાકે માત્ર બાર માઇલને હિસાબે આગળ વધતા હતા. એટલામાં સ્લેજ-ગાડી સમી કરતાં ઇવાન્સનો હાથ ઘવાયો. અને તેમાં ઠંડી દાખલ થવાથી પીડા અસહ્ય થઈ પડી.

જેમજેમ તેઓ આગળ જતા ગયા તેમતેમ ગાડીનો ભાર ઓછો થતો ગયો; કેમકે દર દસ માઇલે તેઓ ખોરાક અને બળતણ માટે પેટ્રોલ મુકતા જતા અને પાછા ફરતી વેળા એ સ્થળ જલદી જડે એટલા માટે તેના ઉપર પથ્થરનો મોટો ઢગલો કરતા જતા. હવે તો તેઓ પર્વતની ઉંચામાં ઉંચી ધારે પહોંચી ગયા હતા અને આગળ રસ્તો ઢાળવાળો હોઈ ગાડી ખેંચવાનું સહેલ હતું. છતાં સૌ એટલા બધા નબળા પડી ગયા હતા કે હલકી થએલી ગાડી અને ઢોળાવનો રસ્તો પણ તેમનું કામ સહેલું કરી શકયાં નહિ. ૧૬મી જાન્યુઆરીએ તેઓ ધ્રુવથી માત્ર ૨૭ માઇલ દૂર હતા. માત્ર બે જ મજલ---અને ફતેહ તેમની સમક્ષ હતી!

હવે ઍમંડસનની ટુકડીની વાતો વારંવાર થતી હતી. 'નૉર્વેજીઅનો ક્યાં ગયા હશે ? તેઓ ધ્રુવે પહોંચ્યા હશે કે નહિ ? તેમનો નવો માર્ગ કેવો નીવડ્યો હશે ?' આ બધા તેમની હમેશની ચર્ચાના વિષયો હતા. તેમના રસ્તામાં ઘણા દિવસોથી કોઇ માણસ ચાલ્યું હોય કે ધ્રુવ તરફ ગયું હોય તેવી નિશાની સરખી પણ મળી આવતી નહોતી. આથી દક્ષિણ ધ્રુવની શોધનો યશ પોતાના જ દેશને મળવાની તેમને આશા બંધાઇ.


આ ઉત્સાહમાં બીજે દિવસે વહેલી સવારે તેમણે દડમજલ કુચ શરૂ કરી. બપોર થતાં સુધીમાં તો તેઓ ધ્રુવથી ૨૦ માઇલ દૂર આવી પહોંચ્યા. એટલામાં બાવર્સે દૂર એક કાળું ટપકું જોયું. પ્રથમ તો તેણે તેને કુદરતી રીતે ગોઠવાએલો પથ્થરનો ઢગલો માન્યો, પણ તેમના દિલમાં તો ચોક્કસ એમ જ થયું કે તેમની આશા ધૂળ ભેગી મળી ગઇ હતી. થોડો વખત આગળ ચાલ્યા પછી તેમની ચોક્કસ ખાતરી થઇ કે તે એક દંડ સાથે બાંધેલો કાળો વાવટો છે. હવે તો આજુબાજુ જમીન ઉપર સ્લેજ-ગાડી અને માણસોનાં પગલાંની પુષ્કળ નિશાનીઓ જણાવા લાગી.

આટલું જોખમ ખેડ્યા પછી અને આટઆટલી મુશ્કેલીઓ વેઠ્યા પછી આ નિરાશાનો ઘા ઘણો ભારે હતો. તે રાત્રે તેઓને બીલકુલ ઉંઘ આવી નહિ. ધ્રુવની નજીક આટલા બધા આવ્યા તો હવે નૉર્વેના વાવટાની અડોઅડ બ્રિટિશ વાવટો પણ રોપવો જ જોઇએ એમ તેમને લાગ્યું, અને બીજે દિવસે તેઓ

બરાબર દક્ષિણ ધ્રુવ ઉપર પહોંચ્યા.

ધ્રુવથી બે માઇલ દૂર તેમણે એક નાનો તંબુ જોયો. તેમાં પાંચ નૉર્વેજીઅનો સ્કૉટને માટે એક પત્ર મુકી ગયા હતા. તેમાં ધ્રુવ સંબંધી બરાબર અક્ષાંશવાર વર્ણન તથા પાંચે શોધક નૉર્વેજીઅન વીર નરોનાં નામ હતાં. આ લોકોએ બીજે આખો દિવસ ધ્રુવની આજુબાજુમાં પસાર કર્યો.

સાચા ખેલાડીની ઉદારતાથી સ્કૉટે પોતાની ડાયરીમાં ઍમંડસન માટે નીચે પ્રમાણે નોંધ કરી: નૉર્વેજીઅનોએ બરાબર દક્ષિણ ધ્રુવ શોધી કાઢ્યો છે. હું માનું છું કે દક્ષિણ ધ્રુવ દરિયાની સપાટીથી ૯૫૦૦ ફીટ ઉંચો છે.



બ્રિટિશ સામ્રાજ્યનો વાવટો રોપી, નિરાશ થએલા આ પાંચ સાહસિકોએ 'દક્ષિણ ધ્રુવે પોતે થોડા મોડા પહોંચ્યા' એ સમાચાર દેવા પાછી કેપ ઇવાન્સ તરફ ૭૦૦ માઇલની લાંબી મુસાફરી શરૂ કરી. કુદરતની પણ એક બલિહારી જ ને, કે આજ દિવસ સુધી અનેક પ્રયત્નો કર્યા છતાં દક્ષિણ ધ્રુવ અભેદ્ય અને દુર્ગમ રહ્યા; અને જ્યારે પહોંચ્યા ત્યારે છેલ્લા એક જ માસમાં બે પ્રજાના પાંચપાંચ માણસો ત્યાં પહોંચી શકયા !

નિરાશ હૃદયે અને નિર્બળ પગલે સ્કૉટની ટુકડીએ આવ્યા હતા તે જ રસ્તે પાછી મુસાફરી શરૂ કરી. દિવસેદિવસે ખોરાકનો ભાર ઓછો થતો હતો અને પાછળથી પવન ફૂંકાતો હતો, એટલે ચાલવામાં વિશેષ અનુકુળતા આવતી; છતાં રસ્તાની મુસીબતો તો તેની તે જ હતી. પહેલા સો માઇલ તો જોતજોતામાં પુરા થઇ ગયા. માત્ર ઇવાન્સને નાકે ઠંડી લાગી ગઇ હતી તે જ ચિંતાનું કારણ હતું.

પણ ૨૧મી જાન્યુઆરીએ બરફનું મહા ભીષણ તોફાન શરૂ થયું. છેક બપોર સુધી તેમને તંબુમાં ભરાઇ રહેવું પડયું. બપોરના ચાર કલાકમાં તેઓ માત્ર ૭ માઇલ જઇ શકયા. તેઓ ધારોની ટોચે પહોંચ્યા ત્યારે ઇવાન્સ અને ઓટ્સ લોથપોથ થઇ ગયા હતા અને ડૉ. વિલ્સનની આંખોમાં ઠંડીને લીધે સખ્ત પીડા શરૂ થઈ હતી.

આટલેથી જ તેમની મુસીબતો ઇ અટકી નહિ. દક્ષિણ ધ્રુવનાં હીમ–કટિબંધનાં તોફાનોએ તો તેમનો સજ્જડ પીછો લીધો. સખ્ત ઠંડી સાથે એવો જોસભેર

પવન ફૂંકાતો હતો; ઝીણી રેતી અને બરફનાં કણ એવાં તો ઉડતાં હતાં અને સૂર્ય વગરના વિચિત્ર પ્રકાશમાં વસ્તુઓ એવી તો વિચિત્ર સ્વરૂપમાં દેખાતી હતી કે આ સાહસિકોને જાણે મોત ગળી જવા ધસ્યું આવતું હોય તેવું ભાસતું હતું.

આટલી મુશ્કેલીઓ હજુ જાણે પુરતી ન હોય તેમ ડૉ. વિલ્સનનો પગ મરડાયો અને તે સ્લેજ-ગાડી ખેંચી શકે તેમ રહ્યું નહિ. બરફથી ઢંકાએલા એક ખાડામાં સ્કૉટ પડયો અને તેનું આખું શરીર જખમી થયું. ઈવાન્સનો હાથ હજુ સારો થયો ન હતો ત્યાં એને વિશેષ ઠંડી લાગવાથી તે તદ્દન નકામો થઈ ગયો. વળી તે એક મોટા ખાડામાં પડી ગયો જેમાંથી તેને મહા મહેનતે બહાર કાઢી શકાયો. ફરીવાર તે અને સ્કૉટ બીજા ખાડામાં પડી ગયા; અને ત્યાર પછી ઇવાન્સ એવો તો લોથ થઇ ગયો કે તે માંડમાંડ પાછળ ચાલતો, બીલકુલ બોલતો નહિ અને તેનો હમેશનો હસતો ચહેરો ગમગીન થઈ ગયો હતો. અંતે ઓટ્સના પગને પણ ઠંડી લાગી, તેમાં ફરતું લોહી અટકી ગયું અને સખ્ત શૂળ શરૂ થયું.

૨૧ દિવસમાં તેઓ પર્વતની ધારો ઓળંગી ગયા અને સ્કૉટે આશા બાંધી કે હવે ઠંડી કાંઇક ઓછી થશે અને તોફાન શાંત પડશે. દિવસેદિવસે ઇવાન્સની તબિયત ખરાબ થવા લાગી. અત્યાર સુધી તો તેમને મુકેલો ખોરાક જડતો હતો, પણ તા. ૧૧ મી ફેબ્રુઆરીએ તેઓ એક અતિ વિકટ માર્ગે આવી પહોંચ્યા. ત્યાં બરફ બહુ જ પોચો અને લપસણો હતો ને ખાઇઓ આડીઅવળી એવી તો આવી રહી હતી કે તેમાંથી માર્ગ શોધવો બહુ જ મુશ્કેલ હતો. પ્રકાશ એવો તો વિચિત્ર હતો કે કોઇ વસ્તુનો અસલ આકાર કે રંગ દેખાય જ નહિ: બધી વસ્તુઓ ઘણા જ વિચિત્ર આકારની દેખાતી હતી. આ સ્થિતિમાં બીલકુલ આગળ ચાલી શકાય તેમ નહોતું. તેથી તેમને મુળ દિશા પડતી મુકી રસ્તાની બીજી બાજુ પ્રયાણ કરવી પડી. આનું પરિણામ એ આવ્યું કે જ્યારે આગળ જતાં તેઓ મુળ રસ્તે આવ્યા ત્યારે તેમણે મુકેલો ખોરાક તેમને જડયો નહિ. પરિણામે ઇવાન્સની તદ્દન ખરાબ તબિયતે અને ખોરાકની તંગી અને ભયંકર તોફાને તેમને હતાશ કરી મુકયા. રાત્રે થોડોક ખોરાક લઈ ચ્હા પીને તેઓ પડી રહ્યા ને બીજી સવારે આગળ ચાલ્યા.

હવે તો ઇવાન્સ સૌની સાથે ચાલી પણ નહોતો શકતો. પડવાથી તેના મગજ ઉપર બહુ જ ખરાબ અસર થઇ હતી. તે કાંઇ પણ ફરિયાદ નહિ કરતાં સૌને આગળ ચાલ્યા જવા આગ્રહ કરતો હતો. બપોરે તેઓ બધા ચ્હા માટે અટકયા ત્યારે ઈવાન્સ પાછળ કયાં ય દેખાતો નહોતો; તેથી બે જણા તેની શોધમાં ગયા. બે માઇલ ઉપર તે બરફમાં પડયો હતો. ઠંડીથી તેનું શરીર બહેર મારી ગયું હતું અને તેને બીલકુલ ભાન નહોતું. સ્લેજ-ગાડીમાં નાખી તેને કૅમ્પમા લાવવામા આવ્યો; પણ તે જ રાત્રે તેમનામાં સૌથી વધુ મજબુત એ ઈવાન્સનો આત્મા તેનું શરીર છોડી ચાલ્યો ગયો.

હવે જોકે એક માંદા માણસનો બોજો ઓછો થયો હતો, પણ એટલાથી જ કાંઇ મુસીબત ઓછી થઇ નહિ. કુદરતી રીતે જ્યારે હવા સારી હોવી જોઇએ ત્યારે ઠંડી અને તોફાન તેમનાં દુશ્મન બની ઉભાં. વળી તેમણે ખોરાક પણ એવી રીતે ગોઠવ્યો હતો કે તે મેળવવા માટે અમુક મજલ તો કરવી જ જોઇએ, ને એ કરવાની તાકાત હવે તેમનામાં ઓછી થતી જતી હતી. આ બધું સહન કરવા અને ગાડી ખેંચવા માટે સારા ગરમાગરમ ખોરાકની ખાસ જરૂર હતી. પણ દુર્દૈવવશાત્ બન્યું એવું કે જ્યાંજ્યાં તેમણે પેટ્રોલ મુકયું હતું ત્યાં બધે વાસણનાં ચામડાનાં વાઇસર ખવાઇ જતાં તે ઉડી ગયું હતું; એટલે હવે સ્ટવ સળગાવી ખોરાક ગરમ કરવાની તો આશા જ રહી નહોતી. પરિણામે તેમનું બળ ધીમેધીમે ઓછું થવા લાગ્યું.

ઓટ્સના પગને લાગેલી ઠંડીએ હવે ભયંકર સ્વરૂપ પકડવા માંડયું. એક પગલું ભરતાં પણ તેને અસહ્ય વેદના થતી. માર્ચની શરૂઆતમાં પોતાની ડાયરીમાં નોંધ કરતાં સ્કૉટ જણાવે છે કે 'ઓટ્સ હવે કદિ સ્લેજ ખેંચી શકે તેમ હું માનતો નથી. દરેકને ભાગે એટલું બધું કરવાનું છે કે અમે એકબીજાને કાંઇ જ મદદ કરી શકતા નથી. અમે ઠંડા પડતા જઇએ છીએ. ગરમ કપડાંની આરપાર ઠંડો પવન અમને કંપાવે છે. તંબુમા હોઇએ છીએ તેટલી વાર અમે બધા આનંદ કરીએ છીએ. પણ આ રમત



સવારે વહેલા ઉઠી પોતાના મિત્રોની છાની વિદાય લઇને પડતા બરફના ભયંકર તોફાનમાં તે ચાલ્યો ગયો.
મિત્રોને બચાવવા ઓટ્સે પોતાનું બલિદાન દીધું

તો હવે પુરી રમ્યે જ છુટકો. આવી આકરી રમત અમે કદિ રમ્યા હોઇએ એવું મને યાદ નથી. અમે આ ત્રાસદાયક રસ્તો મહા મહેનતે કાપીએ છીએ. થાકેલા, ઠંડીથી કંપતા, કંગાલ છતાં બહારથી હસવાનો યત્ન કરતા અમે લથડતા લથડતા આગળ ચાલ્યે રાખીએ છીએ. અને બીજું તો શું ? પ્રભુ સહાય કરો.'

તા. ૧૪મી માર્ચે ઓટ્સને પગની પીડા બહુ જ વધી. તે વારંવાર પોતાના સાથીઓને વિનવવા લાગ્યો કે 'તમે બધા ચાલ્યા જાઓ. તમે મારી સાથે ધીમે ચાલશો તો ખોરાકવાળે સ્થળે વખતસર નહિ પહોંચો અને ભુખ તથા ઠંડીથી મરી જશો. આગળ જશો તો તેલ જડશે ને તમે જીવશો. હું તો નહિ જ ચાલી શકું.' પરંતુ 'મરવું કે જીવવું, પણ સૌએ સાથે' એ આ સાહસિક નરોનો સિદ્ધાંત હોઈ તેમણે તેને છોડી જવાની ચોખ્ખી ના પાડી. પોતાના સાથીઓનું આવું મક્કમપણું જોઇ ઓટ્સે ચાલવા માટે પોતાનાથી બનતો યત્ન કર્યો. પડતો આખડતો, દરેક પગલે થતી અસહ્ય વેદના સહન કરતો, તે મહા મહેનતે તેમની સાથે રાવટીએ પહોંચ્યો. આ મહેનતથી તેની તબિયત રાતમાં બહુ જ બગડી. સવારે વધુ ખરાબ થવાની બીક હતી. 'પોતાની સાથે રહેવાથી પોતાના મિત્રો વિનાકારણ મરી જશે: પોતે જો નહિ ચાલી શકે તો તેઓ બધા તેની સાથે બેસી રહેશે અને તેથી નજીકના ખોરાકના સ્થળે પહોંચાશે નહિ; અને સાથે જે થોડોઘણો ખોરાક ને તેલ છે તે થઇ રહેશે ત્યારે સૌને માટે મૃત્યુ સિવાય બીજું શું ? તેમને બચાવવા મારે પોતે મરવું જ જોઇએ:'—આવા વિચાર કરી, વહેલી સવારે જ્યારે બહાર જોસથી બરફ પડતો હતો ને તોફાની પવન ફુંકાતો હતો ત્યારે તે ઉઠ્યો, સુતેલા મિત્રોની છુપી વિદાય લીધી અને પડતા બરફમાં ને ભયંકર તોફાનમાં ચાલ્યો ગયો—મિત્રોને બચાવવા. ગયો તે ગયો; તે કદિ પાછો ફર્યો જ નહિ.

પણ તેનું આ બલિદાન નિરર્થક ગયું.

ખોરાકનું મથક વનટન ડીપો અગિયાર માઇલ દૂર રહ્યું ત્યાં સુધી તો તેઓ જેમતેમ કરીને પહોંચ્યા. તેમની પાસે હવે એક જ દિવસ ચાલે તેટલું તેલ હતું અને બધાને સખ્ત ઠંડી લાગી ગઇ હતી. ઠંડીથી સ્કૉટનો પગ નકામો થઇ ગયો હતો. તેવી જ સ્થિતિ

વિલ્સન અને બાવર્સની હતી. છતાં વિલ્સને અગિયાર માઈલ જઈ ખોરાક ને તેલ લઈ આવવાનું બીડું ઝડપ્યું.

વહેલી સવારે બધાએ ઉપડવાનું નક્કી કર્યું. પણ સવાર પડતાં બરફનું તોફાન એવા તો જોરથી શરૂ થયું કે તેઓ તંબુ છોડી શકે તેમ રહ્યું જ નહિ. તેમણે આખો દિવસ તોફાન મટવાની રાહ જોઈ, પણ નિષ્ફળ! બીજે દિવસે પણ તોફાન તો ચાલુ જ રહ્યું. સ્કૉટની ડાયરીમાં તા. ૨૮ અને ૨૯મી માર્ચ એ છેલ્લી તારીખો નીકળે છે. તે લખે છે: 'અમે દરરોજ નીકળવા તૈયાર થઈએ છીએ, પણ તંબુની બહાર તેનું તે ભયંકર તોફાન મચી રહ્યું છે. ખોરાક અને તેલ અગિયાર માઈલ દૂર છે, પણ ત્યાં પહોંચાય કેમ? અમે બધા નબળા અને ઠંડા પડતા જઈએ છીએ અને મૃત્યુ દૂર હોય તેમ લાગતું નથી. હું હવે વધુ લખી શકતો નથી. અફસોસની વાત છે.'

ж ж

આઠ મહિના સુધી જ્યારે દક્ષિણ ધ્રુવના આ સાહસિકોના કાંઈ જ સમાચાર આવ્યા નહિ ત્યારે મદદ માટે સર્જન ઍટકિન્સનની સરદારી નીચે એક ટુકડી નીકળી પડી. તેમણે વનટન ડીપોથી દક્ષિણે અગિયાર માઈલ દૂર એક તંબુમાં ત્રણ મડદાં જોયાં. જાણે નિદ્રાધીન હોય તેમ સ્કૉટ, વિલ્સન અને બાવર્સ ત્રણે સુતા હતા. સ્કૉટ સૌથી છેલ્લો મરી ગયો હોય તેમ લાગતું હતું; કેમકે તેણે બધી ડાયરી અને નોંધપોથી પોતાના ખભા નીચે ગોઠવી હતી અને ઓઢવાનું લુગડું દૂર કરી પોતાના મિત્ર વિલ્સનને બાથ ભીડી તે સુતો હતો.

આમ આ સાહસિકો, દક્ષિણ ધ્રુવની પરમ શીતળ શાન્તિમાં, પોતાના સાહસની પછવાડે એ ધ્રુવના જેટલી જ અચળ અમર નામના મુકીને મરણને શરણ થયા. જે સ્થળેથી ઓટ્સ રાત્રે મરવા નીકળી ગયો હતો તેની નોંધ પણ સ્કૉટે ડાયરીમાં કરી હતી. તેને આધારે ઍટકિન્સને બરફમાં ઓટ્સના શરીર માટે તપાસ કરી, પણ વ્યર્થ ગઈ. એટલે લગભગ તે જગ્યા પર તેનું સ્મારક ઉભું કરવામાં આવ્યું અને તે પર નીચેનો શીલાલેખ મુક્યો:

'લગભગ અહીં, કૅપ્ટન. એલ. ઈ. જી. ઓટ્સ મરણ પામ્યો છે. ૧૯૧૨ના માર્ચ માસમાં ધ્રુવથી પાછા ફરતાં, દુઃખથી ઘેરાએલા પોતાના મિત્રોની જીંદગી બચાવવા, તેણે રાજીખુશીથી બરફના ભયંકર તોફાનમાં પોતાની આહૂતિ આપી.'

આજે પણ બરફની કાળ સમ વિકરાળ ધારોને જોતો, નવ ફીટ ઊંચો એક ક્રૉસ આ સાહસિકોના સ્મરણાર્થે પર્વતના એક ઉંચા શિખર પર ઉભો છે. તે પર આ પ્રમાણે લેખ છે: કૅપ્ટન સ્કૉટ, ડૉ. વિલ્સન, કૅપ્ટન ઓટ્સ, લૅફ્ટેનન્ટ બાવર્સ ને ઑફિસર ઈવાન્સ ૧૯૧૨ના માર્ચમાં ધ્રુવથી પાછા ફરતાં મૃત્યુ પામ્યા તેમના સ્મરણાર્થે.

To strive, to seek, to find, and not to yield.

(અંગ્રેજી ઉપરથી) **ગજાનન ઉ. ભટ્ટ**

અથાણું

તનુ રોજ લાયબ્રેરીમાં આવે અને રોજ એની એ ચોપડી ઉઘાડી એનું એ પાનું કાઢી ધરાઈ ધરાઈને હસે.

એક જણે આ જોયું ને એને જાણવાની ઈચ્છા થઈ કે રોજ આ છોકરો શું જોઈને હસે છે? તનુની પીઠ પાછળ ઉભા રહી એણે ચોપડીમાં જોયું. એક ચિત્રમાં નાના છોકરા પાછળ આખલો દોડતો હતો.

પેલો માણસ તો એને પુછવા જ જતો હતો કે આમાં હસવા જેવું શું છે; ત્યાં તો એ ભાઈ આખલા સામે હાથ લંબાવીને બબડ્યા કે 'હેઠ ઢાંઢા! એક આવડા અમથા છોકરાને હજી આટલા દિવસથી નથી પકડી પાડ્યો?'

ж

મા—કેમ કાન્તિ, ના પાડી'તી તો યે પાછો નદીમાં નાહ્યો કે?

કાન્તિ—મા, હું નદીમાં પડી ગયો'તો, જાણીને નથી નાહ્યો.

મા—પણ તારાં કપડાં તો ભીંજાએલાં નથી!

કાન્તિ—એ તો તું વઢે એટલા માટે પડી જતાં પહેલાં જ કાઢી નાખ્યાં હતાં!

ж

મુનીમ—શેઠ, આગે પેલા ધર્માદા ફંડમાં ૧૦ રૂપિયા ભર્યા તેમાં તમારૂં નામ કેમ ન લખાવ્યું?

શેઠ—નામ લખાવું તો એ વાંચીને વળી બીજા માગવા આવે. એટલું યે તમે સમજી ન શક્યા?

ж

મા—અરે, અરે, આ છોકરી બેઆની ગળી ગઈ!

બાપ—બેઆની ક્યાં પડી'તી?

મા—તમારા ટેબલ ઉપર.

બાપ—ત્યારે ફિકર નહિ. એ તો ખોટી હતી. રાતના કોઈએ ધાબડી'તી!



ધપતા રહો

કોઈ મોટા શહેરના ધમાલવાળા ગીચ રસ્તા પર તમે નીરાંતે એક ખુણે ઉભા હો, અથવા લહેરથી ટેલતાટેલતા ચાલતા હો ને પોલિસ તમને ટપારીને કહે કે 'ચલો, આગે બઢો'; અથવા કોઇ ટ્રામ કે મોટર બસમાંથી ધીમેધીમે બાદશાહી રીતે તમે ઉતરતા હો ને કંડકટર તમને ચેતવે કે 'જરા શિતાબી રકખો';—ત્યારે તમને ઘડીભર વસમું લાગે છે; તમારા સ્વાતંત્ર્ય પર તરાપ પડતી લાગે છે; લોકોની હાજરીમાં તમને આમ ટોકીને તમારૂં માનભંગ કરતા એ પોલિસ કે કંડકટર પર તમને ચીડ ચડે છે.

પણ તમને ખબર નહિ હોય, કે પોતાની ફરજ બજાવતા, સમાજની વ્યવસ્થાના આ રખેવાળો તમને આગળ ધપવાનું ફરમાવતી વખતે સાથોસાથ, અજાણ્યે, કુદરતનું એક સનાતન ફરમાન ઉચ્ચારતા હોય છે. સામાજિક વ્યવસ્થા જાળવવા માટે માણસે રચેલા કાયદા કરતાં પણ કુદરતનો એ કાયદો

(અનુસંધાન પાછળ)

કૅલેંડરને ભુલી જાઓ; તારીખ, વાર અને વર્ષ ભુલી જાઓ. તમારી ઉમર શી થઈ એ જાણવું હોય તો તમારાં બદન તરફ જ જુઓ. તમારે હજી જીવનનાં કેટલાં પગથિયાં ચડવાનાં છે એ જુઓ. એ પગથિયાં કેટલાં ઉચાં છે તે તપાસો.

દાદરનાં પગથિયાં હમેશાં છ કે સાત ઇંચ ઉચાં હોય છે. પણ એ પગથિયાં તો વૃદ્ધ માણસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યાં હોય છે,—તમે એંશી વરસના થાઓ એ ધ્યાનમાં રાખીને. યુવાન માણસોએ તો એ પગથિયાં એક સાથે બબ્બે કે ત્રણત્રણ કુદી ઉપર જવું જોઇએ.

એ પગથિયાં તમે જે રીતે ચડો તે પરથી ૮૦ વરસની તમે કેટલા નજીક કે દૂર છો એની ખબર પડશે. તમને એ પગથિયાં એક પછી એક ધીમેધીમે ચડવાનું મન થાય તો જાણો કે અત્યારે તમે એંશીની ભરતીમાં આવી ગયા છો. પણ તમને એ પગથિયાં નીચાં લાગતાં હોય, સીડીને મથાળે ઉતાવળથી ચડવા તમે તલપાપડ થઈ રહ્યા હો, તમને દોડીને દાદર પર ચડી જવાની તાલાવેલી લાગી હોય તો દોડો—ખુશીથી દોડો અને કુદો. નાહક ધીમેધીમે ચડી ૮૦ વરસની ઉમરનાં પગલાં ન માંડો. એંશી વરસના વૃદ્ધ નર સિવાય કોઇએ પણ સીડી ધીમેધીમે ચડવી જોઇએ નહિ; એ પગથિયાં એમને જ માટે છે.

દરવાજા આજકાલ બહુ થોડા હોય છે અને તે માત્ર બુઢ્ઢાઓ માટે જ છે. યુવાનો માટે તો છે વાડો. કોઇ વાડ આગળ આવો ત્યારે તમારા મનમાં શો વિચાર આવે છે? જો તે કુદીને પાર જવાની તમને ઇચ્છા થાય તો જાણો કે તમે હજુ યુવાન છો. પછી કૅલેન્ડર ગમે તે કહે. વાડ કુદાવી તેની બહાર પડો. દરવાજા તો જેમને માટે બનાવ્યા હોય તેવા નબળા અને વૃદ્ધ માણસોને સારૂ રહેવા દો.

તમે જાણો છો કે બગીચા કે જંગલમા જાઓ ત્યાં વૃક્ષો તમને બોલાવે છે?—કુદરત તમને હાંક મારે છે? વૃદ્ધ માણસ માટે કોઈ એકાદ ઝાડ છાયા ને વિસામાનું સ્થાન છે. પણ જુવાનને તો જંગલનું દરેકેદરેક ઝાડ સાદ કરે છે કે 'ઓ આદમના બેટા! માર ઠેકડો અને ચડી જા મારા ઉપર.' જંગલનાં ઝાડ તમને એવી રીતે બોલાવતાં લાગે તો સમજજો કે તમારામાં યૌવન ભર્યું છે. બસ ચડી જાઓ!

આ બધી જે સલાહ હું તમને આપું છું તેથી તમારૂં ગાંભીર્ય જતું રહેશે, તમારો મોભો નહિ રહે એમ તમને લાગશે. જગતના ડાહ્યા બની આવું કરતાં તમે શરમાતા હશો. તમને દાદર ત્રણ ફાંડીએ દોડીને ચડવામાં, વાડો કુદાવવામાં, ઝાડ પર ચડવામાં હીણપત લાગતી હશે. પણ જુવાન રહેવાનો એક માત્ર આ જ નુસ્ખો છે. થનગનતી વયે તમે હીસાબ ગણવા બેસી જાઓ અને હવે પછીનાં વરસોમાં કેટલા ડાહ્યા અને ભારેખમ થવું તેની ગણતરી કાઢો તો યાદ રાખજો કે એ રીતે ત્રીસ વરસની વયે જ તમે ધીમા પગવાળા ડોસલા બની જશો. અને બીજી બાજુ, તમે માત્ર જો ઇચ્છશો તો ત્રીસ, ચાળીસ, પચાસ કે સાઠ વરસની ઉમરે પણ જુવાનીનો તનમનાટ માણી શકશો. માત્ર ઈચ્છવું જોઇએ. ઇચ્છો ને આચરો.

જીવન ઉલ્લાસ અને આનંદથી જીવવા માટે છે. જીંદગી એક અખાડો છે. તેમાં મર્દની માફક ખેલો. રખે ગંભીર અને ભારેખમ થતા. એમ કરશો તો બાજી બગાડશો,—જીંદગી વેડફી નાખશો.

—ડગલાસ ફેરબૅંક્સ

–આગળ ધપવાનું ફરમાન વધુ ઉંચું, વધુ વિશ્વવ્યાપી ને વધુ કડક છે. એ ગતિનો નિયમ માણસજાતની પણ ઉત્પત્તિ નહોતી થઇ તે દહાડાનો–અનાદિ છે, ને કાળની પાંખ વીંઝાતી રહેશે ત્યાં સુધી—અનંતકાળ લગી એ રહેવાનો છે. ખુદ કુદરત પણ તેનું ઉલ્લંઘન કરી શકતી નથી; ને માણસ જો એ તોડવાનો પ્રયત્ન કરે તો વિનાશ સિવાય એની કોઇ સજા નથી.

આ બ્રહ્માંડ આખું—સૂર્યમાળા, ગ્રહો નક્ષત્રો ને તારાઓ, પ્રચંડ જ્વાળાધથી માંડીને નાનામાં નાના છોડ સુધીની કુદરતની એકેએક કૃતિ ગતિના એ સનાતન નિયમને આધીન છે; અને પ્રત્યેક પળે આપણને એ મહાન નિયંતાનો સંદેશ સક્રિય સંભળાવ્યા કરે છે કે આગે બઢો,—આગળ ધપો,—કોઇ પણ ઉપાયે આગળ ધપ્યે જાઓ.

અને તે પણ મુડદાલપણે ધકેલાઇને નહિ: તમારામાં બળ હોય તેટલા જોશપૂર્વક. દુનિયાપરના ઝડપીમાં ઝડપી એરોપ્લેનની ગતિ પણ જેની આગળ ગોકળગાય જેટલી ધીમી લાગે એટલી અસામાન્ય ગતિએ આ બ્રહ્માંડનો એકેએક પદાર્થ ઘુમ્યા કરે છે. બીલકુલ નક્કર ને સ્થિર જણાતી આપણી આ પૃથ્વી દર સેકંડે સોળ માઇલની ઝડપે સૂર્યની આસપાસ ફરે છે એ તમને માલુમ છે? અને એ ગતિનો નિયમ તોડીને અચાનક અટકી પડે તો કેવી ભયાનક આપત્તિ આવી પડે તેની ખબર છે? તીરની માફક ફેંકાઇને એ આખી પૃથ્વી સૂર્યની ખદખદતી ગુફાઓમાં હોમાઇ જાય અને તેના પરની આ બધી સુંદર સંસ્કૃતિ અને ભવ્યતાનો એકાએક કરુણ અંત આવી જાય. ખગોળવિદ્યાનું જો જરાપણ જ્ઞાન તમને હશે તો તમારી ખાતરી થશે કે હું કહું છું એમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. જો તમને એ વિદ્યાનો પરિચય ન હોય તો અવશ્ય કરજો. મગજને ખુબ રસ પાડે અને કસોટીએ ચડાવે એવી એ વિદ્યા છે.

ગતિનો આ નિયમ સૂર્યચંદ્ર, ગ્રહનક્ષત્રો અને કુદરતની બધી ચીજો જેટલો જ માણસજાતને પણ લાગુ પડે છે. માણસ જ્યાં સુધી ગતિમાન હોય છે, કોઇ ને કોઈ રીતે આગળ ધપતો જતો હોય છે, ત્યાં સુધી જીવન સરળતાથી આનંદમાં વીતે છે; પણ જે ક્ષણે તે શિથિલ થઈ ધપતો બંધ થાય છે, ઉત્સાહથી કામમાં મચ્યા રહેવાનું અને આગળ વધવાનું છોડી દઇ નિશ્ચેતન બની રહે છે, તે જ ક્ષણે, એક યા બીજી રીતે, તેના પર એ નિયમભંગની સજા રૂપ નાની યા મોટી આપત્તિ આવી પડે છે.

'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ પ્રચલિત કહેવત કાંઇ ખોટી નથી. તમે કામધંધો અથવા તમારા જીવનની ગતિ અટકાવીને બગાસાં ખાતા પડયા કે તમે જરૂર કંઈક એવું ઉંધુચત્તું કરી બેસવાના કે જે તમને કોઇ ને કોઈ ભારે મુશ્કેલીમાં મુકી દે. પણ તમે કામ કરતા હશો તો એવી મુશ્કેલીઓ ભાગ્યે જ તમારી પાસે આવશે, ને આવશે તો તેને ઉડાવી દેવા જેટલી તમારામા તાકાત હશે. દુનિયાનું જરા ધ્યાનથી નિરીક્ષણ કરશો તો સમજાશે કે માણસજાતની લગભગ બધી મુશ્કેલીઓ—ગરીબી, માંદગી, અકસ્માતો, ગુનાહ અને દુર્ગુણો—એવાં જ માણસો ઉપર ઉતરે છે જેમણે પરસેવો ઉતારવાનું બંધ કર્યું છે, જેમની આફતો સામે બાથ ભીડવાની શક્તિ કામને અભાવે બહેર મારી ગઇ હોય છે.

આથી હું એમ કહેવા માગું છું કે માણસે કોઇ પણ ઉપયોગી કાર્ય પાર પાડવા પાછળ સદા મચ્યા રહેવું જોઇએ. એક પુરૂં થયું કે બીજું શોધી જ રાખેલું હોય, અને તેની પાછળ પોતાની જાતને પરોવેલી રાખ્યા કરવી જોઇએ. કોઇ નિશ્ચિત કરેલા લક્ષ્ય પાછળ પાછું વાળીને જોયા વિના ધપ્યે રાખવું, જીવનની કોઈ મોંઘી મહત્ત્વાકાંક્ષા પાર ઉતારવા સારૂ મરી ફીટવાનો અખંડ પ્રયત્ન કર્યાં કરવો એના જેવો આનંદ જીવનનો કોઇ પ્રકાર આપી શકવાનો નથી. અને જીવનનું ધ્યેય જ એ છે; જીંદગીનું નિર્માણ જ એને કાજે થયું છે: મથવું, લડવું ને આગળ ધપવું. ધારેલે લક્ષ્યે પહોંચાય યા ન પહોંચાય, ધારી મહત્ત્વાકાંક્ષા પાર પડે યા ન પડે એનો સવાલ નથી. એની પાછળ મથવામા તમે તમારી શક્તિનો એક અંશ પણ વાપરવો બાકી રાખ્યો હોવો ન જોઇએ. ખરી ફામત લક્ષ્યે પહોંચવાની નથી, લક્ષ્ય પાછળ કરેલી લડતની છે; આનંદ મહત્ત્વાકાંક્ષાની પ્રાપ્તિમાં નથી, તેના પાછળ કરેલી મથામણમાં છે. બસ, આટલું તમારે ગળે ઉતરી જાય તો તમે જીવનનું રહસ્ય અને જીંદગીનો અણમોલ પાઠ શીખ્યા છો.

તમારી આસપાસના લોકોને બરાબર ધ્યાનપૂર્વક નિહાળો. એમાં ખરેખરા સુખી ને તંદુરસ્ત કોણ છે? જેઓ ચેતનવંતી જીંદગીનાં મથામણો ને સાહસો મુકી દઈ સુંવાળા તકિયા પર અઢેલી એદીની જેમ પડયા છે તેઓ? કે બીજી જાતના લોકો, જેઓ કંઇ ને કંઇ નવું મેળવવા પાછળ સદા મથી રહ્યા છે; જેઓ નિરંતર ચેતનભેર ધપ્યે જ રાખે છે તેઓ? કહેવાની જરૂર નથી કે ખરૂં સુખી જીવન આ બીજી જાતના લોકોનું જ હોય છે.

વપરાતી કુંચી હમેશાં ચળકતી રહે છે.

આળસ એ શરીરનો કાટ છે અને કામ એ ઘસારો છે. શરીરને કટાવા દેવા કરતાં કામને કસે ચડાવવાથી ઓછું નુકસાન પહોંચે છે ને એના પર ઓપ રહે છે. તમે શું પસંદ કરો છો? કસાવું કે કટાઈ જવું?

પહેલે જ ઝપાટે બહુ સરળતાથી મળેલી સસ્તી ફતેહથી રાચી જઇને પછી આગળ વધવાનો કશો પ્રયત્ન ન કરતાં જીંદગીભર બગાસાં ખાતા બેસી રહેનારા અલ્પસંતોષી થવા કરતાં હું તો, દુનિયા જેને 'હારેલો' કહે છે, અને જે જીવનભર પોતાના ધ્યેયને પહોંચવા મથામણ કર્યા જ કરતો છતાં સફળ નથી થતો હોતો, એવા થવાનું વધારે પસંદ કરૂં છું. જેને માટે કશો ભોગ નથી આપવો પડયો, શરીર નથી ઘસવું પડયું, પરસેવો નથી ઉતારવો પડયો એવી સસ્તી ફતેહ શા કામની? એવી સફળતા માણસના શરીરને કટાવી નાખે છે, એની શક્તિઓને હણે છે, એને આળસ ને આરામને માર્ગે દોરી સુંવાળો બેઠાડુ બનાવી દે છે; જ્યારે પેલી નિષ્ફળતા માણસમાં ખમણું જોમ પુરે છે, તેના સ્નાયુએ સ્નાયુને મજબુત બનાવે છે, તેના સંકલ્પબળને તેજસ્વી ને ઝનુની બનાવે છે.

દરેકના જીવનમાં બે પ્રસંગ એવા આવે છે જ્યારે માણસ ગતિમાન રહેતો અટકી પડી મંદ બની જાય છે અને પછી કોઈ પણ હેતુ વિના જીંદગી વડછે જાય છે. એક તો, પોતાના ધારેલા લક્ષ્યની પ્રાપ્તિ થતાં એ ચડતી કળામાં આવે છે ત્યારે. એવે વખતે સ્વાભાવિક રીતે જ એને પોતાની મહેનતનાં ફળ આરામથી ચાખવાનું—મોજમજાહ માણવાનું મન થઇ આવે છે. બીજો પ્રસંગ જીવનમાં જરા એથી વહેલો આવી જાય છે. પણ એની વાત આપણે પછી કરીશું.

પોતાની ઝહેમતનાં મીઠાં ફળ જ નિરાંતે ચાખવાની ભ્રમણામાં જે માણસ પડયો એ જો પરિણામે ખરાબખસ્ત ન થઈ જાય તો એ ચમત્કાર જ માનજો. શરૂઆતમાં તો, પહેલાં એને કામ કરવામાં જે આનંદ આવતો—પ્રાણવાન જીવનની ચેતના જે એ અનુભવતો તે ધીમેધીમે ઓસરવા માંડે છે, અને જે આરામ—મઝા માણવાની એ ઇચ્છા રાખતો હતો તે માત્ર ખાલી ભાસ જ છે એમ તેને સમજાવા માંડે છે. એના દિવસો કેમે કર્યા ખુટતા નથી ને કાંઇ પણ ઉત્સાહ, નવીનતા કે ચેતના વગરના એક પછી એક ચાલ્યા આવતા કંટાળાભર્યા દિવસો એને મુંઝવે છે. એનું શરીર તથા મન એદી ને જડ બની જાય છે, કેમકે એમાંનું એકે કામ વગર ખાલી શકતુ નથી. નેમ વગર, ગતિ વગર અને અસંતોષપણે, કાંઇ પણ આનંદ વગરના પ્રદેશમાં પોતે જાણે ધકેલાતો હોય એમ એને લાગે છે. મનને સચેત રાખવા એને જીવનની કોઇ સાચી આંટીઘુંટી ઉકેલવાની હોતી નથી એટલે એ કાંઇ પણ પાયા વગરના કાલ્પનિક કોયડા ઉપજાવી કાઢે છે, જેને ઉકેલવાનું કાર્ય સાચા કોયડાને ઉકેલવા કરતાં પણ વધુ અઘરૂં થઇ પડે છે. જીવનના આવા અસંતોષથી તે ઢીલો, નિસ્તેજ અને ચીઢીઓ નિરાશાવાદી બની જાય છે, તેને પોતાની જાત પર કંટાળો છુટે છે ને જીંદગી અકારી લાગવા માંડે છે. અને આમાં, અધુરામાં



પોતાના શરીર પર અદ્ભુત કાબુ ધરાવનાર ને અમેરિકન સીનેમાનો જાણીતો ખેલાડી : આ લેખનો લેખક મિ. ડગલાસ ફેરબૅંક્સ

પુરૂં, તે કોઇ માંદગીમાં પટકાય છે, જેનો ભોગ, પોતાના અગાઉના ચેતનભર્યા જીવનમાં એ કદિ ન થયો હોત.

આવા, હાથે કરીને ચેતન ખોઇ બેઠેલા ઉદાસ ચહેરાના આ માણસ સાથે, પહેલાંનો નસેનસમાં ચેતનના ધબકારા અનુભવતો, કામના ઢગલાને પલકવારમાં ફગોળીને ફેંકી દેતો, જીવનની મથામણો જોશભેર ખેડતો, મુશીબતોને સત્કારતો અને તેની સામે લડતોલડતો પોતાની શક્તિઓને બમણી કેળવતો આગળ ને આગળ ધપ્યે રાખતો એનો એ જ માણસ સરખાવો. તમને થશે, અરેરે ! કેવી કરુણ સરખામણી ! એવે વખતે, જીવનની એવી કફોડી ઘડીએ એનો કોઈ હિતેચ્છુ રખેવાળ, અથવા એની જીંદગીની સફરનો કોઇ કંડકટર એને ખભે હાથ મુકી ટપારનારો ન હોય તો એની શી દશા?

જે બીજા પ્રસંગની હું વાત કરતો હતો તે જીવનની શરૂઆતમાં બહુ વહેલો આવે છે. એ વખતે માણસ બીજી જ જાતની આળસમાં પડી જાય છે. એ સમયે જીવનનાં એટલાં બધાં ક્ષેત્રો તે પોતાની આગળ ખુલ્લાં જુએ છે, અને તે બધાં હાથ કરવા માટે એને એટલો બધો વખત—આખી વિશાળ જીંદગી—પોતાની આગળ પડેલો લાગે છે કે તે, કયું કામ પહેલું ઉપાડી લેવું એનો નિર્ણય કરી શકતો નથી. આ ધંધો કરૂં કે પેલો, આ અભ્યાસ આદરૂં કે બીજો, એવી આનાકાનીમા ને ઢચુપચુ સ્થિતિમાં એના દિવસો વીતતા જાય છે.

આવે વખતે બીજી પણ એક નવાઇ જેવી ભ્રમણા એ ઉભી થાય છે કે આપણે કાંઇક નિર્ણય પર આવી એકાદ કામ આરંભીએ છીએ, એટલે બીજાં કામો, બીજા ધંધાઓ આપણને વધારે લલચાવનારા અને વધારે ફાયદાથી લાગે છે. વકીલને પોતાના માથાફોડીઆ ધંધા કરતાં ચિત્રકારનું રંગના લપેડા ચોપડવાનું કામ વધારે સહેલું ને રસદાયી લાગે છે; વેપારી ધારે છે કે પોતાના બારેપહોર ને બત્રીસે ઘડીના ધંધા કરતા થોડા કલાક ખુરશી પર બેસી આવી મોટીમોટી ફી લેનાર દાક્તરનો ધંધો વધારે કમાણી, કીર્તિ ને આરામવાળો છે.

પણ આમ પોતાની ચોમેર આશાના અવનવા રંગોથી ચમકતા આ જુદાજુદા ધંધાઓમાંથી કયો પસંદ કરવો એના ઉપર જ વિચાર કરવામાં, અને એક છોડીને બીજો, ને એ પડતો મુકીને ત્રીજો એમ લાલચમાં ડાંફાં મારવામાં વખત કાઢવાથી અંતે એની ટેવ જ પડી જાય છે; અને એવો માણસ પછી ક્યાં ય થાળે ન પડતાં જીંદગી ખરાબ કરી બેસે છે.

જીવનનો કોઇ પણ માર્ગ પસંદ કરતાં પહેલાં પુરતો વિચાર કરવો એ બરાબર છે, પણ એ વિચાર જો એટલો બધો લાંબો ચાલે કે એ વિચાર મટીને ટેવ જ બની જાય તો એ વિનાશકર્તા છે. આપણે એવાં ઘણા માણસો જોઇએ છીએ કે જેઓ થોડા જ દિવસમાં, થોડાંક જ અઠવાડિયામાં કે એકાદ બે મહિનામાં જ અમુક કાર્ય કરી નાખવાનાં હોય છે; પણ પછી, કોણ જાણે શાથી, કામની શરૂઆત માટે એમને ચાલુ સ્થિતિ હમેશાં પ્રતિકૂળ જ લાગ્યા કરે છે. ભવિષ્યમાં જાણે કોઈ ગહનરીતે સંજોગોનું આખું ચક્કર બદલાઇને એમને અનુકૂળ થઇ જશે, ને ત્યારે, જે કામ પોતાને માથે છે તેને એ પુરૂં પાડી દેશે એવી ખોટી આશાઓ રાખતા એ બેસી રહે છે. પણ મુસ્કેલી એ છે કે એ કામ એમને માથે ને માથે જ રહે છે. જુના વખતની એક વાત અત્યારે

યાદ આવી જાય છે. એક માણસના છાપરામાં કાણું પડેલું. તે ચુઓ પુરી દેવા એ વિચાર જ કર્યા કરતો. પણ જ્યારે વરસાદ પડતો હોય ત્યારે તો એ કામ બની ન શકતું ને વરસાદ ન હોય ત્યારે તો એ કાણું પુરવાની જરૂર પણ શી? આમ એ ચુઓ કરવાનું સદા મુલતવી જ રહેતું!

આવી જાતનાં માણસો જાણતાં નથી કે તેમનો મોટામાં મોટો દુશ્મન કપરા સંજોગો નહિ, પ્રતિકૂળ સ્થિતિ નહિ, તકની ખામી નહિ, પણ એમની પોતાની જ ક્રિયાશક્તિની મંદતા, ઢચુપચુપણું ને આળસ જ હોય છે; જે એમની કામ કરવાની ઇચ્છાને હણે છે અને ચેતન હરી લઈ નકામા બનાવી મુકે છે. મારે પોતાને જ જો અત્યારે જીંદગીની ફરીથી શરૂઆત કરવાની હોય તો હું કયું કામ ઉપાડી લઉં એની મને જરા યે ખાતરી નથી; પણ એટલું તો ચોક્કસ કે હું કાંઇક પણ કામ તરત જ ઉપાડી લઉં કે જેથી આગળ ઉપર લાંબાલાંબા વિચારો કરવાની ને આળસુ બની બેસી રહેવાની ભયંકર ટેવ પાડવાને બદલે હું જલદી કામ કરવાની ટેવ પાડી શકું.

હું જે અત્યારે ગતિમાન ને વેગભર્યું જીવન ગાળી રહ્યો છું એ જ આદર્શ અને અનુકરણીય છે એવું કહેવાનો મારો જરા યે આશય નથી. વેગભેર ધપ્યે રાખવાની મારી આ વાતમાં હું કદાચ હદ બહાર જતો હોઇશ. પણ મને કંઇક ને કંઇક કામ વિનાના, તદ્દન નવરા—આળસુ બની બેસી રહેવું ગમતું જ નથી; કેમકે એથી મને જીંદગીનો અસંતોષ રહ્યા કરે છે. જાગૃતિનો એકએક કલાક, શરીર કે મનની કંઇ ને કંઇ ચેતનભરી પ્રવૃત્તિમાં ગાળવાની મને અભિલાષા રહ્યા કરે છે. સાંજે કામ પરથી ઘેર આવીને બધું કામ —બધી ઉપાધિઓ ફેંકી દઇ આરામ લેવાની તમને ઘણા માણસો સલાહ આપશે. પણ હું તો જે કામ કરતો હોઉં છું એમાં મને એટલી બધી મઝા પડતી હોય છે કે હું તેને એટલી ઉતાવળથી છોડી જ નથી શકતો, એનું કેમ?

જ્યારે હું તદ્દન થાકી જાઉં ત્યારે મને આરામની નહિ પણ કામ બદલાવવાની જ જરૂર રહે છે. મન થાકી ગયું હોય ત્યારે શરીરની કસરત કરવાનો સારો વખત મળે છે. જાણે તમે કેટલા ય બધા થાકી



'બગદાદના ચોર' તરીકે મિ. ફેરબૅંકસનું ઠઠ્ઠાચિત્ર

ગયા છો એનો વિચાર કરતાકરતા આરામખુરશીમાં પડ્યા રહેવા કરતાં તમને રસ પડે એવું કાંઇક નવું કામ ઉપાડી લ્યો એ વધારે સારૂં છે. નવરા બેસી રહેવાનો ધંધો દુનિયાના કોઈ પણ ધંધા કરતાં વધુ થકવી દે એવો છે, અને સખત કામ કર્યા પછી પણ થાક ઉતારવા માટે એ તો ભલામણ કરવા જેવો નથી જ. જે કામથી તમે થાક્યા હો તેના કરતાં તદ્દન ઉલટા જ પ્રકારનું પણ એટલી જ પ્રવૃત્તિવાળું બીજું કોઇ કામ ઉપાડી લેવું એ આરામ લેવાનો સારામાં સારો રસ્તો છે. આથી તમે ચેતન ગુમાવશો નહિ અને આળસુ બની જવાનો ભય નહિ રહે, પણ જુદી જ જાતની શક્તિઓ કેળવશો. કામમાંથી તદ્દન ઠંડા પડવાની ટેવ બહુ ખરાબ છે કેમકે એક વાર ઠંડા પડ્યા પછી પાછા સચેત થઈ કામે લાગતાં બહુ શક્તિ ખર્ચવી પડે છે.

આથી હું એમ કહેવા નથી માગતો કે માણસે આખો દિવસ ભેજાંફુખણ ઉગ્ર પ્રવૃત્તિઓ પાછળ મચ્યા જ રહેવું જોઇએ, અને તેનાથી કંટાળે એટલે સંચાની પેઠે શરીરનાં અંગોને કસરતથી પીલવા મચી પડવું જોઇએ. કોઇ પણ જાતના ઉગ્ર પ્રયત્નો વિના પણ મનને ચપળ રાખી શકાય એવા પાર વિનાના વિનોદો પડ્યા છે. રસભરી અને માનસિક

વિકાસ કરનારી વાતચિત એ મનને માટે એક જાતની કસરત છે: એવું જ ઉત્તમ પ્રકારનું વાંચન પણ ગણી શકાય. શુદ્ધ સંગીતનો ઉપભોગ કરવો એ પણ લાગણીઓને વ્યાયામ અને વિકાસ આપનારો વિનોદ જ છે, જે આપણામાંના બહુ જ જુજ લોકો માણે છે. સારાં નાટકો અથવા ઉચ્ચ કોટિનાં સીનેમા જોવાથી પણ લાગણી અને બુદ્ધિને કેળવણી મળે છે; જોકે એથી બીજા વિનોદો જેટલો તંદુરસ્ત વિકાસ સધાતો નથી, પણ આળસુ પડી રહી બગાસાં ઝુડવા કરતાં એ વિનોદ સારો છે.

અને શરીરને સચેત રાખવા માટેની વિવિધ કસરતો અને હિકમતો વિષે તો મેં જુદેજુદે સ્થળે એટલું બધું લખ્યું છે કે અહીં તેનું પુનરાવર્તન કરવું નકામું છે. કંઇ નહિ તો બહાર જંગલમાં ફરવા જાઓ ત્યારે ત્યાં પડેલા પથરા જ દૂરદૂર ફેંક્યા કરો. કોઈ ઝાડના થડને નેમ કલ્પી તેના પર તાકીતાકીને પત્થર ફેંક્યા કરો. જંગલમાં પડેલા પથરાઓનો આ સિવાય મને તો બીજો કોઇ ઉપાય દેખાતો નથી. શરીરને સ્ફૂર્તિવાળું અને લોહીને ગરમાગરમ રાખવા માટે તમારા દરેક કામમાં ઝડપ, ચેતન, ઉમંગભર્યો તરવરાટ અને કુદાકુદ રાખો: જાણે તમે રબરના દડા હો તેમ. શરીર અને મનને ચપળ રાખવા માટે પ્રેરક ને રસદાયક એટલા બધા વિનોદો પડ્યા છે કે માણસને આળસુ પડી રહેવા માટે એનું બહાનું તો હોવું જ ન જોઇએ.

ઘણી વાર તો આપણે ફુરસદ અને આળસની ખીચડી કરી નાખીએ છીએ. ઘણા માણસોને એક જરા જેટલી ફુરસદ મળી કે ઢીલા બનીને લાંબા થઇ પડે છે. અરે, ફુરસદ તો એવી સરસ વસ્તુ છે! હું તો કહું છું, મને હજી વધારે ફુરસદ મળતી હોત!

દિવસના ચોવીસ કલાકમાં તમે શું કરો છો એનો હિસાબ કાઢશો તો તમે જાણીને છક્ક થઈ જશો કે તમારો બધો વખત કામમાં રોકાઈ ગએલો હોવા છતાં તમને પુષ્કળ ફુરસદનો વખત મળે છે. જો તમે આઠ કલાક ઉંઘવામાં, આઠ કલાક કામ કરવામાં અને બે કલાક ખાવાપીવામાં ગાળો તો યે તમારે માટે પુરા છ 'ભેદી' કલાક ફુરસદના બાકી રહે. હું 'ભેદી' એટલા માટે કહું છું કે એ કલાકોમાં આપણે શું કામ કરીએ છીએ એની પણ જાણ થવા દીધા વિના એ પસાર થઈ જાય છે.

ફુરસદનો આટલો બધો આ વખત તમે જે રીતે ગાળશો તેની અસર તમારા શરીર, મન, ચારિત્ર્ય અને સુખસંપત્તિ પર થવાની. એ સમય જો તમે કેવળ આળસમાં જ ગાળો તો તમે તમારી જીંદગીનું દેવાળું જ ફૂંકો છો એમ માનજો. કેમકે એ છ કલાકને જો તમે પદ્ધતિસર કામમાં રોકી શકો તો તમે એમાંથી ચમત્કારિક લાભ ઉઠાવી શકો. એ ફુરસદના સમયમાં તમે શરીરની સંભાળ લઇને તેને એવું તો અચ્છું કસાએલું ને તંદુરસ્ત બનાવી શકો કે એવા શરીરના સ્વામી તરીકે જીવવું એ કોઈ દૈવી આનંદ જેવું લાગે. એ જ ફુરસદનો ઉપયોગ કરીને તમે આ ભર્યા વિશ્વમાંની કોઇ પણ જ્ઞાનની શાખાનો અઠંગ અભ્યાસ કરી તેના નિષ્ણાત બની શકો, અથવા તો તમારા ચાલુ ધંધા સિવાયનો બીજો કોઇ વિનોદ-ધંધો (ચિત્રકળા, ફોટોગ્રાફી, સુતારીકામ કે એવો જ કોઇ હુન્નર) શીખી જીંદગીને ઉપયોગી, વિકાસવંતી ને રસથી તરબતર બનાવી શકો. અને એ બધું છોડીને જ્યારે તમારા મુળ કામ પર જાઓ ત્યારે પાછા તાજા ને તાજા!—તમે આરામના બહાના તળે આળસુ બનીને માખીઓ મારતા લેટ્યા કરો ને પછી ઉઠીને કામે ચડો તેના કરતાં અનેકગણા તાજા; અનેકગણા સ્ફૂર્તિવાળા ને તંદુરસ્ત; અને જીંદગીને અનેકગણી રસવતી, પ્રાણવાન ને ચેતનભરી બનાવીને.

મને લાગે છે કે આટલું કહ્યા પછી હવે 'ધપતા રહો'ના મંત્ર વધારે સમજાવવાની જરૂર નથી. મને તો જગતનો એ આદિમંત્ર લાગે છે. ધપતા જતા આં બ્રહ્માંડ, ગ્રહમંડળ અને જગતની સાથે તમે ધપતા રહો અથવા ધક્કેલાઇને કચરાઇ જાઓ; કે આળસુ બનીને કટાઇ જઇ વિનાશ પામો. પસંદગી તમારે કરવાની છે.

ડગલાસ ફેરબૅન્કસ

શિક્ષક—ઑક્સિજન વગર એક પણ પ્રાણી જીવી શકે નહિ. પણ નવાઈની વાત છે કે છેલ્લાં સો વરસ થયાં જ એની શોધ થઇ છે!

છગન—ત્યારે હેં સાહેબ, તે પહેલાં બધા શી રીતે જીવતા હશે?

ત્રણ અવસાન

સ્વ. હરિલાલ માણેકલાલ દેસાઈ

શ્યેન પક્ષીના જેવા નાકવાળા, પવનના સપાટા સાથે ઉડી જાય એવા સુકલકડી શરીરવાળા, લલિત ગતિવાળા, ઉંચાઇમાં ઠીકઠીક—એ જ રા. હરિલાલ માણેકલાલ દેસાઇ. અમારા સર્વના તે 'હરિભાઇ' કે 'માસ્તર સાહેબ.'

એમનું સંપૂર્ણ જીવન તો જ્યારે કોઇ નિકટનો અંતેવાસી લખે ત્યારે ખરું. આ તો ફક્ત તેમનું રેખાચિત્ર છે. તેમના જીવનની ઝાંખી કરાવવાને પણ ઘણાઘણા રંગો જોઇએ. **Life is not a straight line.** એમના જીવન માટે પણ એમ જ છે.

કલા અને સૌન્દર્યના ઉપાસક હરિભાઇ માસ્તરના સમાગમમાં આવ્યે છસાત મહિના થયા હશે; એટલામાં તો તેઓએ કેટલાકના જીવન ઉપર જે પ્રકાશ નાખ્યો જાણ્યો તે અમાપ તો નથી જ. તેમનું આખું જીવન શુદ્ધ સાક્ષરજીવન છે.

હરિભાઇના જીવનની તૈયારીઓ ઘણા લાંબા વખતની. વડોદરા હાઇસ્કુલમાં મૅટ્રિકમાં તેઓ ઇતિહાસ શીખવવા આવતા તે વખતે અમને તેમની કીમત ન હતી. એ વખતે બપોરની રીસેસ (રજા) વખતે તે અને બીજા માસ્તરો ચ્હા પીવા માટે હોટલમાં જતા ત્યારે આ લેખક બીજા મિત્રોને કહેતો કે 'આવા તે શા માટે માસ્તરો થતા હશે? કેવા નમાલા છે?' . . . . પણ આ વખતે હરિભાઇ કેટલાક વિદ્યાર્થીઓ સાથે રહેતા હતા; અને પોતાના સહવાસ તથા જ્ઞાનનો અણમોલ લાભ તેમને આપી તેમના જીવન પર અજબ અસર કરી રહ્યા હતા એની મને ખબર ન હતી. શિક્ષકો સાથેનો સહવાસ જેટલું જ્ઞાન આપી શકે છે તેટલું જ્ઞાન વિદ્યાર્થીઓ શાળામાંથી મેળવી શકતા નથી, એ તેઓ સારી રીતે જાણતા હતા. આ ઉપરાંત, આ જ વખતે તેઓ હિન્દ સેવક સમાજ (**Servants of India Society**)માં જોડાવાના મનોરથો ઘડતા હતા; અને તે માટે 'ઇકૉનૉમી'—અર્થશાસ્ત્રનો બહુ જ સંગીન અભ્યાસ એમણે કર્યો હતો. ગિડ્ઝ પોલિટિકલ ઇકૉનૉમી નામના એક મોટા અર્થશાસ્ત્રના ગ્રંથનો નિષ્કર્ષ કાઢીને એક નાનો ગ્રંથ એમણે લંડનની એક પુસ્તક વેચનારી કંપનીને બનાવી આપ્યો છે, અને તે કંપની અત્યારે ઘણા પૈસા કમાય છે.

સાહિત્યમાં તો તેમનો અભ્યાસ ઘણો જ ઉંડો અને માર્મિક હતો. સાહિત્યની રસિકતા સાથે તેમનામાં વૈજ્ઞાનિકને છાજતી ચોક્કસાઇ પણ હતી. વિનોદ તો તેમને અતિશય પ્રિય. 'એક ગ્રૅજ્યુએટની આત્મકથા' અને 'દેશદેશની રસમય વાતો' વગેરે તેમના ગ્રંથોમાં ઉંચી જાતનો વિનોદ જોઇ શકાય છે. સાહિત્યરસિકની રસિકતા, વૈજ્ઞાનિકની ચોક્કસાઇ અને ઉત્સાહી ખેલાડી જેટલો વિનોદ: આ ત્રિપુટીનું કેન્દ્રસ્થાન એટલે હરિભાઈ માસ્તર.

અને વિવિધતા પણ એમની જ. એમના જેટલી મુસાફરી તો બહુ થોડાએ કરી હશે. ઘડીમાં કપડવણજ તો ઘડીમાં મુંબાઇ; ઘડીકમાં વડોદરા તો ઘડીકમાં ભરૂચ ને અમદાવાદ—આ તો એમનો સામાન્ય કાર્યક્રમ. વળી સિંધ, ઉત્તર હિન્દુસ્તાન, બંગાળ અને બ્રહ્મદેશ પણ એમણે પગ હેઠે કાઢી નાખેલા. શુક્લતીર્થની શાળા શું, કે કાર્લાની ગુફાઓ શું; યરોડા જેલ શું, કે સત્યાગ્રહ આશ્રમ શું; રવીન્દ્રનાથનું શાન્તિનિકેતન શું, કે જલિયાંવાલા બાગ શું;—કોઇ પણ સારા સ્થળ વિષે સાંભળ્યું કે હરિભાઇ ત્યાં ગયા વિના ન રહે. જગતવંદ્ય ગાંધીજીના તો તે નિકટ પરિચયમાં આવેલા અને ગાંધીજીને તેમને માટે ઉંચું માન છે.

ત્યાગમાં પણ તેમની બરાબરી કરી શકે તેવા ગુજરાતમાં બહુ થોડા હશે. વડોદરા હાઇસ્કુલમાંથી તેમણે અસહકાર પહેલાં રજા લીધી હતી. વડોદરા છોડયા પછી તે કપડવણજ ગયા. ત્યાં ઘણી પ્રવૃત્તિઓ તેમણે આરંભેલી. કપડવણજમાં જે પ્રવૃત્તિઓ હતી અને છે તે બધી માસ્તર સાહેબના જ પ્રતાપે. કપડવણજ માટે તેમણે ઘણું કર્યું. અને ત્યાંના લોકોનો તેમના ઉપર પ્રેમ પણ અઢળક. અમે ભરૂચથી પાત્રાગઢની સફર વખતે કપડવણજ ગયા હતા તે વખતે



તેમના ઘરમાં ખાદીના ઢગ જામ્યા હતા. એ સમયનો એમનો અતિથિસત્કાર અને પ્રેમ હજુ વિસારે પડતાં નથી. કપડવણજમાં તેમણે ખુબ મહેનત કરી ને પછી ભરૂચનો રસ્તો લીધો.

અને ભરૂચમાં રહ્યારહ્યા એમણે શું કર્યું તે જાણવાનું કુતુહલ તો ઘણાને છે.

આપણે કામ એને લેખીએ છીએ કે જે નરી આંખે જોઇ શકાય તેવું હોય; પણ એ દષ્ટિનો ત્યાગ કરીને ઘડીભર બીજી દષ્ટિથી જોઇશું તો જણાશે કે ખરૂં કામ હમેશાં અગોચર અને અમાપ જ હોય છે. ઉત્તમ જીવન ગાળવું એ શ્રેષ્ઠ ઉપદેશકની ગરજ સારે છે. વ્યાખ્યાનપીઠ ગજવનારા ભાષણકર્તાઓના કરતાં આવા વિશુદ્ધ ને ઉચ્ચ જીવનધારી સંસ્કારી સજ્જનો પોતાના જીવન દ્વારા સમાજને ઘણું આપી શકે છે. તરસ્યો હશે તે પાણી પીવા માટે નદી તરફ જ જશે. નદીને તેની તરફ જવાની શી જરૂર? આવા તરસ્યાઓ ઘણા યે ત્યાં આવી ગયા.

નમ્રતા તો એમની જ. કોઇનું પણ દિલ ન દુભાય એની તો ખાસ સંભાળ રાખે. એ નમ્રતાની તો એમને પોતાને પણ કદાચ ખબર નહિ હોય. અને સાચી નમ્રતા એવી જ હોય છે. પણ સર્વથી શ્રેષ્ઠ ભાથું તો એમણે પ્રેમનું બાંધ્યું છે. એ ભાથા વિના જીવન કેમ સફળ થાય? હરિભાઈ એટલે પ્રેમનું મૂર્તિમંત સ્વરૂપ—પ્રેમનો જાણે ઉડતો ફુવારો. આ યોગે જ સઘળા તેમને ચાહે છે. બારબાર વર્ષોના પરિચયથી જે ભાઇઓ પ્રેમની મહત્તા નહોતા સમજી શક્યા તે હરિભાઇ પાસે જતાંવેંત જ સમજી શક્યા. હરિભાઇ પાસે કોઇ પણ જાતનો જાદુ હોય તો તે આ જ. તેમના મનોરથો તો અતિ વિવિધ અને વિશાળ હશે, તે હું શી રીતે જાણું?

પ્રસિદ્ધિમાં આવવું તેમને પ્રિય નહોતું. તેમનું આખું જીવન લોકોત્તર જ રહ્યું. તેમના જીવનને ગુપ્ત વહેતી સરસ્વતીની ઉપમા આપી શકાય. 'ત્યાગ એ જ જીવન છે; જીવન સૌંદર્યપૂર્ણ હોવું જોઇએ; સૌંદર્ય એ પ્રભુના હસ્તાક્ષરો છે.'—આ ત્રણેનાં તેમના ગૃહસ્થજીવનમાં અમે તો દર્શન કર્યાં છે.

વિદ્યાનું વેચાણ કરી, 'દુરત્નપુરા ઉદરહરી' ભરનાર પ્રોફેસરોની હારમાં તે ન આવી શકે. ધાંધલીઆ રાષ્ટ્રનેતાઓની ગણત્રીમાં પણ તેમને ન મુકી શકાય. કેળવણીકાર, કલાકોવિદ કે ગુજરાતના ત્યાગીઓમાં એમનું સ્મરણ નહિ થતું હોય; પણ તે બધાં કરતાં તેમનું સ્થાન અટુલું ને અનોખું જ છે. આવા અટુલા એકલા હરિભાઇએ તેમના સંસ્કારી જીવન દ્વારા ઘણાનાં જીવન રંગ્યાં છે એ નિર્વિવાદ છે.

* *

હરિભાઇએ જીવી જાણ્યું તેમ મરી પણ જાણ્યું.* જરાકે ય ગભરાટ નહિ, જરાકે ય વલવલાટ નહિ. મૃત્યુએ તેમને ડરાવ્યા નહિ. માંદગી વખતે ભલભલા હીમત હારી જાય છે, પણ હરિભાઇએ તો પ્રથમથી જ મૃત્યુ માટે તૈયારી કરી રાખી હતી. માંદગી વખતે પણ એ જ હાસ્ય, એ જ રસિક વાતો, એ જ ધૈર્ય. એક વખત દરદ ખુબ થતું હતું; ઉંઘ કેમે કરી ન આવે; ત્યારે પથારી છોડીને સામેની આરામખુરશી પર બેઠા. હું પાસે જ સુતો હતો તે જાગી ઉઠ્યો. 'કેમ હરિભાઈ! ઉંઘ નથી આવતી?' એમ પુછીને તેમની સાથે બેઠો. વાતો ચાલી. વાતોમા તેમના મંથનનો ધ્વનિ સ્પષ્ટ સંભળાતો. આપણી પરાધીનતા, આપણી સ્ત્રીઓ તરફની બેદરકારી, ગામડાંમાં કામ કરવા માટે એકજ વિચારવાળા સર્વસ્વત્યાગી યુવાનોની —Communal life ગાળી શકે એવાઓની જરૂર, ઇત્યાદિ વિષયો ઉપર વાતો પર વાતો ચાલવા લાગી.

અને આ બધાં કરતાં યે હરિભાઇએ તેમનાં પત્નીના જીવનને જે ઓપ આપ્યો છે તે શબ્દોથી વર્ણવી શકાય એમ નથી. 'આપણે બધાએ દેશસેવા કરતાં પહેલાં આપણી સ્ત્રીઓને જ ખુબ કેળવવી જોઇએ. સ્ત્રીઓ પાછળ હશે તો તેઓ ડગશે ને પગલે

* અવસાન: અષાડ વદ ૫ : ૧૯૮૩

નકશે.' આમ તેઓ ઘણી વખત કહેતા. એકલું ઘર જ સુધારીને માણસ બેસી રહે તોપણ ઓછું નથી. એક ઘર સંસ્કારી થાય એના જેવું પવિત્ર કામ બીજું શું હોઈ શકે ? અને હરિભાઇએ ઘરને સુધારવા પાછળ ખુબ જ શાંત પરિશ્રમ આદર્યો છે. પરિણામે તેમને કુસુમબહેન મળ્યાં.

ગં. સ્વ. કુસુમબહેન સાગર શાં ગંભીર છે. પતિના મરણ વખતે આ બહેને જે શાંતિ અને ધૈર્ય દાખવ્યાં છે તે અદ્દભુત છે. આ લેખિનીમાં તેનું વર્ણન કરવાની તાકાત નથી. દેવદૂતના પડછાયા પેઠે તે બહેન એટલી માંદગીમાં પણ હાસ્ય અને આનંદ ઘરમાં રેલાવતાં. મરતી વખતે હરિભાઈના મોંમાંથી શબ્દો નીકળેલા 'કુસુમે મારૂં શિક્ષણ દીપાવ્યું છે.' હરિભાઇનું જીવન આટલું ભવ્ય બનાવનાર પણ આ જ સાધ્વી. પણ સાચાં જીવન ભાગ્યે જ પુસ્તકોનાં પાનામાં અંકાય છે.

હરિભાઈ રાષ્ટ્રની મુડી હતા. રાષ્ટ્રે એક સુપુત— તેજસ્વી તપસ્વી ખોયો; તેમના મિત્રો અને શિષ્યોએ Guide અને Guru ખોયો; ગુજરાતે ઘણું ખોયું.

હરિભાઇ તો ગયા પણ તેમનો આત્મા હજી યે અહીં છે. બહોળું શિષ્યવૃંદ અને મિત્રો તેમના જીવનનો દાખલો લઇ પોતાનાં જીવનને ઓપ આપવા મથી રહ્યા છે. હરિભાઇ જેવાઓનું મરણ પણ પ્રોત્સાહક અને બોધપ્રદ હોય છે.

બાપાલાલ વૈદ્ય

સ્વ. ચીમનલાલ કેશવજી ગદાણી

ચીમનલાલ કેશવજી ગદાણીનો જન્મ લગભગ ૨૩ વર્ષ પૂર્વે ધંધુકામાં થયો હતો. તેમના પિતા દરજીનો ધંધો કરતા. ચીમનલાલનું પ્રાથમિક શિક્ષણ ધંધુકામાં પુરૂં થયા પછી તે તેમના ભાઇ પાસે મુંબાઇ અંગ્રેજી અભ્યાસ કરવા આવ્યા. અંગ્રેજી ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો, અને તેમાં ડ્રૉઈંગમાં દરેક વર્ષે તે પહેલા આવ્યા હતા.

તેમની ઇચ્છા ચિત્રકળાનો અભ્યાસ વધારવા માટે સર જે. જે. સ્કુલ ઑફ આર્ટ્સમાં જવાની હતી. પણ એ વિચાર અમલમાં મુકી શકે તે અરસામાં જ તેમના ભાઇનું અવસાન થયું.

સ્થિતિ ગરીબ હોવાને અંગે તેમને નોકરી માટે વ્યવસ્થા કરવાની જરૂર પડી. અમદાવાદમાં જઈ મીલમાં પહેલાં થોડો વખત 'ઍપ્રેન્ટાઇસ' (શીખાઉ-



કામદાર) તરીકે કામ કર્યું, અને પછી ત્યાં જ ૩૦-૩૫ રૂપિયાના નજીવા પગારથી નોકરી શરૂ કરી. લગભગ બે વર્ષ મીલમાં નોકરી કર્યા પછી તેમને તેમની ચિત્રકળાના પ્રેમે પાછા મુંબાઈ તરફ વાળ્યા.

મુંબાઇમાં તેમણે પહેલાં તો 'મોજમજાહ' નામના સામાહિક પત્ર માટે ચિત્રો દોરવા માંડયાં. પણ એકલાં ચિત્રોના કામ ઉપર મુંબાઇમાં જીવન નિભાવવું મુશ્કેલ હોવાને અંગે એમને કારકુન તરીકેની નોકરી લેવી પડી અને બચત વખતમાં ચિત્રો દોરવાનું ચાલુ રાખ્યું.

પગાર ઓછો હતો અને ચિત્રોમાંથી થતી આવક પણ જુજ હતી, એટલે એમણે રાત્રિનું ટયુશન રાખ્યું અને તેમાંથી મળતા પૈસામાંથી તેમણે ચિત્રકાર શ્રી હલ્દનકરના ચિત્રકળાના ખાનગી ક્લાસમાં જવા માંડયું.

'ગુણસુંદરી'માં, 'ગુજરાત'માં અને 'સુવર્ણ-માલા'માં તેમનાં ચિત્રો આવવા લાગ્યાં. પણ નવા ચિત્રકારને કોઇ તરત જ પૈસા આપી દે તેમ ન હતું. અને આવાં માસિકોના માલિકોની ખરી ઇચ્છા તો શીખાઉ ચિત્રકારો પાસે ચિત્રો દોરાવી જ્યાં સુધી મફત કામ પતતું હોય ત્યાં સુધી પતાવવાની હતી: આ રીતે ગુજરાતના વિદ્વાનો કળાને ઉત્તેજન આપ્યું ગણે છે. ભાઇ ગદાણીએ 'ગુણસુંદરી'ના દરેક અંક માટે, છેલ્લાં બે વર્ષથી, બેત્રણ ચિત્રો નિયમિત મોક-લાવ્યાં હતાં. તેના બદલામાં તેમને માત્ર જુજ પૈસા મળ્યા હતા.

મુંબાઇના વેપારની કફોડી સ્થિતિમાં, એક ઓછું

અંગ્રેજી ભણેલા ક્લાર્કને નોકરીમાં મુશ્કેલી તો ઘણી જ આવે. તેમને ખર્ચ કમી કરવાને અંગે ઘણી વખત નોકરી, બદલવી પડતી અને ઘણી વખત ૩–૪ માસ સુધી નોકરી વગર બેસી રહેવું પડતું. પણ એમણે કોઇ દિવસ આવી રીતનો વધેલો વખત નકામો ગાળ્યો નહોતો. જ્યારે જ્યારે નોકરી વગરના રહેતા ત્યારે ચિત્રકળાની ઉપાસનામાં જ વખત કાઢતા.

તેમની સ્થિતિ એટલી બધી ગરીબ હતી કે જે ક્લાસમાં તે ચિત્રકળાનો અભ્યાસ કરતા તે તેમને ત્રણ વખત તો પૈસાની તંગીને અર્થે છોડવો પડેલો. પાછળથી પૈસાની સગવડ થતાં તરત જ તેમાં જવું શરૂ કરતા. મુંબાઇમાં રહેવા છતાં, ઘણે દૂર જવું હોય તો તે ભાગ્યે જ ટ્રામનો ઉપયોગ કરતા. અને મુંબાઇમાં છેલ્લાં ચાર વર્ષથી એમણે લૉજમાં એક વખત જ ખાવાનું રાખ્યું હતું;—નહિ કે એમનું શરીર નાજુક હતું તેથી, પણ પોતાની સ્થિતિને અંગે તેમને બે વખત ખાવું પરવડે તેમ ન હતું, અને બચત પૈસામાંથી એમને પોતાનું ક્લાસમાં જવાનું નિભાવવું હતું!

આવી હાડમારીની અસર ગમે તેવા હૃષ્ટપુષ્ટ માણસ ઉપર પણ થયા વગર રહે નહિ. ભાઇ ગદાણીનું શરીર તે મુંબાઇમાં આવ્યા ત્યારે ઘણું જ સારૂં હતું, પણ આ મહેનતને અંગે તેમને ક્ષય રોગ લાગુ પડ્યો અને ડૉક્ટરની સલાહથી મુંબાઈ છોડવું પડ્યું.

મરણ પથારીએ પડ્યાપડ્યા પણ એ 'ગુણસુંદરી' માટે ચિત્રો મોકલતા હતા. માસિકો સિવાય તેમનાં ચિત્રો રા. તારાચંદ અડાલજાની 'વીરની વાતો'માં, રા. રમણિક અ. મહેતાની હમણાં જ બહાર પડેલી એક નવલકથામાં અને એક રા. ચંદ્રવદન મહેતાના 'યમલ'માં એમ આવ્યાં છે. તે સિવાય જાહેર ખબર વગેરે માટે પણ એ ચિત્રો દોરી રોજી મેળવતા.

એમનો રોગ પ્રાણઘાતક નિવડ્યો અને ગયા મે માસમાં એમનું મૃત્યુ વઢવાણમાં થયું.

એમનાં દારિદ્ર, યત્ન કે એમની બીમારીની હાલતમાં ગુજરાતના કોઈ વિદ્વાન કે શ્રીમાન તરફથી યોગ્ય ઉત્તેજન અને આશ્રય મળ્યાં હોત—અરે, તેની મહેનતનો યે વ્યાજબી બદલો મળ્યો હોત તો ગુજરાત તેના જીવનરથી કોઈ કાળે પણ ધન્ય કૃતિઓ મેળવી શકત. બેકદરદાની અને બેદરકારીનો આ એક જ ભોગ બીજાઓ ભુલી ન જાય એ સિવાય બીજું શું કહીએ!

અમૃતલાલ પંડ્યા

એક અજાણ્યા મિત્રનું અવસાન

'કુમાર'ના સંચાલકો ન જાણી શકે તેવું એક વિશાળ સ્નેહીમંડળ, વડલાની ડાળીઓ ને વડવાઇઓની પેઠે 'કુમાર'માંથી વિસ્તરતું ને દૂરદૂર પોતાની ઘટાળી છાયા ઢાળતું જાય છે. એ ઘટામાંથી એકાદ ડાળી, ડાંખળી કે પાંદડું ઓચિંતું કાળના સુસવાટામાં ખરી જાય છે, ત્યારે 'કુમાર'ના સંચાલકોને તેની ખબર તો ન પડે, તેમ છતાં 'કુમાર'ના વડલાની શાળી છાંયડી એટલે અંશે ઘટી પડે છે, એ તો સંચાલકો હમેશાં સમજે છે જ. અને જાણે છે ત્યારે તો બેશક દુઃખ પામે છે.

એવી એક સુંદર કુંપળ હમણાં જ ભાવનગર મુકામે ખરી પડી. એનું નામ ભાઇ વિજયલાલ. નાગર જ્ઞાતિનાં બે પ્રતિષ્ઠિત કુટુંબોનો એ લાડકવાયો બાલક હતો. મોસાળ પક્ષે ભાવનગરના પ્રજાજીવનમાં ત્રીસ વર્ષભરની અખંડ સેવા અર્પણ કરનાર વૃદ્ધ વીર ગુલાબરાય ગોવિંદરાય દેસાઇનો એ ભાણેજ થાય. પિતૃપક્ષે ભાવનગરના સ્વ. મહારાજા તખ્તસિંહજીના સાચા રાજનીતિજ્ઞ અને નેકદાર અંગત મંત્રી શ્રી સાકરલાલ સવાઇલાલનો પૌત્ર થાય. એના સ્વ. પિતા શ્રી રમણિકલાલ સાકરલાલ મુંબાઇમાં દાક્તરી કરતા, અને એ દાક્તરી દરમિયાન એમણે કરેલી ગુપ્ત સેવાઓ એક આદર્શ માનવપ્રેમીને શોભાવનારી હતી. આજે એ સેવાઓ પ્રગટપણે નોંધાએલી નથી, છતાં અજરામર છે. દોઢ લાખ રૂપિયાની રકમના બદલામાં પણ એક અંગ્રેજ અબળાનો ગર્ભપાત કરવાની ના પાડનાર, અને કુમાર્ગે ઉતરેલા એ અંગ્રેજ પુરૂષને એક જ વાક્ય કહીને પાપમાંથી ઉગારી લેનાર એ દા. રમણિકલાલ આજે નથી.

એમનો પુત્ર વિજયલાલ પણ માતૃ ને પિતૃ બંને કુળોની ખાનદાનીમાં અને સ્વાર્પણવૃત્તિના વચ્ચે ઉછરેલો હતો. પચાસ વર્ષનો પહેલવાન ને દેખાવડો હતો. સદા ય હસમુખો હતો. અજાણ્યાને પણ પ્યાર ઉપજે તેવો ભદ્ર અને પ્રિયદર્શી હતો. સ્વામી હતો ને પિતા પણ હતો. સહુને માટે સ્નેહની મૂર્તિ જેવો હતો. ઇન્ટર ક્લાસમાં અભ્યાસ કરતો. દુનિયાના ચાલુ



વ્યવહારને હિસાબે અત્યારે પ્રગટપણે તો કાંઇ જ નહોતો, પણ શું શું થવા માટે મથતો હતો ને શું શું થઇ શકયો હોત, એ વિચાર કરતાં-કુંપળમાંથી કેવી શાખા વધી હોત એ વાતનો હિસાબ માંડતાં—ખરી ખોટ સમજાય છે.

પણ એનું અવસાન તો જગજ્જનનીને ચડાવવા માટે ચુંટાએલા કોઇ પુષ્પના અવસાન જેવું જ સુંદર છે, કેમકે સ્વાર્પણ કરવા જતાં એનો જીવ ગયો છે. નવરાત્રિમાં માતાજીનાં ઘણાંઘણા ગીતો ગાઇ રહ્યા પછી, ભાવનગર રાજ્યની કુળદેવી ખોડિયાર માતાના વરતેજ નજીકના થાનકની પાસે ખોડિયારના ધરામાં નહાતાંનહાતાં, પોતાનાથી એક નાના સ્વજનને ડુબતો દેખી, પોતાને તરતાં નહોતું આવડતું તે વાત પોતે છીછરા પાણીમાં પણ કદિ નહોતો ભૂલ્યો છતાં તે વખતે ભુલી જઇને, એ ડુબતા બાળકને બચાવવા ખાતર હાથ દેવા માટે જ એ આગળ વધ્યો. ડુબતા બાળકે એને ઝાલીને આગળ ધસડ્યો. વિજયલાલે ત્રીજા એક મિત્રનું કાંડું ઝાલ્યું, પણ પોતે જાય છે એમ સમજીને એ મિત્ર પણ મરશે એવા ખ્યાલથી ક્ષણમાં જ ત્રીજા મિત્રનું કાંડું છોડી દીધું, અને પોતે પેલા બાળકની સાથે ધરાને તળીએ બેખડમાં ભરાઇ બેઠો. એનું મૃત્યુ અત્યંત શાંતિમય હશે, તેવું અનુમાન તો, પાણીમાંથી ત્રણચાર કલાક પછી હાથ લાગેલા એના દેહની, જાણે હમણાં જ એ ઉઠીને બેઠો થશે એવી તાઝગીભરેલી ભવ્ય મુખમુદ્રા પરથી સહેજે બાંધી શકાય છે.

આખી જીંદગીનો સરવાળો ઘણી વાર મૃત્યુની એક જ ઘડીમાં બંધાઇ જાય છે, એ શું સાચું નથી? અને એ જો સાચું હોય તો એવા જીવાત્માની વધુ મહત્ત્વની જરૂર ઇશ્વરી યોજનામાં અન્ય કોઇ સ્થળે પડી હશે, એ વાત પણ એટલી જ સાચી માની, એનાં સ્વજનો એ ભાઇને ઇશ્વરની વધુ નજીક ગયો સમજે અને કલ્પાંત તજે, એવું 'કુમાર' તરફનું એ સહુ સ્વજનોને સાંત્વન પહોંચજો! ખાસ કરીને એની ગં. સ્વ. સહચરીને, કે જેની વેદના, અનેક એવી આર્યયુવતીઓની માફક અત્યારે અસહ્ય જ હોવી જોઇએ.

ભાઇ વિજયલાલનું અવસાન, એવા એવા એના પૂર્વગામી અનેક નાગર કુમારોનાં અવસાનોનાં સ્મરણો તાજાં કરે છે. બાહોશ ખેલાડીઓ, નટો અને કલારસિકો—ભાવનગરની નાગર કોમનાં એવાં ફુલ સમાન યુવકો છેલ્લા દસ વર્ષમાં, એક પછી એક, કોઇ અકળ રીતે મૃત્યુને માર્ગે ચાલ્યા ગયા છે. કદાચ આખી જ્ઞાતિના કો ગાઢ કર્મોનું ઋણ એ રીતે એ થોડાક તરુણોનો ભોગ અપાઇને જ જલ્દી અદા થઈ જવાનું નિર્માયું હશે!

સ્વીકાર

પ્રભાતના રંગ: લેખક, વિજયરાય કલ્યાણરાય; પ્રકાશક, આર. વનમાળીદાસની કંપની, ૩૯૭, કાલબાદેવી રોડ જુની ભાટિયા મહાજનવાડી સામે, મુંબાઇ-૨. કી. રૂ. ૨-૪-૦

યુરોપનાં સંસ્મરણો: લેખક અને પ્રકાશક, મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, મુંબાઇ; કી. ૧-૮-૦.

વિજ્ઞાનવિનોદ: લેખક, પોપટલાલ ગોવિંદલાલ શાહ; પ્રકાશક, ગુજરાતી સાહિત્ય પરિષદની ભંડોળ કમિટી તરફથી બલવંતરાય કલ્યાણરાય ઠાકોર, નારાયણ પેઠ, પૂના; કી. ૧-૮-૦

મહાભારત અને રામાયણ: સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી સંપાદક અને પ્રકાશક, ભિક્ષુ અખંડાનંદ, અમદાવાદ અને મુંબાઇ-૨; કી. ૦-૧૦-૦

મુંબઈ સમાચાર: દીપોત્સવી અંક; કી. ૨-૦-૦

સંતતિ-નિયમન: લેખક અને પ્રકાશક, વકીલ ગ. ના. મોડક, વડોદરા; કી ૦-૮-૦

જયંતિ ઉત્સવ: મહાત્મા ગાંધીજીનો ૬૦મો જન્મોત્સવ; લેખક, શંકરલાલ માણેકલાલ દેસાઇ; કપડવંજ

એની બેસન્ટ: લેખક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, યુથ લૉજ થીઓસોફિકલ સોસાઇટી ભાવનગર; કી. ૦-૬-૦

સંવાદસંચય: (ભાગ ૧લો) સંગ્રાહક અને પ્રકાશક, ગોકુળદાસ કુબેરદાસ મહેતા, ઢાળની પોળ, અમદાવાદ; કી. ૦-૧૦-૦

કુમારધર્મ: લેખક અને પ્રકાશક, માવજી દામજી શાહ, મુંબાઇ; કી ૦-૪-૦

એમ, વાડીલાલ એન્ડ કંપની—અમદાવાદનાં નૂતન વર્ષાભિનંદનનાં વિવિધરંગી આકર્ષક કાર્ડ

મર્દાનગીના અખાડા

ગુજરાતને આંગણે ક્યાંક ક્યાંક અખાડાઓ હશે, પણ ગામેગામ તે ચાલુ કરવાની મનોદશા હજુ પ્રજાએ કેળવી નથી. ત્યાં સુધી તો ગામડી રમતો રૂપી મર્દાનગીના અખાડાઓને સજીવ રાખવાની—સજીવ રાખીને પદ્ધતિપૂર્વક સંસ્કારવાની જરૂરત છે.

જ્યારથી ક્રિકેટ, ફુટબૉલ ને હૉકી જેવી પરદેશી રમતો આપણા જીવનમાં દાખલ થઇ ત્યારથી દેશી રમતો ધીમેધીમે અદૃશ્ય થવા લાગી ને આજે ગામડાં સિવાય એને માટે સ્થાન નથી રહ્યું. શહેરીઓને તો એ રમત કેમ રમાય છે એની પણ ભાગ્યે જ ખબર હોય છે.

ગ્રામ્ય જીવન એટલે જ જાણે મર્દાનગીની નિશાળ! એના પાદરે વહેતી સરિતા એ સુંદર અખાડો! અડખેપડખેનાં મેદાનો એ એમનાં 'પ્લે ગ્રાઉન્ડ્ઝ.'

ગામડાના છોકરાઓ બાવળની વાંકડી ડાળ કાપે, તેને છોલી રૂપાળી ગેડી બનાવે, ઘરમાંથી ગાભા વીણી તેનો દડો બનાવે, તેને સીંદરીથી ગંઠે, સામસામા બેરૂની બે ટુકડીઓ થઇ જાય ને પછી રૂપાળી ચાંદનીમાં 'લોગે લોગે'ની રીડો સાથે રમત શરૂ થાય, ત્યારે જોઇ લ્યો મઝા!

શહેરી જીવન જીવતો કોઇ માઇકાંગલો ત્યાં ચડી ગયો હોય અને એ દૃશ્ય દેખે, તો તેને પણ એ રમત રમનારાઓ માટે અને તેમના જીવન માટે બે ઘડી માન ઉત્પન્ન થયા વગર ન રહે.

અને એ દડો પણ કેવડો? તમારા ક્રિકેટના નાનકડા દડા તો એ હાથની એક ગેડી વાગતાં ગોળી માફક છુટીને સામે પાર જ જાય. અને જો એમ થાય તો તેમની રમતનો રંગ કેમ જામે? એમનો દડો તો લગભગ ફુટબૉલ જેવડો.

એવડો દડો, પણ ગેડીનો એક ટોટો વાગતાં તો ધમધમાટી બોલાવતો જાય! એવડા દડાની ધમધમાટી બોલાવતા હાથ કેટલા મજબુત હોય! અને એમની ગોલ કરવાની હદ હથેળીવા ચોગાન જેવડી થોડી હશે! ના, ના; તેમના ગોલ તો ખેતરના સીમાડા. આ સીમાડેથી દોટાવતા દોટાવતા પેલા સીમાડે લઇ જાય, ત્યારે તેમનો ગોલ થયો કહેવાય. તેમાં ય જો લોગે રહેતાં જરાક ચુક્યો તો ટાંગો તુટ્યો જ સમજો!

રમવામાં મશગુલ, તો યે પોતાના પગને સામા બેરૂની ગેડીથી બચાવવામાં એટલો જ હોશિયાર; સામા બેરૂની ગેડી પગ ઉપર પડી ન પડી ત્યાં તો ઝડપ ગેડી આડી ધરતોક તેના ઉપર ઘા ઝીલી લે, અને દડો લેતોકને ભાગે. આવી રમત રમનારને જાણે-અજાણે પણ લશ્કરી જીવનની કેવી તાલીમ મળી જાય છે?

એ તાલીમથી ઘડાએલું અને ધીંગુ શરીર જ વખત આવ્યે બહારવટિયા ને લુંટારાઓની ટોળીઓથી પોતાના ગામનું રક્ષણ કરી શકે છે. સામી છાતીએ ચાલી પોતાના ગામને ખાતર માથાં આપતાં તેઓ પાછી પાની નથી કરતા, અને મરીને જીવવાના મંત્ર આપતાં ગામને પાદર તેમના પાળિયા ખોડાય છે.

અને આ કંઇ એક જ રમત નથી.

કોઇ આમલીના ઝુંડ નીચે ઉભાઉભા કાતરા પટકાવતા ચારપાંચ ગામડિયા જુવાનોને કોઇ દિવસ જોયા છે? તેઓ ત્યાં ઉભાઉભા શું કરતા હશે? રમત રમવાની તૈયારીઓ. એ રમતને 'આમલી પીપળી' કહે છે. એક છોકરો દા આપે. એને અમુક ચીજને અડકીને ઝાલવા આવવાનું હોય. તે બતાવેલી ચીજને અડીને પાછો ફરે, ત્યાં તો ઝડપોઝડપ બીજા છોકરાઓ ઝાડ ઉપર ચડી જાય. દા દેનારો ટોળીના કોઇ પણ છોકરાને પકડી પાડવા ઝાડ ઉપર ચડે એટલે આ ડાળેથી બીજી ડાળે અને બીજીથી ત્રીજી ડાળે, એમ કુદાકુદ શરૂ થાય.

કોઇ બહાદુર રમનારો ઝાડની ટોચ ઉપર ચડી જાય અને ત્યાં બેઠોબેઠો દોહા લલકારે, તો કોઇ વળી પરોપકારવૃત્તિથી પોતાના સાથીને 'એલા ભાગજે આવ્યો' કહેતો ભાગવાની સુચના દેતો હોય. એવી રીતે રમતનો રંગ જામે. આ આનંદ અને મજા તો માણનારા જ જાણે! આવી રીતે દોડાદોડી કરવા છતાં પણ શરીરને સમતોલ રાખી સાચવતા અને જાણે જમીન પર કુદતા હોય એટલી બેફિકરાઇથી કલ્લોલ કરતા તેઓ કુદતા હોય છે. એમાં ઝાડ પરથી પડવાનો દાખલો તો જવલ્લે જ બને.

એ રમત ન રમવા ઇચ્છનારા વળી પોતાનું થાણું નોખું જમાવે. તેઓ પોતાની ટોળીના બે ભાગ

પાડી સામસામા ચોગાનમાં ઉભા રહે છે. તેમની વચમાં નવ ઠીકરાની એક દેગરડી ચડાવે છે. પછી રમનારાની બે ટોળી પડી જાય છે. એક ટોળીનો એક છોકરો એ દેગરડીને મુકરર દૂરેથી આંટવા ઉભો રહે. એ દેગરડી દડીથી આંટીને પાડી દે એટલે એની જ ટોળીના થોડાક છોકરાઓ દડીને ઠેલાવતા ભાગે અને એકબે જણ દેગરડી ચડાવવા લાગે.

સામી ટોળીના છોકરાઓ તેમની પાસેથી દડી લઇ લેવા પાછળ પડે. જો દેગરડી ચડ્યા પહેલાં, સામી ટોળીના છોકરાના હાથમા દડી આવી જાય તો તેઓ દડી લઇને દેગરડી પાડનારની ટોળીમાંના કોઈ પણને આંટી દે. એટલે પેલા હારે અને આ ટોળીનો દા ઉતરે. પણ એ દડી લેતાં તો પરસેવો છુટે. તે વખતની બંને ટોળીની દોડાદોડી ને મથામણ જોનારને એમ જ લાગે કે જાણે ગામ ભાંગીને ભાગતા બારવટિયા પાછળ, ગામની આબરૂ સાચવવા મથતા કોઇ મરણિયાની ટોળી પડી છે.

અને એ જે દડી આંટે તે કાંઇ પંપાળીને નહિ. ટેવાઈ ગએલ બરડા સિવાય બીજે કોઈ હડફેટે ચડી ગયો તો ત્યાં ને ત્યાં જ એવડો થઇ જાય! પણ આ તો રીઢા બરડા. કંઇક ભલભલા ઘા ઝીલવાની ટેવ પડી ગઇ હોય, તેમાં આ દડી બીચારી શા વિસાતમાં? એ નવ દેગરડી ચડાવીને રમાતી રમતનું નામ 'નવ નાગરિયો.'

ગામડામાં ભાગ્યે જ કોઈક એવો જડી આવશે કે જેને ઝાડે ચડતાં કે તરતાં નહિ આવડતું હોય. ગામને પાદર વહેતી નદીમાં પુર આવે ત્યારે જુવાનીઆઓની ટોળીએ ટોળીઓ એમાં ખાબકવા માટે નીકળી પડે. તરતાં ન આવડનારા પણ તરવાનું સાધન તત્કાળ શોધી કાઢી એ લ્હાવ લેવા ન ચુકે. મૉટરના ટાયર જેવો હવા ભરેલો રબ્બરનો કમરબંધ (લાઈફ–બેલ્ટ) આ ગામડિયાઓ નથી લાવતા: તેમને તો હાજર તે હથિયાર! પહેરેલી સુરવાલને ભીની કરી, તેની બે બાજુના બે પાયચાને બાંધી દે, અંદર હવા ભરાવા દે અને તે ફુલે એટલે તેનો નેફાનો ભાગ ખચખચાવીને બાંધી દે કે તરવાનું સાધન તૈયાર. પછી તેના ઉપર શરીર રાખીને તરે. ડૂબવાનો ભય બીલકુલ ઓછો, અને તરતાં આસાનીથી શીખી જાય.

ભમરડાની રમત પણ આ એકકેથી ઉતરે તેવી નથી. અષાડ માસ બેસતાંબેસતાંમાં તો, જાણે કટારીઓ લઇને કટક ઉપડ્યું હોય તેમ ભમરડા લઇને છોકરાઓની ટોળીઓ મેદાનમાં ઉતરી પડે છે. જાળીઓમાંથી ભરેડા છોડી કુંડાળામાં પડેલ ભમરડાને આંટવાનું શરૂ થાય છે, ત્યારે કાળના થરો નીચે દબાઇ ગએલ, કાઠીઓની કટારીની નિશાનબાજી સ્વાભાવિક જ યાદ આવી જાય છે.

હાથમાંથી છુટતાંવેંત કટારી જેમ શત્રુની છાતી વીંધી આરપાર નીકળી જાય, તેમ નિશાનબાજ ખેલાડીની દોરીમાંથી છુટેલો ભમરડો સામા બેરૂના ભમરડાને એવો તો આંટે કે કોઇક વાર તો ભમરડાનાં બે ફાડિયાં થઈ જાય. આ નિશાનબાજના હાથમાં કટારી આપીને થોડીક તાલીમ આપો તો? મુળે આ રમત કટારીના ઉપયોગની ભૂમિકા તરીકે જ શોધાઈ હશે.

અને રમતો રમાઇ રહ્યા પછી?

સૌ ટોળું વળી બેસે છે ને પછી વાતો મંડાય છે. તેમાં તમે ભળી જાઓ, તો ગામડાના કાલ્પનિક ને અણનોંધ્યા ઇતિહાસની ધારા ચાલતી લાગે.

એક કહેશે: 'તને ખબર છે, આપણી નદી કેટલી પવિત્ર છે તે? પાંડવો જ્યારે વનવાસ નીકળ્યા ત્યારે તેમણે ઘોડા આપણી આ કંકાવટી નદીમાં હંકારેલ હો? હાલતાં હાલતાં ભીમના ઘોડાએ પગ પછાડ્યો અને નદીમાં તે ઘોડાનો ડાબલો પડી ગયો. એ આપણો કાળો ધુનો. એમાં કેટલું પાણી રહે છે?'

ઘોડાના ડાબલાના આકારનો નદીમાં ખાડો પડી ધુનો બની ગયો હોય છે, તેને પણ એમનો વતનપ્રેમ કલ્પનાના કેવા સ્વાંગ પહેરાવી દે છે?

હજી વાત કરનારની વાત પુરી થઇ ન રહી હોય ત્યાં તો બીજો બોલી ઉઠે, 'એ તો ઠીક; પણ આપણા ગામને પાદર આવેલ કોટેશ્વર મહાદેવ કેમ પ્રગટ્યા એની ખબર છે? આપણા દરબાર બાપુ રામસંગજી દરરોજ સાંજે એ દિશા તરફ દિશાએ જાય, અને દરરોજ નગારાં વાગતાં હોય ને આરતી ઉતરતી હોય એમ સંભળાય. આડખેપડખે ક્યાંય દેરું નહિ, તેમજ કોઇ વસ્તી પણ નહિ.

બાપુ રોજ એ ટાણે જાય અને આરતી સાંભળે

પણ કોઇને વાત કરે નહિ. એક વખત તો બરાબર ખાતરી કરવા નારસંગજી બાપુને પણ સાથે તેડતા ગયા. બંને સંધ્યાટાણે ટેકરા પાસે જઇને બેઠા. બરાબર વખત થતાં આરતી શરૂ થઇ. બંનેને ખાતરી થઈ. તેઓ ખરેખરા શિવના ભગત હતા.

આરતી સાંભળી ઘેર આવ્યા. બીજે દિવસથી જ ટેકરો ખોદાવવો શરૂ કર્યો. તેમાથી શિવલિંગ જડી આવ્યું, તે જ આ શિવલિંગ. પછી તો ગામનાં માણસોએ ભેગાં થઇ ત્યાં દેરૂં ચણાવ્યું. એ આ આપણા કોટેશ્વર મહાદેવ.'

ત્યાં ત્રીજો કહેશે: 'આઘા ક્યાં જાઓ છો? આજ બપોરની જ વાત કરૂં? સીમમાં જવા સારૂ આપણાં સુરાપુરાના પાળિયા પાસે થઇને હું નીકળ્યો. કોઇ માણસ નહિ; પણ 'હં' કરતોકને હોંકારો થયો. પાછું વાળીને જોઉં ત્યાં બાપુ અભેસંગનો પાળિયો જાણે હાલતો હોય એવું લાગ્યું!

બાપુના હાથમાંથી બે દુશ્મનો છટકી ગએલા. એ બે પણ કેમ જીવતા જાય એ વસવસો બાપુના દિલમાં રહી ગએલો, એટલે હજી ઘણી વખત હોંકારા દે છે! કેવો શુરવીર ધણી! એના જીવતાં આપણા ગામ સામે કોઇ આંગળી પણ ન ચીંધિતું!'

આવી આવી વાતો દરરોજ એમના જીવનમાં રેડાયા જ કરે. એ સાંભળનારમાં વતનપ્રેમ કેટલો હોય? અને એ વતન ઉપર જ્યારે વેળા પડે ત્યારે એને માટે એ શું ન કરે?


પણ અત્યારે તો હવે એ જીવનની પણ દશા આથમવા બેઠી છે. પરસ્પર બંધુતા, સમાનતા અને સદ્દ્યારવૃત્તિ કેળવવાની એ પુરાતન લોકપ્રિય સંસ્થાઓ ભુંસાવાની વેળા આવી છે; જ્યારે બીજી બાજુ જુવાનોમાં સાહસ અને શૌર્ય પ્રગટાવવાની ને તેને પોષી સાચું જીવન સીંચવાની નવી સંસ્થાઓ કાં તો ખોલાતી નથી અથવા તો ખોલાએલીમાં બહુ સત્ત્વ દેખાતું નથી. પ્રજા તથા જવાબદાર વ્યક્તિઓ એ પ્રત્યે લક્ષ દોડાવી તેને સજીવ રાખવા તથા નવું સ્વરૂપ આપવા પ્રયત્ન નહિ કરે તો દેશના મોટા ભાગના તરુણોને શરીરની, બુદ્ધિની તથા મનની અનન્ય તાલીમ આપતા આ છે તે અખાડા પણ વિસ્મૃતિના અંધકારમાં વિલીન થઇ જશે.

મકનજી પરમાર

જ્ઞાનલીલા

ભાદરવા–આસોની જ્ઞાનલીલાના આવેલા ૨૪ ઉત્તરોમાંથી બધા પુરા સાચા તો એક જ ભાઈ જયંતિલાલ ન. પારેખ–સાબરમતીના છે. ઈનામ તેમને મોકલાશે.

ખરા જવાબ નીચે મુજબ: **(૧) ગુંચવાએલી કહેવતો:** (૧) સાચને આંચ નહિ (૨) જે ગામ જવું નહિ તેનો માર્ગ શું પુછવો? (૩) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા (૪) મા તે મા બીજા વગડાના વા (૫) શીરા સારૂ શ્રાવક થવું. **(૨) ગણિતગમ્મત:** (૧) કુલ મતદાર ૧૪૭; તરફેણમાં ૭૩, વિરૂદ્ધમાં ૭૪ **(૩) ઓળખી કાઢો:** અનલ, અનિલ



(૪) બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ભરવાડે વાડો નાખી હશે **(૫) અંકચોરસ:** નીચે

૩	૨૦	૭	૨૪	૧૧
૧૬	૮	૨૫	૧૨	૪
૯	૨૧	૧૩	૫	૧૭
૨૨	૧૪	૧	૧૮	૧૦
૧૫	૨	૧૯	૬	૨૩

(૬) શબ્દ ફેરવણી: દીવાળી, દીવાલ, સવાલ ને સવાર **(૭) ભૂગોળ-ગમ્મત:** (૧) ભુજ (૨) મુદ્રા (૩) ઠઠ્ઠા (૪) લાડી (૫) ભાલ (૬) ત્ર્યંબક (૭) દાંતા (૮) કલોલ (૯) આણંદ.

(૮) શબ્દ ગોઠવણ: નીચે.

ક
ક રિ ણી
ન ટ ના ગ ર
અ મ રા વ તી
કો ય લ
ણ

(૯) શી સગાઇ? ફુઓજી ને ભત્રીજા-વહુ.

નીચેના નવા સવાલોના ઉત્તર માગશર સુદ દશમ સુધીમાં પહોંચી જવા જોઇએ. નવા સવાલો મોકલનારને પણ યોગ્ય ઈનામ આપવામાં આવે છે.

નવા સવાલ




(૧) જોડેના આઠ વિચિત્ર ટુકડાઓમાં એક ઉંટ સંતાઇ ગયું છે; શોધી મોકલો.

(૨) ગણિત ગમ્મત: (૧) ૪ બહેન અને ૪ ભાઇ વચ્ચે ૩૨ નારંગી વહેંચવાની હતી. કમળાને ૧, વિમળાને ૨, ચંપાને ૩ ને ગંગાને ૪ નારંગી મળી. આ ચારે બહેનોના ભાઇઓને નીચે પ્રમાણે મળી. કનુને તેની બહેનના જેટલી, મનુને તેની બહેનથી બમણી, તનુને તેની બહેનથી ત્રણગણી ને જનુને તેની બહેનથી ચારગણી નારંગી મળી. આ ચારે બહેનોના ભાઇઓ કોણકોણ હતા તે ખરેખર

શોધી કાઢશો તો વહેંચણી કરતાં એકે નારંગી વધશે ઘટશે નહિ. (૨) પાઉંડ, શિલિંગ અને પેન્સની એવી કઈ ત્રણ સરખી અપૂર્ણાંક સંખ્યાનો સરવાળો બરાબર એક પાઉંડ થાય? (૩) 'આ સંગ્રહસ્થાનમાં કેટલાં પક્ષી ને કેટલાં પશુ છે?' નવા આવનારે રખેવાળને પુછ્યું.' ૩૬ માથાં ને ૧૦૦ પગ. હવે તમે જ ગણતરી કાઢો.' રખેવાળે જવાબ આપ્યો. તમે પણ ગણતરી કાઢો. (૩) એક ઓરડામાં દસ માણસ બેઠા છે. એક માણસને એવે ઠેકાણે મુકો કે તેમાંના નવ જ માણસ એ જોઈ શકે. દસમો નહિ જોનાર માણસ આંધળો ન હોય, એની આંખે પાટા બાંધવાના નહિ, તેમજ એને ગમે તેમ ફરવાની પણ છુટ. એ કેવી રીતે કરી દેશો?

(૪) તેવીસ અક્ષરનું કવિતાનું એક જાણીતું ચરણ છે. તેમાંથી નીચેના અક્ષરો મળીને બતાવ્યા પ્રમાણે અર્થ નીકળે છે: ૧, ૫=હૈયું; ૯, ૬=આજ: ૨૦, ૧૮=ટેવ; ૧૭, ૧૦=એક માપ: ૨૧, ૮=શરીરનો એક ભાગ; ૧૩, ૧૬=થોડું; ૭, ૧૧=એક પોર્ચ્યુગીઝ બંદર; ૩, ૧૨=સાગરમાં થતી એક ક્રિયા; ૨૨=ફટકો: ૧૫, ૧૯=ચેરા; ૨૩=૧૨. ત્યારે એ ચરણ કયું?

(૫) નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક માણસ પાસે સાંકળના પાંચ કટકા છે, ને દરેક કટકામાં ત્રણત્રણ કડીઓ છે. આ પાંચે કટકા સંધાડી તેને એક આખી સાંકળ બનાવવી છે. એક કડી કાપીને પાછી જોડી દેવાની મજુરી લુહાર ૨ આના લે છે. ત્યારે તે માણસ ઓછામાં ઓછા કેટલા ખર્ચે કટકા સંધાવી શકે ને કેવી રીતે?



(૬) શી સગાઈ? એક જણના ઘરમાં છબી લટકતી જોઇ કોઇએ એને પુછ્યું કે, 'આ કોની છબી?' ત્યારે તેણે જવાબ આપ્યો કે:

'નથી મારે કાકા, કે નથી એકે ભાઇ;
એના પિતા મારા પિતાનો પુત્ર થાય!'

ત્યારે એ બે વચ્ચે શી સગાઇ હશે?

શીતલ હેમંતે

: અંજની :

મધુર મધુર ઠંડી નીતરે છે,
ગાલ ગાલ ગુલાબ રમે છે,
હૃદયહૃદયની હુંફ વહે છે
શીતલ હેમંતે.

સૂકી હવામાં સ્થૂલ સંકોચે,
ચિત્તસૃષ્ટિ ચંચલતા પોષે,
ચેતનનો અંબાર ઝરે છે
શીતલ હેમંતે.



અદેખી દેખાદેખી

ફુલવાડીમાં ડોસો અને ડોસી રહેતાં હતાં. એમણે એક કુતરો પાળ્યો હતો. એક વાર કુતરો નીચું માથું કરીને જમીન સુંઘવા મંડયો અને પછી તેને પગના નહોર વતી ખણવા લાગ્યો.

ડોસાડોસીએ ધાર્યું કે કુતરાને કાંઇક સારૂંસારૂં ખાવાની ગંધ આવી હશે તેમાં આમ કરતો હશે. એમણે તો કૌતકથી કોદાળી વડે એ જમીન ખોદી જોઇ. જુએ છે તો અંદર સોનામહોરો ને જવાહીર! દ્રવ્ય મળ્યું એટલે ભલાં ડોસાડોસીએ છુટે હાથે દાન કર્યાં.

પાડોશમાં બીજો એક ડોસો તથા ડોસી રહેતાં હતાં. તેમને આ વાતની જાણ થઇ એટલે તેઓ પણ કુતરાને છાનોમાનો પોતાને ઘેર લઈ ગયા. તેની આગળ મીઠાઇઓ મુકી; પણ કુતરાએ તે સુંઘવાનું મન પણ ન કર્યું. આથી તેમણે કુતરાને વાડીમાં ઘસડયો. એટલે કુતરો જમીન સુંઘવા લાગ્યો.

પાડોશીઓએ આશામાં ને આશામાં ત્યાં ખોદી જોયું તો ગંધાતું નરક! આથી તેમને ખુબ ગુસ્સો ચડયો. રીસમાં ને રીસમાં એમણે કુતરાને મારી નાખ્યો અને એક ઝાડ તળે દાટી દીધો.

પેલા ડોસાએ પોતાના નિમકહલાલ કુતરાને ઘણો શોધ્યો પણ ક્યાં ય જડે નહિ. છેવટે તેને એના ખુનની ખબર પડી. શોક કરતો તે પેલા ઝાડ પાસે આવ્યો અને કુતરાની કબર ઉપર ફુલ અને ખોરાક મુકી રડવા લાગ્યો.

તે રાત્રે કુતરાનો આત્મા તેને સ્વપ્નમાં દેખાયો. આત્માએ કહ્યું, 'બાપા, હું દટાયો છું તે ઝાડ તમે

કાપીને તેની ખાંડણી બનાવજો. એ ખાંડણીમાં કાંઇ ખાંડો ત્યારે મને જરૂર યાદ કરજો.'

ડોસાએ તો કુતરાના આત્માના કહેવા મુજબ કર્યું અને ખાંડણીમાં ચોખા ખાંડયા. જુએ ત્યાં તો ચોખાનો એકેએક દાણો રતન થઇ ગએલો!

પેલાં પાડોશી બુઢ્ઢાબુઢ્ઢીને આ વાતની પણ ખબર પડી એટલે વળી પાછાં નફટ થઇને ખાંડણી માગી ગયાં. અંદર દાણા ખાંડે છે તો દાણાને બદલે નરક! એમને વળી કાળ ચડયો અને વળી તેમણે ખાંડણીને ભાગી ભુકો કરી બાળી નાખી.

ફરી પાછો કુતરાનો આત્મા ડોસાના સ્વપ્નમાં દેખાયો અને ખાંડણી બળી ગયાની હકીકત જણાવી કહ્યું, 'બાપા, હવે એ ખાંડણીની રાખ લઇને તમે સુકાએલાં ઝાડનાં ઠુંઠા ઉપર વેરશો એટલે તે લીલાંછમ થઇને ફાળશે અને જોતજોતામાં તો ફળફુલથી ઘેઘુર બની જશે.'

દયાળુ ડોસાએ તો ઉકરડેથી ખાંડણીની રાખ ભેગી કરીને પેટીમાં ભરી. પછી તે એક ગામથી બીજે ગામ ફરતો ગયો અને મરેલા ઝાડને સજીવન કરતો ગયો.

ડોસો મુસાફરી કરતો જાય ને દેશનાં ઝાડ તો બધાં ફુલને ઢગલે લચી પડે!

દેશના રાજાને આ વાતની જાણ થઈ એટલે તેણે એ ચમત્કાર નજરે જોવા ડોસાને તેડી મંગાવ્યો. ડોસાએ સુકા ઝાડને ફુલાવી દેખાડયું એટલે રાજાએ તેને ભારે ઇનામ આપી વિદાય કર્યો.

પેલાં નકલિયાં બુઢ્ઢોબુઢ્ઢી પણ વધાસધી રાખ ભેગી કરીને ચમત્કાર કરવા નીકળી પડયાં. એમને પણ રાજાએ બોલાવ્યા, અને ચમત્કાર કરી દેખાડવા કહ્યું. બુઢ્ઢે તો ઝાડ ઉપર ચડીને રાખ ખંખેરી. ઝાડ તો હતું એવું ઠુંઠું જ રહ્યું, પણ રાખ ઉડીને રાજાની આંખમાં ને નાકમાં પડી. એટલે તેણે આ ઠગારાને શિક્ષા કરી કાઢી મુકયો. બહુ ભુંડે હાલે એ બુઢ્ઢોબુઢ્ઢી ઘેર આવ્યાં.

પણ પેલાં ડોસોડોસી તો ઘણા જ માયાળુ સ્વભાવનાં હતાં. એમણે આ બુઢ્ઢાબુઢ્ઢીને ઘટતો ઠપકો દીધો અને પોતાની દોલતમાંથી થોડો ભાગ કાઢી આપ્યો. પછી તો પેલાં અદેખાં બુઢ્ઢોબુઢ્ઢી પણ સુધર્યાં અને સુખી જીવન ગાળવા લાગ્યાં.

(જાપાની વાત)




ઉડાય ના

ઝીણી તારલીઓ,
મોટો ચાંદલીઓ,
કાળો મેહુલીઓઃ
જોઉં જોઉં—
આંખો ધરાય ના.

ટમકે તારલીઓ,
ઝમતો ચાંદલીઓ,
વરસે મેહુલીઓઃ
પીઉં પીઉં—
હૈયું ધરાય ના.

ઉંચી તારલીઓ,
ઉંચો ચાંદલીઓ,
ઉંચે મેહુલીઓઃ
ઉડું ઉડું—
તો યે ઉડાય ના.

મોહિનીચન્દ્ર





માધુકરી

દેશના ભાગ્યવિધાતા

કેટલાય પૂજ્ય ગુરુજનોએ મને પુછેલું: 'યુવકોનાં કર્યાં તે શું થવાનાં હતાં? જેને મોઢે હજુ મુછનો દોરો ય નથી ફુટયો, એવા નવજુવાનોની તે કશું કરવાની તાકાત શી?' મેં નમ્રતાથી જવાબ દીધો: 'માફ કરશો, માન્યવર! પણ જ્યાં મોટાંઓએ તાકેલાં તીર નિશાન ચુકી એળે ગયાં છે, જ્યાં ગુરુજનોનાં આદર્યાં અધુરાં જ રહ્યાં છે ત્યાં એ નમુછીઆ નવજવાનો જ શોભા ને શક્તિની ઇમારતો ખડી કરશે. નવીન ભારત—સ્વતંત્ર ભારત નિર્માણ કરવાનું કાર્ય એ જ લલાટોમાં વિધાતાએ લખેલું છે.'

જર્મની જ્યારે લમણે હાથ દઈ બેઠું ને વિચારવા લાગ્યું કે મારે કર્યે શું થશે? સારો ય પ્રૌઢ વર્ગ—એ રાષ્ટ્રવીરો ને રાજનીતિજ્ઞો સૌ ઘડીભર થંભી રહ્યા, ત્યારે યુવાનોની એક પ્રચંડ મંડળીએ કેડ કસી. એ ઉત્સાહનાં પ્રલય સમા વેગવન્તાં પુર સારા દેશમાં ફરી વળ્યાં: જર્મનીના નવજુવાનમાં દેશસેવાની પ્રચંડ લગની લાગી: ને આજે—આજે જર્મની પોતાના નવયૌવનના બળ પર મુસ્તાક છે. આજે સારો દેશ જાણે છે કે અમારા પુત્રો ને અમારી પુત્રીઓ અમને ફરી શક્તિશાળી બનાવવા મરી ફીટવા પણ તૈયાર છે.

પેલો ઘરડો, માંદલો, મરણપથારીએ પડેલો દેશ તુર્કી;—એનું પુનરૂત્થાન નવલોહીઆ તરૂણોએ જ ઘડયું છે. કમાલે ને એના સાથીઓએ વિચાર્યું: ઈસ્લામી જીવનનો આજે કાયાપલટો નહિ થાય તો કાલે આપણો નાશ નિર્માણ છે. બીજી જ ઘડીએ તુર્ક વિદુષી હાનુમ બેગમે અંગોરા જઇ રાષ્ટ્રીય વિદ્યાલયનો પાયો નાખ્યો ને નવયુવાનોમાં સ્વતંત્રતાની તરસ જગાડી. જોતજોતાંમાં તુર્કીનું રૂપ બદલાઇ ગયું ને આજે તુર્કી સગર્વ મસ્તક ઉંચું કરી દુનિયા સામે મોં મલકાવી શકે છે.

ત્રણ ત્રણ હજાર વરસની જુની સંસ્કૃતિવાળા પેલા મિસરમાં યે ઝગલુલને કોણે સહાય કરી? નવજુવાને જ. વિશ્વભરને આજે આકર્ષી રહેલા ચીનમાં પ્રૌઢ વયના નેતાઓ ને મુત્સદીઓ પોતાના સ્વાર્થની બાજીઓ રચી આપસમાં ઝેરની જ્વાળા સળગાવી દેશના ટુકડા ટુકડા કરી રહ્યા હતા. ત્યારે તેમને યે ભુલાવી નાખે એવી કીકિયારી કરીને કોણ એકદમ કમ્મર કસી બહાર પડયું? નવજુવાનો જ. એ નમુછીઆઓ જ ગામડેગામડે પેઠા, ત્યાં છાપાંઓ કાઢયાં, ત્યાં નીશાળો કાઢી, ત્યાં સંમેલનો કર્યાં;—ને સારો દેશ ગાજી ઉઠયો.

ભારતના નવજુવાનો! એ જ ધગશ તમે પણ અંતરમાં સળગાવો. એ આત્મ-સન્માનની સાચી તમન્ના જ્યારે તમારા આત્મામાં પ્રગટશે ત્યારે દુનિયા આખીની શમશેરો તમારી સામે બોડી પડશે. એ સપનાં ક્યારે સાચાં કરશો?

(ગાંડીવ)

—સાધુ વાસવાણી

અમે

અમે દિવ્ય ગીતો ગાનારા,
સ્વર્ગીય અમારો સૂરઃ
અમે પીયુષ પી પાનારા
કંઇ સ્વર્ગતણું સુમધુર.

અમે મેઘ સમાન ગડૂડીએ,
કદિ શાંતિ ધરીએ શીત;
અમે સત્ય બધેબધ ઢુંઢીએ,
છે સત્ય અમારી પ્રીત.

અમે સાગરહૃદયે પેસી
ભરીએ અમ રત્નપટારઃ
આકાશ પતાળ પ્રવેશી
કરીએ સ્વચ્છંદ વિહાર.

અમે આશ નિરાશે જડીએ,
અમે દુઃખને ગણીએ ક્ષેમ;
છાયા તજી તડકે પડીએ,
અકળિત અમ ઉરની નેમ.

અમે રસઝરતા ફુવારા,
અમે તેજભર્યા ભવ્ય ભાણ;
અમે ઝગમગતા જગતારા,
અરો ચાંદ રત્નની ખાણ.

અમને નહિ દેશે દોષો,
અમે ભાવિ દર્પણકારઃ
અમે તો કુદરતના કોષો,
ભવરણશીંગાં ફુંકનાર.

કવિ ખબરદાર

એશિયાની સ્વપ્નભોમ

આજથી આરધા સૈકા પૂર્વે, બીજી પ્રજાઓને જે માત્ર પરીઓના દેશ જેવો લાગતો, ને યૂરોપવાસીઓ જેના વતનીઓને તેમની ઠાવકી ટાપટીપ, રંગબેરંગી પોશાક અને કઢંગી વિચિત્રતાને કારણે વગોવતા, એ જાપાન અને જાપાનવાસીઓ આજે જગતભરનાં અગ્ર રાષ્ટ્ર અને શક્તિશાળી પ્રજાઓની હરોળમાં સગર્વ વિરાજે છે. એ 'ઉગતા સૂર્યની ભૂમિ' આજે 'ઉગેલા સૂર્યની ભૂમિ' બની ગઇ છે, અને પૂર્વ ગોળાર્ધની એ મુઠીભર પ્રજા પોતાના બળવાન પ્રાણને લીધે દુનિયાની એક મહાન સત્તા ગણાય છે.

જાપાનીઓની એ ઝડપી પ્રગતિનાં કારણ રૂપ એમના અનેક ગુણોમાં મુખ્ય એમની ગ્રહણશક્તિ અને સાહસપ્રિયતા છે. પારકી પ્રજાની સારી વસ્તુઓ અને ગુણો ઝીલી, પચાવી તેને પોતાનાં કરવાની કળા એ બહુ અચ્છી જાણે છે. ચીનનાં કલા, ધર્મ અને સમાજજીવન ઝીલી પોતાનામાં ઉતારી તે પર જાપાની સંસ્કૃતિની મહોર તેમણે મારી દીધી. અને છેલ્લાં પચાસ વરસમાં તો તેમણે જર્મની, ઇંગ્લંડ, અમેરિકા વગેરે પશ્ચિમના દેશોમાંથી ઉદ્યોગ, હુન્નર, વિજ્ઞાન અને પ્રગતિમાન પ્રજાનાં બધાં ઉત્તમ તત્ત્વો વીણીવીણીને પોતાની પ્રજામાં એટલાં તો પચાવી દીધાં કે અત્યારે તે એમની હરીફ પ્રજા બનીને ઉભી રહી છે. વર્ષો પહેલાં જે જાપાન એક ટચુકડા રાજ્ય જેવું વિસરાએલું ને સાવ એકલું પડી રહ્યું હતું, તે અત્યારે છેલ્લી ઢબની લડાઇપદ્ધતિઓ ને તેનાં સાધનો તથા વૈજ્ઞાનિક શોધોથી માહીતગાર અને સજ્જ છે, પશ્ચિમની પ્રગતિમાન પ્રજાઓને ઉદ્યોગ હુન્નર અને કારીગરીમાં હરાવે છે અને દુનિયાભરમાં મહાપ્રજા તરીકે માન પામે છે.

પણ આ બધા ગુણો કરતાં વધુ તેજસ્વી એવું એક બળવાન તત્ત્વ તેમની પાછળ ઉભું છે, અને તે એમનો રાષ્ટ્રપ્રેમ,—પોતાના દેશને જગતમાં સમાનહક્કથી જીવતો રાખવાની ધગશ અને ઝંખના. એના ટોગો અને ઓયામા જેવા શૂરવીર યોદ્ધાઓ હજી જુના જાપાનના હોય તેવા જ છે. એમની નસોમાં હજુ જુનો સામુરાઇ (રાજપુતી) પ્રાણ ભર્યો છે. જાપાનની મહત્તા ખરેખરી એના રાષ્ટ્રપ્રેમ ઉપર જ નિર્ભર છે.

જાપાની પ્રજા મુળ ક્યાંથી ઉતરી આવી એ નક્કી કહેવાય તેમ નથી; પણ સૌથી પહેલાં જાપાનમાં આર્ય લોક રહેતા હતા. ત્યાર પછી જાપાન ઉપર માન્ગોલ લોકની અને મલાઇ લોકની એમ વારાફરતી બે ચઢાઇઓ થઇ. માન્ગોલોએ આર્યલોકને વશ કર્યા અને મલાઇ લોકોએ માન્ગોલોને ઉત્તર તરફ હાંકી કાઢ્યા. એ ત્રણેનાં આંતર્લગ્નોથી જે સંમિશ્ર પ્રજા બની તે હાલના જાપાનીઓ. ગમે તેવા કપરા સંજોગોમાં પણ ટકી રહેવાનો જાપાનીઓનો ગુણ આર્ય લોકોમાંથી આવ્યો છે; એમની બુદ્ધિશક્તિ તે મોન્ગોલોની છે; અને સંજોગાનુકુળ જીવનનું ઘડતર અને સંકેલણ એ દરિયાઇ મલાઇ લોકનું છે. જાપાની સંસ્કૃતિ ઉપર આર્ય લોકની અસર ચોખ્ખી જણાઇ આવે છે. બુદ્ધ ધર્મે તેમનાં જીવન-આદર્શો, કળા અને સાહિત્યનો વિકાસ કર્યો છે, અને ત્યાર પછી પશ્ચિમની સંસ્કૃતિની અસરે તેમાં સમાજસુધારા અને પ્રગતિનાં તત્ત્વો દાખલ કર્યાં છે.

ચીનના લોકો જાપાનને 'જિહ-પેન' (એટલે સૂર્યોદયનો દેશ) કહે છે. જાપાન ચીનની પૂર્વે આવેલો હોવાથી આ નામ પડે એ સંભવિત છે. 'જાપાન' એ 'જિહ-પેન'નું અપભ્રંશ રૂપ છે. પણ જાપાનનું સૌથી જુનું નામ તો 'વા માટો' છે. એ ઉપરાંત જાપાનને વળી 'અકીત્સુ-શીમા' એટલે 'રાક્ષસી માખીનો બેટ' કહેવામાં આવે છે. આ નામ કેમ પડ્યું તેને વિષે જાપાનના ઇતિહાસમાં એક વાત છે કે એક વાર મહારાજા વાકી-કામુ દેશભરમાં ચોમેર નજર પડે એવી ઉંચામાં ઉંચી ટેકરી પર ચઢેલા. દેશનું સૌન્દર્ય જોઈ એ પ્રસન્ન થયા અને એમણે જાપાનને પાછલા પગ ચાટતી ને સાફ કરતી મોટી રાક્ષસી માખી સાથે સરખાવ્યો. એ દિવસથી જાપાનનું નામ 'અકીત્સુ-શીમા' પડ્યું.

જાપાન ગિરિકંદરાઓનો પ્રદેશ છે, તેથી ત્યાંના લોક પણ મજબુત બાંધાના ને બહાદુર છે. જાપાનના વીરનરો જેવા તેવા નથી. જાપાનીઓ મુળે કલ્પનારંગી, રંગશોખીન અને કવિતા તેમજ સૌન્દર્યના ઉપાસક લોક છે. જગતની ઘણી પ્રજાઓએ ચંદ્રસૂર્યને અને કુદરતને દેવતાઓ માની પૂજ્યાં છે; પણ એક જાપાની પ્રજાએ જ લાલ ફુલોના ઢગલાને પરમેશ્વરનો અગ્નિ કહ્યો છે; ફુજી પર્વત પરના બરફને દેવતાઓનાં વસ્ત્રો કહ્યાં છે.

જાપાનીઓની પૂર્વજપૂજા એ સૌન્દર્ય ને શ્રદ્ધાનો ઉત્સવ છે. એમાં સદ્‌ગત આત્માઓને પૃથ્વી પર, દેવદારનાં વૃક્ષોથી આચ્છાદિત લીલીછમ ટેકરીઓ ચડવા, સરોવરો અને સમુદ્રકાંઠા પરની વાંકીચુંકી કેડીઓમાં ફરવા, પ્રિય ઉપવનોમાં વિહરવા ને નાજુક ઠાવકાં ઘરોમાં વાસ કરવા આમંત્રે છે.

જાપાનીઓનો પ્રકૃતિપ્રેમ તો અજબ છે. ફુજી પર્વતને તેઓ દેવ પેરે પુજે છે. જાપાની દંતકથાઓ અને આખ્યાયિકાઓ વૃક્ષો, ફુલો અને પતંગિયાંઓમાં આત્માઓ કલ્પે છે. વસંતનું જાપાન તો અણખિલું સ્વર્ગ બની રહે છે. એ મધુર કુદરતની સ્તુતિ કરતાં ને કવિતાઓ ગાતાં જાપાની પ્રજા કદિ થાકતી નથી. (અંગ્રેજી પરથી)

બળવાન ગાંધીજી

ફીનિક્સમાં ટોલ્સટૉય ફાર્મ વસાવીને ગાંધીજીએ ત્યાં મજુરીનું જીવન ગાળવાની શરૂઆત કરી. ડર્બનથી ફીનિક્સ ૧૬ માઇલ તેઓ દર રવિવારે ચાલતા. તેમના હાથ પરના સ્નાયુઓ અને મુખ પરની રેખા પરથી તેઓ ઘણા જ

બળવાન ગણાતા. મજબુત (ઝુર) કાફરોને પણ હંફાવી નાખે તેવું એ જીવન ગાળતા એ પ્રત્યક્ષ થતું હતું. ઝુર લોકો કરતાં વધારે ખોદવાનું કાર્ય તે કરી શકતા. ઇન્ડિયન ઓપિનિયન છાપવાનું મશિન તે વખતે એન્જીનથી ચાલતું ન હતું અને તેના પર ચાર મજુરો લગાડવા પડતા. ભારે છાપવાનું કામ ચાલે ત્યારે શુક્રવારે આખી રાત મશિન ચલાવવું પડતું; અને એ વખતે કાફર, ગોરા અથવા હિંદીઓમાંથી એક પણ માણસ ગાંધીજી જેટલું મશિન પર ટકી શકતો નહિ. તેમણે મજુર જેટલી શક્તિ મેળવી હતી, અને તેમનો ખોરાક પણ એક મજુર જેટલો જ હતો. જે ગાંધીજી અત્યારે દુધ અને દ્રાક્ષ પર રહે છે તેમનો તે વખતનો બપોરનો નાસ્તો ૧ થી ૧।। ડઝન કેળાં અને બે મુઠી મગફળીનો હતો,—જે સાધારણ મજુરના કરતાં ઘણો વધારે કહેવાય.

પણ આ સઘળું તેઓ પોતાની સ્વચ્છ રહેણી અને સખત મજુરીથી પચાવી દેતા. તેમની સાથે વસતાં અમને ઘણી તાલીમ મળી છે અને આવું ઘણું હું કહી શકું; પરંતુ તેમની કલમે લખાનારાં પ્રકરણોનો રસ હું લઇ લેવા માગતો નથી. છેવટમાં એટલું જ કહીશ કે તેમના જીવનમાંથી દેશે ઘણું જોવાનું અને જાણવાનું છે. (મગનલાલ ગાંધી)

ઇતિહાસદર્શન

માધવરાવ પેશ્વાના મુખ્ય સેનાપતિ પરશુરામ ભાઉ વિષે એક વાત છે કે, એક રાત્રે મરાઠી સૈન્ય પર હયદરઅલીનો અચાનક હુમલો થયો. પહેલી બંદુક ફુટતાં જ સેનાપતિ સૌથી પહેલા જાગ્રત થઇ ગયા અને જાગ્રત થતાં જ તે ઘોડા પર ચડ્યા, મરાઠી વાવટો હાથમાં લીધો અને ભયનું રણશીંગું ફુંકવાની આજ્ઞા આપી. સૈનિકો ભેગા થવા લાગ્યા ત્યારે પણ તે મોખરે જ ઉભા હતા. વીર નેપોલીઅનને ગન્યું હતું તેવી જ રીતે પરશુરામની ચારે તરફ ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો.

પણ પરશુરામ મરાઠી વાવટો ફરકતો રાખીને રંચપણ ડગ્યા વિના ઘોડા પર સ્થિર જ રહ્યા: તેનો રક્ષક સૈનિક પાસે ઉભો હતો, તે તોપનો ગોળો આવતાં ઢળી ગયો, અને તેના લોહીના છંટકાવથી પરશુરામનું શરીર ભીંજાઈ ગયું. એક બીજી ગોળી આવી ને તેનો ઘોડો ઘાયલ થયો. પરશુરામ તરત બીજા ઘોડા પર ચઢીને વાવટો ફરકાવતા દેખાયા. બીજો અને ત્રીજો ઘોડો પણ ઘાયલ થયા. પણ ખુદ મૃત્યુના મુખમાં ઉભેલો એ સેનાપતિ જરાપણ ડગ્યો નહિ. એ વખતે, જરાપણ ઢીલાશ બતાવે તો આખું લશ્કર કપાઈ જવા જેટલી ગેરવ્યવસ્થા પ્રસરે તેમ હતું. પણ પરશુરામે છેવટ સુધી એવી જ શાંતિભરી હીમત દાખવીને મરાઠા લશ્કરને વિજય અપાવ્યો.

મલમલને માટે પ્રખ્યાત બનેલું ઢાકા એક વખત બંગાળાની રાજધાનીનું શહેર હતું. ઔરંગઝેબના વખતમાં જ્યારે ત્યાં સાહિસ્તખાં સુબા તરીકે હતો, ત્યારે એક વખત ડાંગર એટલી બધી સસ્તી હતી કે એક રૂપિયાની ૧૬ મણ મળતી! આટલી બધી સોંઘવારી પોતાના વખતમાં થઇ એમ દર્શાવવા માટે સાહિસ્તખાને ઈ. સ. ૧૬૮૯માં ઢાકા છોડ્યું ત્યારે પશ્ચિમનો દરવાજો બંધ કરાવી તેના પર લેખ મુકાવેલો, કે ભવિષ્યનો સુબો જ્યાં સુધી આવી સોંઘવારી ન કરી શકે ત્યાં સુધી આ દરવાજો તેણે ઉઘાડવો નહિ. આ સોંઘવારી તો જાણે કે અસાધારણ પ્રસંગ ગણાય, પણ સાધારણ રીતે, તે વખતે સોંઘવારી ઘણી જ હતી એ વાત તો ચોક્કસ છે. અલાઉદ્દીન ખીલજીના વખતમાં એક રૂપિયાના લગભગ પાંચ-છ મણ ચોખા તો મળતા!

(વીસમી સદી) 'ધૂમકેતુ'

એક વાત છે; જુની વાત છે. ૧૮૫૭નો બળવો હજુ સળગ્યો નહોતો. સપાટીની શાન્તિ નીચે પ્રચંડ અગ્નિ શમશમી રહ્યો હતો. તે વખતે હૈદ્રાબાદના સર્વસત્તાધારી ને સુવિખ્યાત સલારજંગ બહાદુર ઇંગ્લાંડમાં હતા. ત્યાં એમને લૅારા બેલ નામની અંગ્રેજ યુવતી સાથે મૈત્રી બંધાઇ. એ વેળા એ લૅારા બેલના સૌન્દર્યસૂર્યનો મધ્યાહ્ન ઝળહળતો હતો. તેના સૌન્દર્યની ખ્યાતિ દિગન્તમાં પ્રસરી હતી. વખત જતાં સલારજંગ બહાદુર અને લૅારા બેલની વચ્ચે એ મૈત્રીનાં બંધન મજબુત બન્યાં. જ્યારે સલારજંગ બહાદુર હિંદ તરફ આવવા નીકળ્યા ત્યારે તેમણે લૅારા બેલને પોતાની સુવર્ણમુદ્રિકા આપી, અને કહ્યું કે કોઇપણ કાળે મારી સહાયની તને જરૂર પડે તો આ મુદ્રિકા મને મોકલજે. હું તારૂં કાર્ય કરી આપીશ.

પછી તો બળવાની જ્વાળા ભભુકી હઠી. સલ્તનતના પાયા ખળભળી ઉઠ્યા. તે વખતે લૅારા બેલની સ્વદેશભક્તિ જાગૃત થઇ. તે વખતના 'પ્રિન્સ ઑફ વેલ્સ' અને પછીના એડવર્ડ શહેનશાહને તેણે સલારજંગના વચનની જાણ કરી. યુવરાજે તેને પેલી વીંટી સલારજંગને મોકલવાની સલાહ આપી. વીંટી મોકલાઇ. છ હજાર માઇલ છેટે રહેલા સલારજંગને પોતાની મૈત્રીની સ્મૃતિ તાજી થઇ. તેને પોતાનું વચન સાંભર્યું. બ્રિટિશ રાજ્યના પાયા ઉખડી જવાની અણી ઉપર હતા, ત્યારે સલારજંગે હૈદ્રાબાદ રાજ્યનાં સર્વ સાધન, સમૃદ્ધિ ને બળ બ્રિટિશ રાજ્યના સેનાપતિઓને ચરણે મુકી દીધાં ને બ્રિટિશ રાજ્ય બચી ગયું;—અને તે એક સલારજંગના દેશદ્રોહને લીધે.

બ્રિટિશ સામ્રાજ્યના પાયા આ દેશમાં સુદૃઢ કરવાનો આવો ગુપ્ત ઇતિહાસ તો કેટલો યે દટાએલો પડ્યો છે.

•

મોગલ કાળના ઈતિહાસની સાથે ઉતરી આવેલી એક કથા છે. એક દિવસ શાહજહાં પોતાના સામ્રાજ્યની મહેસુલના ચોપડાઓ જોતો હતો. અચાનક તેની નજરે એક ગામ

ચઢી ગયું. તેની ચાલુ વર્ષની મહેસુલ ગત વર્ષો કરતાં વધારે નોંધાઇ હતી. એ ગામ પાસેથી તેના અમલદારોએ થોડા હજાર વધારે મહેસુલ લીધા હતા. શાહજહાં ચોપડાના એ પાના પર થંભી ગયો. આમ કેમ ! એ પ્રશ્ને એનું મન વ્યગ્ર બન્યું. તેણે તત્કાળ વડા વજીર સાદુલ્લાહખાનને બોલાવ્યા. શાહજહાંએ તેની પાસે મહેસુલમાં વધારો થવાનાં કારણો માગ્યાં. સ્થાનિક તપાસને અંતે માલુમ પડ્યું કે ગામની નદી થોડી આઘી જવાથી ગામને પાદર થોડી જમીન વધી છે. એ નવી જમીનની મહેસુલી ઉપજ મુળ ઉપજમાં ઉમેરાતાં મહેસુલમાં વધારો દેખાયો છે.

શાહજહાંએ ફરી સવાલ કર્યો: 'એ જમીન ખાલસા છે કે ઈનામી ?' તપાસ કરતાં જણાયું કે એ જમીન ઇનામી છે. એ જાણીને શાહજહાંના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે ક્રોધથી કંપતા સ્વરે બોલ્યો: 'નદી એટલી આઘી ખસી છે તે એ ગામનાં નિરાધારો, વિધવાઓ અને મિસ્કીનોની કાકલુદીઓ ન સહેવાવાથી. જમીનનો એ નવો ટુકડો એ ગરીબગુરબાંને માટે તૈયાર થયો છે. ખુદાનાં બાળકો માટે એ ખુદાઇ બક્ષિશ છે. તમે એની ઉપજ શાહેનશાહી ખજાનામાં લઈ લેવાની હીમત કેમ કરી શકો ? ખુદાના સર્જેલા ઈન્સાનને ઠુગારી લેવાની મુરાદ મારા અંતરમાંથી હઠી હોત, તો હું, એ જમીનની ઉપજની વસુલાત કરનાર જુલ્મગાર ફોજદારને ફાંસીએ ચડાવવાનો હુકમ આપત. એ ફોજદારને હું નોકરીમાંથી બરતરફ કરૂં છું અને આવાં અન્યાયી દુષ્ટ કામો ન આચરવા બીજા તમામ કર્મચારીઓને ચેતવણી આપું છું. અને સાદુલ્લાહખાન, જે ખેડુતો પાસેથી એ વધારાની વસુલાત થઇ છે તેમને તે રકમ તત્કાળ પરત કરવા વ્યવસ્થા કરો.'

હિંદુસ્તાનની નદીઓમાં ત્યારે અમી વહેતાં. હિંદુસ્તાનનાં ખેતરોમાં ત્યારે સોનું પાકતું. હિંદુસ્તાન ત્યારે સમૃદ્ધિ ને સંતોષનો, બરકત ને સુખવૈભવનો, અન્ય કોઇને ઇર્ષ્યા ઉપજાવે એવો સ્વર્ગીય દેશ હતો !

(સૌરાષ્ટ્ર) —જદુનાથ સરકાર

બીકાનેરની ગંગાનહેર

પંજાબની સતલજ નદીનાં નીર ઉત્તર રાજપુતાનાની મરુભૂમિમાં છેક બીકાનેર સુધી રેલાવતી ૮૫ માઇલ લાંબી એક જંગી નહેર બીકાનેરના મહારાજા ગંગાસિંહે ખોદાવી છે. મહારાજના નામ પરથી ઓળખાતી એ ગંગાનહેર ખુલ્લી મુકવાની ક્રિયા હમણાં જ વાઇસરૉયે કરી. નાની શાખા-પ્રશાખાઓ મળીને કુલ ૫૯૮ માઇલ લંબાઈની એ નહેર જુગજુગથી નિર્જન રહેલા એ સુકા રણવગડા જેવા પ્રદેશની આજે ભવભૂખ ભાંગે છે. જ્યાં રેતી ઉડતી ત્યાં હવે પાણીની છોળો ઉડશે; જ્યાં પંખી યે ફરકી શકતું નહિ ત્યાં લીલીછમ વસ્તી જમાવી માનવજાત હવે રસકલ્લોલ કરશે; ઇતિહાસ-પ્રસિદ્ધ એ મરુભૂમિ હવે નંદનવન બનશે.

ત્રણ કરોડ ને દસ લાખ રૂપિયાને ખર્ચે તૈયાર થએલી એ નહેર છ લાખ ને વીસ હજાર એકર જમીનને પાણી પુરૂં પાડશે. એંશી માઇલ સુધી, તળિયે ને બાજુએ કાંકરેટના કામથી મજબુત બનેલી આ નહેર દુનિયા આખીમાં એ જાતની મોટામાં મોટી નહેર છે.

નહેરો તો ઘણે સ્થળે થઇ છે. અંગ્રેજી ભૂમિમાં થઈ છે તેમજ દેશી રાજ્યોમાં થઇ છે. માઇસોરમાં ડગલે ને પગલે નહેરો દેખાશે. અંગ્રેજી હકુમતમાં પંજાબ ને મદ્રાસ નહેરોના પ્રદેશ છે. પરંતુ એ બધાથી આ પ્રયત્ન અનોખો છે, કારણ કે આ પ્રયત્ને તો ઇતિહાસને ઉલટાવ્યો છે. મરુભૂમિ એ આપણું ઇતિહાસપ્રસિદ્ધ નામ છે; એની નિર્જનતા સૈકાઓ-જુની છે. એ રણની બળતી ભૂમિ ઉપરનો શાપ આજે આટલાં વર્ષે બીકાનેરના મહારાજાને હાથે ઉતરે, એ અંગારના વરસાદમાં જળસિંચન એક દેશી રાજાને હાથે થાય, એ વસ્તુનું અમને અભિમાન છે. સુએઝની નહેર એ જેમ અંગ્રેજી ઇજનેરીનું અભિમાન છે, પનામાની નહેર એ જેમ અમેરિકાની કલ્પનાનો જયનાદ છે, તેમ ગંગાનહેર એ અમારા દેશી રાજવીની ભાવના અને રચનાશક્તિનો વિજયધ્વજ છે. જે અકબર અને માનસિંહના યુગની કલ્પના ને કળાએ ન કર્યું, એથી પણ પૂર્વની રાજપુતીના મધ્ય કાળની સાધન-સંપત્તિ ને બુદ્ધિવિભૂતિના સમયમાં જે ન થયું, તે આજે ગંગાસિંહના રાજ્યઅમલમાં થયું. પંડિત માલવીજીએ મહારાજ ગંગાસિંહને આપેલા આશીર્વાદ યથાર્થ છે કે, 'ગંગામૈયાનાં પાણી પોતાને ત્યાં ઉતારવાનો ભીષણ પ્રયત્ન કરનાર મહારાજ ભગીરથની માફક જ તમારૂં નામ ને કામ અમર હો.'

('સૌરાષ્ટ્ર' પરથી)

આત્મરક્ષણની તાલીમ

તમે કોઇપણ જાતનો વ્યાયામ કરો એ ફાયદાકારક જ નીવડવાનો. એકલી જોડી ફેરવવી કે દંડબેઠક કાઢવાં, મલખંબ કરવો કે નમસ્કાર કરવા, કે ટેનિસ ફુટબોલ કે ક્રિકેટ રમવાં તે આરોગ્યના સંરક્ષણ માટે કે શરીર સુદૃઢ બનાવવા માટે અવશ્ય ફાયદાકારક છે. એથી શરીર જરૂર મજબુત બને છે. પણ શરીર મજબુત બનાવ્યા પછી—અથવા તેની સાથોસાથ—આપણે એક બીજી વાત પણ વિચારવાની છે. આરોગ્ય અને સુદૃઢ શરીર, એ આ જમાનામાં પુરતાં નથી. આજે માણસોએ સ્વરક્ષણની તાકાત ખીલવવાની જરૂર છે. જોડી, દંડબેઠક, મલખંબ તમને શરીરની તાકાત આપે છે, પણ સ્વરક્ષણની તાકાત નથી આપતાં. કોઇ તમારા શરીર પર હુમલો કરે ત્યારે નમસ્કાર કરીને કે દંડ કાઢીને તમે બચાવ નહિ કરી શકો. તેને માટે એક જુદી તાલીમ છે.

સ્વરક્ષણને માટે ઉપયોગી એવા પટ્ટા અને તલવારની તો સરકારે કાયદાથી મના કરી છે. આવા સંજોગોમાં શરીરને

સુદૃઢ બનાવે, અંગેઅંગમાં સ્ફૂર્તિ આણે ને સ્વસંરક્ષણમાં ય અત્યંત ઉપયોગી નીવડે એવો વ્યાયામ એક માત્ર લાઠીનો છે. કેવળ દસ મિનિટમાં જ સર્વ અંગોને વ્યાયામ આપે ને પોતાનું સંરક્ષણ કરવાની હીમત પુરે એ માત્ર લાઠી. આબાલવૃદ્ધ નરનારનું સ્વત્વ સાચવવાને આ સમયમાં એક જ અમોઘ શસ્ત્ર છે; અને તે લાઠી અથવા લકડી.

આવો લાઠીનો આ સર્વોત્તમ વ્યાયામ થોડે ખર્ચે, થોડા સમયમાં સૌકોઈ શીખી શકે છે. લાઠીના વ્યાયામથી શરીરના દરેક અવયવને પૂર્ણ કસરત મળે છે. માત્ર દસ મિનિટમાં એ વ્યાયામ કરનારનું શરીર પરસેવે તરબોળ થઈ જાય છે. લાઠીના વ્યાયામથી શરીર મજબુત ને રીઢું બને છે. લાઠીબાજના હાથની પકડ એટલે મગરનું બચકું. લાઠીબાજની લાઠીનો ફટકો જો કોઇના મોં પર પડે તો તે ફટકો અનુભવનાર રામશરણ જ જવાનો. લાઠીની એટલી તાકાત છે.

સ્ત્રીઓ પણ લાઠીનો વ્યાયામ કરી શકે. મનની પ્રસન્નતા વધારવા માટે યે આ વ્યાયામ અત્યંત ઉપયોગી છે. આ લાઠીશિક્ષણનો પ્રચાર દેશભરમાં, ઘેરેઘેર, દરેક માણસમાં થવો જોઇએ. લાઠીની તાલીમ દરેક કૉલેજમાં ફરજીયાત હોવી જોઈએ. અને લાઠીની તાલીમની બાબત કંઈ જ અઘરી નથી. તે સહેલાઇથી શીખી શકાય તેમ છે. આપણી શાળાઓમાં, પોલિસખાતામાં, લશ્કરમાં, કચેરીકારકુનોમા, સર્વત્ર લાઠીની કવાયત ફરજીયાત કરવી જોઇએ.

(સૌરાષ્ટ્ર) —પ્રો માણેકરાવ

(લાઠીની શરતો ને તાલીમ બાબત વિગતવાર માહિતી, જુમ્માદાદા વ્યાયામ મંદિર, વડોદરા—એ સરનામેથી મળશે.)

પૂછો તંત્રીને

(૧) આપણે કાચ વાટે જોઇ શકીએ છીએ ત્યારે જેમાંથી કાચ બને છે તે રેતી વાટે કેમ જોઇ શકતા નથી?

કોઈ પણ પદાર્થનાં રજકણો કઈ રીતે જોડાયાં છે તેના ઉપર એ પદાર્થની પારદર્શકતાનો આધાર રહે છે. કાચ સિવાય બીજા પણ ઘણા પદાર્થો પારદર્શક બનાવી શકાય. કાચની બનાવટમાં રજકણો એકબીજાની પાછળ એવી રીતે ગોઠવાય છે કે તેમાંથી પ્રકાશ સોંસરો નીકળી શકે. રેતીમાંથી એવો પણ કાચ બનાવી શકાય છે જે માત્ર પ્રકાશને દાખલ જ થવા દે છે પરંતુ પાછો એવી રીતે વિખેરી નાખે કે એ જે તરફથી આવતો હોય તે તરફની વસ્તુઓ દેખી ન શકાય.

(૨) આપણા શરીરમાં શરદી ક્યાંથી આવે છે ને વળી પાછી એ ક્યાં જાય છે?

આપણાં નાક અને ગળા ઉપર માઇક્રોબ નામનાં જંતુઓ જ્યારે હુમલો કરે ત્યારે આપણને શરદી લાગે છે. કોઈ પણ હવામાં શરદી લાગેલી જ રહેતી હોય એવા માણસ પાસેથી મુળ આ જંતુઓ આવે છે. માણસનાં નાક અને ગળા સિવાય આ જંતુઓ ભાગ્યે જ બીજી કોઇ જગ્યાએ રહે છે. જો રહેતાં હોય તો કદાચ જમીનમાંથી કે એ જ્યાં હોય ત્યાંથી આપણને શરદી લાગે છે. પણ મોટે ભાગે શરદી બીજા માણસ પાસેથી જ આવે છે. બીજા પ્રશ્નનો જવાબ એ છે કે એ આવ્યા પછી થોડા દિવસે આપણું શરીર એમની સાથે કેમ વર્તવું તે સારી પેઠે જાણી જાય છે. એટલે કાં તો તેમનો નાશ થાય છે અથવા રહે છે તો નુકસાન કરી શકતાં નથી. તેથી આપણે પાછા સાજા થઇએ છીએ. પણ ઘણી વાર તો શરદી આપણી પાસે જે રીતે આવે તે જ રીતે પાછી બીજા કોઈ પાસે ચાલી જાય છે.

(૩) એકાએક માઠા સમાચાર સાંભળવાથી માણસ બેશુદ્ધ કેમ બની જાય છે?

બેશુદ્ધ થવાનાં કેટલાંક કારણો છે. તેમાંનું એક કારણ મગજના અમુક ભાગને લોહી નહિ પહોંચવાનું છે. એકાએક સખત લાગણી થઇ આવવાથી આમ બને છે. લોહીની નસો એકદમ સંકોચાઈ જાય છે એટલે મગજને લોહી પહોંચી શકતું નથી ને માણસ ફિક્કો અથવા સફેદ પડી જાય છે. જ્યારે આવી સ્થિતિ થાય ત્યારે તે જમીન ઉપર પછડાય છે. એને પછાડવામાં પણ કુદરતની દયા જ રહેલી છે, કેમકે માણસ ઉભો રહેવા કરતાં જો ચત્તો પડ્યો હોય તો લોહી મગજ સુધી વધારે સહેલાઈથી પહોંચી શકે છે. જ્યારે આવી રીતે કોઇ બેશુદ્ધ થઇ જાય ત્યારે તેને ચત્તું સુવાડી દેવું ને જ્યાં સુધી શુદ્ધિમાં ન આવે ત્યાં સુધી શરીર કરતાં માથું નીચાણમાં રાખવું, જેથી લોહી મગજ સુધી પહોંચી શકે.

(૪) ચાલતી વખતે આપણે હાથ કેમ હલાવીએ છીએ?

આનું કાંઈ ચોક્કસ કારણ મળી શક્યું નથી, પરંતુ એટલું તો નક્કી કે હાથને શરીરની સાથે જકડી રાખીને ચાલવા કરતાં જો એને કુદરતી રીતે હલતા રાખીને ચાલીએ તો ચાલવાનું વધારે સહેલું પડે છે. કદાચ હાથ હલાવવાથી અજાણતાં પણ આપણે શરીરનું સમતોલપણું જાળવી રાખતા હઇશું. ગમે તેમ હોય, પણ ચાલવાની સરળતા માટે કુદરતે આ યોજના કરી છે એટલું તો ચોક્કસ.

ક્ષણેક્ષણે વૈદ, હકીમ અને દાક્તરોને ત્યાં દોડવાથી ને શરીરમાં અનેક વસાણાં તથા રસાયણો ભરવાથી મનુષ્ય પોતાનું જીવન ટુંકું કરે છે, એટલું જ નહિ પણ પોતાના મન ઉપરનો કાબુ ખોઇ બેસે છે, તેથી મનુષ્યત્વ ખોઈ બેસે છે, અને શરીરનો સ્વામી રહેવાને બદલે શરીરનો ગુલામ બને છે.

—ગાંધીજી

❁ કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે ❁


અમેરિકાના સીદીઓનો ઉદ્ધારક બુકર ટી. વૉશિંગ્ટન ચૌદ વર્ષની ઉમરે અભ્યાસ કરવા હેમ્પટન ઇન્સ્ટિટ્યુટમાં દાખલ થવા ગયો, ત્યારે ત્યાંનાં ઉપરી મિસ મેકીએ તેને ખુબ ધુળવાળો અવાવરૂ ઓરડો સાફ કરવા કહ્યું. ત્રણ-ચાર વાર ઝાપટીને બુકરે તે બરાબર ચોખ્ખો કરી દીધો. મેરીએ સફેદ રૂમાલ કબાટ તથા છાજલીઓના ખુણામાં ખોસ્યો પણ એને રજ સરખી ચોંટી નહિ એટલે કહ્યું 'તું આ સંસ્થામાં ચાલી શકીશ.' આવી આકરી પરીક્ષાની તૈયારી વડે જ બુકરે જીવનમાં મહત્તા મેળવી.

જોડણીની સામાન્ય ભુલો

રમણિય	નહિ પણ	રમણીય
રમણીકલાલ	નહિ પણ	રમણિકલાલ
અગત્યતા	નહિ પણ	અગત્ય
વિદ્વતા	નહિ પણ	વિદ્વત્તા
ઉન્નત્તિ	નહિ પણ	ઉન્નતિ

દુધ ઉકાળ્યા પછી વાસણને સાફ કરવાની એક સાવ સહેલી રીત છે. દુધ કાઢી લઇને તરત જ—વરાળ પણ નીકળી જતાં પહેલાં વાસણને ઢાંકી દેવું, ને એ ઠરી જાય ત્યાં સુધી એમ ને એમ જ રહેવા દેવું. પછી ઠંડા પાણીથી ભરેલા મોટા ઠામમાં વાસણને ઝબોળી દેવું. એકદમ સાફ થઈ જશે.

મધમાખીના ડંખ ઉપર જો તરત જ ડુંગળી કાપીને ઘસી દેવામાં આવે તો બીલકુલ પીડા તો નથી થતી પણ સોજો યે ચડતો નથી.



ઢીલા પડી ગએલા સ્કુને બરોબાર બધબેસતો કરવા માટે નીચેની યુક્તિ વાપરવી. ત્રાંબા કે પિત્તળનો વાળો લઈ સ્કુના એકેએક આંટા ઉપર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વીંટાળી દેવો. આ રીતે સ્કુની જાડાઇ વધવાથી એ ઢીલો નહિ પડે.



કચ્છના ખેડોઇ ગામનો રહીશ આ કણબી આણદો આબો એના નામ પ્રમાણે ખરેખર આનંદી છે. એની ઉમર તમે શી ધારો છો? ૧૧૬ વરસના છે! છતાં કોસ ઉપર બેસે છે, પોતાનાં કપડાં જાતે ધુએ છે, અને ખાવાના શોખીન તો એવા છે કે પેટમાં ખજુર, ગોળ કે પેંડા તો હોય જ. એમને દાંત અને પેઢાં નવાં ફુટયાં છે અને કઠણ સોપારી દાંતે ભાંગી શકે છે. પગરસ્તે ઠેઠ અમદાવાદ પાસે પીરાણા સુધી આવી ગએલા. ઘરના કાંતણ અને વણાટનું કપડું આખો જન્મારો એમણે વાપર્યું છે. ઘરના સુખી છે અને વીસ પ્રપૌત્રો હયાત છે. ૧૦૦ વરસ સુધીની બધી હકીકતો હજી વિગતવાર ચોકસ નામઠામ સાથે આપી શકે છે એવી તો યાદદાસ્ત હજી કાયમ છે!

ચુંટેલાં ફુલને તાજાં રાખવા માટે એને જે પાણીમાં રાખવામાં આવે તેમાં જો સાબુની બેત્રણ નાની કટકીઓ ઓગાળી નાખી હોય તો ફુલ વધારે વખત તાજાં રહે છે.

કોતરણીવાળા ફર્નિચરમાં ભરાઇ રહેલી ધુળ કાઢવા માટે સાઇકલનો પંપ વાપરી જોજો.

કાર્તક (નવેમ્બર) શરદ ઋતુ: અંજીર ફળ ઉપર હોય છે, દાડમ, પીચ ને પોપૈયાં આ મોસમમાં બજારમાં આવે છે. બટેટાં તથા શિયાળુ શાકરિયાં રોપવાની મોસમ. મુળા, મોગરી, કાંદા, લસણ, ગરમર, મેથી, શીંગણી, કબેજ, કોલી ફલાવર, નોલકોલ, ટમાટાં વગેરે રોપવાની ઋતુ. ગુલાબના રોપ આ માસમાં રોપવા. જીરૂં, ચણા, રાઇ, સરસવ વગેરે પાકની મોસમ. બાકી રહેલું ઘાસ, ડાંગર, તથા શેરડીની લણણીની ઋતુ. મગ, મઠ, અડદ, શણ, બીડી વગેરે પાકવાની મોસમ. મઠિયો કપાસ અને વરિયાળીનો પાક આ ઋતુમાં ઉતરવા માંડે છે.



ઉપરની આકૃતિમાં લોઢાની પાટીના ૭ કટકાને ખીલીઓથી જોડી દઇને બનાવેલી જાળી બતાવી છે. કુમાર વીરો માટે આ બહુ ઉપયોગની વસ્તુ છે. કેમ્પ–ફાયરની આસપાસ થોડાક પથ્થર ગોઠવીને એના પર આ જાળી જોઇએ તેટલા નાનામોટા માપમાં મુકીને રાંધી શકાય. ઉપયોગ થઈ રહ્યા પછી એને સંકેલી લ્યો એટલે સહેલાઇથી ખિસ્સામાં માઇ રહે. એ બનાવવા માટે ૧૮ ઇંચ લાંબો, ૧ ઇંચ પહોળો ને ૩/૨ ઇંચ જાડો પાટીનો કટકો ચાલશે.

પહેલું સુખ તે જાતે નર્યા

તડકો આવતો હોય એવી જગ્યાએ અરીસો ન ટાંગવો. કેમકે એની પાછળની સિલ્વરવાળી (કલઇ કરેલી) બાજુ પર સખત પ્રકાશ પડવાથી તે આંખો ને ડાઘાડુઘીવાળો થઇ જાય છે.

વાસણમાંથી ડુંગળી કે કોબિજની ગંધ કાઢી નાખવા માટે તેમાં થોડો સુરકો નાખી ઘસીને ખુબ સાફ કરી નાખવું.